## જરૂરી નોંધ

આ કિતાબમાં કુર્આનની આયતો અને હદીષે પાક લખેલી હોવાથી બેદઅબીથી બચાવશો. તેમજ આ કિતાબને દ્યાનથી અને સમજીને વાંચશો તેમજ તમારા ઘરવાળાઓને વાંચી સંભળાવો અથવા વંચાવો. આજના દૌરમાં ઈમાન બચાવવા માટે આ કિતાબ ઘણી ઉપયોગી છે. તમે તેમજ ઘરવાળાંઓના વાંચ્યા પછી આજુબાજુના મુસલમાનોને તેમજ દોસ્તોને અને સગાંઓને વાંચવા આપશો તેમજ આ કિતાબ વિષે આપસમાં ચર્ચા કરો. બની શકે કે આ કિતાબ વાંચવાથી કોઈકનું ઈમાન બચી જાય તો ઈમાન બચાવવાનો તેમજ તે જે નેક કામ બાકી જિંદગીમાં કરે તો તેનો સવાબે જારીયા તમને જિંદગીભર મળતો રહે. જેથી તમારી આખિરત સુધરી જાય.

**કોઈ પણ વ્યક્તિ પોતાના મર્હૂમોના ઈસાલે સવાબ માટે આ કિતાબ અથવા અમારી અન્ય કિતાબ છપાવવા ઈચ્છતા હોય તો અમારો સંપર્ક કરે.**

પ્રકાશક



## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
| --- | --- |
| ★ દાવતે ઈન્સાફ (પ્રારંભિક વાત....) | 06 |
| ★ પ્રસ્તાવના | 10 |
| ★ અલ્લાહ તઆલાના ઈલ્મ વિશે સુન્ની માન્યતા | 14 |
| ★ અલ્લાહ તઆલાના ઈલ્મ વિશે દેવબંદી /જમાઅતીની માન્યતા | 14 |
| ★ નબીના અતાઈ ઈલ્મે ગયબ વિશે સુન્ની માન્યતા | 15 |
| ★ આપણા નબીની ઈલ્મી વિશેષતા વિશે સુન્ની માન્યતા | 16 |
| ★ હુઝૂર ﷺના ઈલ્મ વિશે દેવબંદી / જમાઅતીની માન્યતા | 18 |
| ★ નબી હાઝિર અને નાઝિર હોવા વિશે સુન્ની માન્યતા | 19 |
| ★ હાઝિર નાઝિર વિશે દેવબંદી / જમાઅતીની માન્યતા | 22 |
| ★ આપણા નબી સર્વ નબીઓથી પહેલા નબી સુન્ની માન્યતા | 23 |
| ★ હુઝૂર ૪૦ વર્ષ પછી નબી બન્યા દેવબંદી / જમાઅતીની માન્યતા | 25 |
| ★ કોઈ જાહિલે પણ આવી કલ્પના સુદ્ધાં નહીં કરી હોય! | 26 |
| ★ આપણા નબી નિઃશંક અંતિમ નબી છે ! સુન્ની માન્યતા | 27 |
| ★ અંતિમ નબી વિશે દેવબંદી / જમાઅતીની માન્યતા | 28 |
| ★ આપણા નબીને આપણી જેવા બશર કહેવું કેવું ? સુન્ની માન્યતા | 30 |
| ★ બશર છે પણ કહેવાની મનાઈ ! સુન્ની માન્યતા | 32 |
| ★ હુઝૂર મોટાભાઈ છે દેવબંદી / જમાઅતીની માન્યતા | 33 |
| ★ અલ્લાહની મખ્લૂકમાં આપ જેવું કોઈ જ નથી ! | 34 |
| ★ આપણા નબી અમલમાં સર્વથી આગળ છે સુન્ની માન્યતા | 35 |
| ★ ઉમ્મતી નબીથી અમલમાં વધી જાય ! દેવબંદી જમાઅતીની માન્યતા | 38 |
| ★ સલાતો સલામનું જાઈઝ હોવું અને ઉભા રહેવું સુન્ની માન્યતા | 39 |
| ★ સલાતો સલામ વિશે દેવબંદી / જમાઅતીની માન્યતા | 40 |

## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| ★ પૂર્વજોનો પુરાવો સુન્નીની તરફદારીમાં | 41 |
| ★ 'યા' (અય)ના શબ્દથી નબીને સંબોધન સુન્ની માન્યતા | 42 |
| ★ પૂર્વજોનો પુરાવો સુન્નીઓની તરફેણમાં | 44 |
| ★ 'યા' (અય) શબ્દ થી નબીને પુકારવા વિષે દેવબંદી / જમાઅતી ની માન્યતા | 46 |
| ★ નબી માસૂમ હોય છે સુન્ની માન્યતા | 47 |
| ★ નબી ગુનેહગાર હોવા વિશે દેવબંદી / જમાઅતીની માન્યતા | 48 |
| ★ અલ્લાહ તઆલા જૂઠથી પાક છે સુન્ની માન્યતા | 50 |
| ★ પૂર્વજોનો પુરાવો સુન્નીઓની તરફદારીમાં | 50 |
| ★ અલ્લાહ જૂઠ બોલી શકે, દેવબંદી / જમાઅતીની માન્યતા | 52 |
| ★ ફાતેહા ખ્વાની અને નઝરો નિયાઝ સુન્ની માન્યતા | 52 |
| ★ ફાતિહાનો તરીકો | 54 |
| ★ સિદ્દીકે અકબરે ફાતિહા ખ્વાની કરી | 54 |
| ★ ફાતેહા ખ્વાની વિશે દેવબંદી / જમાઅતીની માન્યતા | 56 |
| ★ બુઝુર્ગોની કબરોની ઝિયારત બરકતનો ઝરીયો છે સુન્નીઓની માન્યતા | 57 |
| ★ કબર પાસે ગુંબદ બનાવવું જાઈઝ છે, સુન્નીઓની માન્યતા | 58 |
| ★ પૂર્વજોનો પુરાવો સુન્નીઓની તરફદારીમાં | 60 |
| ★ બુઝુર્ગોની કબરો વિશે દેવબંદી / જમાઅતીની માન્યતા | 60 |
| ★ અલ્લાહ તઆલાને અલ્લાહમિયાં કહેવું કેવું ?! સુન્ની માન્યતા | 61 |
| ★ મલ્ફૂઝાતે આ'લા હઝરત | 62 |
| ★ વહાબી દેવબંદી જમાઅતી મુર્તદ ફિર્કાનું નામ છે | 62 |
| ★ અમે કટ્ટર વહાબી છીએ ! દેવબંદી જમાઅતીની માન્યતા | 68 |
| ★ જાહિલોનાં કામો સુન્નિયતને બદ્નામ કરે છે ! | 69 |




## અનુક્રમણિકા


| વિષય | પેજ નં. |
|---|---|
| ★ વહાબીઓના જુલ્મની દાસ્તાન ! | 70 |
| ★ વહાબીઓ દ્વારા તોડી પડાયેલ ઐતિહાસિક મસ્જિદો | 70 |
| ★ વહાબીઓ દ્વારા તોડી પાડેલા ખાનદાને નબુવ્વતની શાહઝાદીઓનાં મઝારાત | 71 |
| ★ વહાબીઓ દ્વારા તોડી પાડેલ ઉમ્મતની પાકદામન માં ઓનાં મઝાર શરીફ | 72 |
| ★ વહાબીઓ દ્વારા તોડી પાડેલ મશ્હૂર એહલે બૈતનાં મઝાર શરીફ | 72 |
| ★ વહાબીઓએ તોડી પાડેલ મશ્હૂર સહાબા અને તાબેઈનના મઝારો | 73 |
| ★ ઝખ્મોનું દર્દ | 73 |
| ★ બિદઅત અને તેના પ્રકારો | 76 |
| ★ બિદઅતના પ્રકારો અને તેના હુકમો | 77 |
| ★ બિદઅતના પ્રકારોની ઓળખ અને નિશાનીઓ | 79 |
| ★ શિર્ક શું છે ? | 84 |
| ★ કાફિરને કાફિર ન કહે તે કાફિર ! | 88 |
| ★ દફન બાદ કબ્ર પર અઝાન આપવી જાઈઝ છે. | 87 |
| ★ અઝાનના અવાજથી શૈતાન નાસે છે | 87 |
| ★ અઝાન ક્યારે ક્યારે આપી શકાય ?! | 90 |
| ★ દુનિયાના મશહૂર ફિર્કાઓ | 91 |
| ★ અહલે સુન્નત વલ જમાઅત નજાતનો રસ્તો છે. | 99 |
| ★ વહાબી દેવબંદીઓથી કુર્આન સાંભળવુ નાજાઈઝ છે ! | 100 |
| ★ નબીની ગુસ્તાખી કરનાર કાફિર છે ! | 101 |
| ★ જેની સાથે દોસ્તી રાખશો તેના જેવો જ અંજામ થશે ! | 102 |
| ★ **કુર્આન શરીફના ગલત તર્જુમાનો નિર્દેશ !** | 106 |
| ★ અહલે સુન્નતના મશહૂર ઈમામો તથા બુઝુર્ગો | 116 |
| ★ અંતિમ વિનંતિ | 118 |

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

# દાવતે ઈન્સાફ

## પ્રારંભિક વાત....................

દુનિયાના સહેજ નુકસાન પર ઉછળી પડતા આજના મુસલમાન, દુનિયાના નુકસાનથી બચવા તથા લાભ પામવા ૨૪ કલાક તન તોડતા મુસલમાન માટે આશ્ચર્ય છે કે **ક઼િયામતમાં માણસની નજાતનો તથા બખ્શિશનો આધાર દીન તથા ઈમાન પર છે, જો ઈમાન સત્ય પુરવાર થશે તો જ તેના અમલો પણ માન્ય થશે** અને તેને જન્નતમાં જવાનો પરવાનો મળશે, નહીં તો ઈમાન પુરવાર ન થવાની હાલતમાં તેનો કોઈ અમલ ગણત્રીમાં આવશે નહીં અને તેને યક઼ીનન ! જહન્નમમાં નાખવામાં આવશે. આ વાત પર દરેક મુસલમાનનું ઈમાન હોવું અનિવાર્ય છે. પણ ઈમાન જે આટલી અગત્યની ચીજ છે કે જે દીનનો પાયો છે, એના પર જ અમલની ઈમારત ટકી શકે છે, નહીં તો સર્વ ભસ્મીભૂત થઈ જશે, અને હમેશાં જહન્નમમાં સળગવું પડશે ! છતાં આપણા ભાઈ બહેનો આ બાબતે ખૂબ જ ગફલતમાં જીવી રહ્યાં છે. **ક્યાં તો ઈમાન કોને કહેવાય તે સમજવા જ નથી માંગતાં !** અને **ક્યાંક સમજે છે તો આંખ આડા કાન કરી જીવે જાય છે.** જાણે મુસલમાનના ઘરે જન્મ લીધો અને કલ્મો પઢતાં આવડી ગયું એટલે પત્યું, જન્નત જાણે તેમના માટે રજીસ્ટર્ડ થઈ ગઈ ! કોઈ જ પરીક્ષા હવે જાણે થશે જ નહીં, એવી જિંદગી જીવી રહ્યાં છે. પણ યાદ રાખશો ! આંખો બંધ કરી જેવી રીતે વાહન ચલાવવાથી ખાડામાં જવાય છે, તેમ ઈમાન વિશે કાળજી રાખ્યા વિના જીવવામાં આવે તો જહન્નમના ખાડામાં પડી શકાય છે. સમજો ! કેવળ કલ્મો, નમાઝ પઢી લેવાથી કામ ચાલશે નહીં !



હક્ક તથા નાહક્કની પેહચાન

એવું જો ન હોત તો હુઝૂર ﷺએ જુમ્આના દિવસે નમાઝથી પહેલાં એક પ્રસંગે મસ્જિદે નબવીથી મુનાફિકોને નામ લઈ લઈને બહાર કાઢી મૂક્યા હતા, તેમને શા માટે કાઢી મૂક્યા ? તેઓ કલમો પઢતા હતા, રસૂલની પાછળ નમાઝના પાબંદ હતા, રોઝા રાખતા તથા જેહાદમાં પણ શરીક થતા હતા. પણ છતાં અંદરથી (દિલથી) કાફિર હતા અને જાહેરમાં નમાઝી, ગાઝી હતા ! રસૂલની મહોબ્બતથી દિલો ખાલીખમ હતાં !

તો પછી ઈમાન કોને કહેવાશે ? ટૂંકમાં સમજો કે, "અલ્લાહને એક માનવાવાળા તો ઘણી જાતિઓમાં પડેલા છે પણ મુહમ્મદ ﷺને અલ્લાહના આખરી નબી તેઓ નથી માનતા, આ પ્રમાણે ની ગુમરાહીભરી અનેક માન્યતાઓ છે. જેથી તેઓ મુસલમાન નથી ! જ્યાં સુધી મુહમ્મદ ﷺને "અલ્લાહના રસૂલ" માનવામાં ન આવે માણસ મુસલમાન નથી. અને રસૂલે પાક ﷺની મહોબ્બત જ ઈમાનની કસૌટી છે.

હા ! રસૂલુલ્લાહ ﷺની જાહેરી હયાતમાં મુનાફિકો જાહેરમાં રસૂલે પાકને અલ્લાહના રસૂલ હોવાની ગવાહી આપતા હતા. પણ તેઓ નબીને પોતાના જેવા માણસ (બશર) કહેતા હતા, રસૂલ ગયબ શું જાણે ? એવું કહેતા હતા અને ઈલ્મે ગયબ વિશે મજાકો કરતા હતા, (જેવુ વહાબી દેવબંદીઓ કહે છે.) જેના માટે કુર્આન સાક્ષી છે. કુર્આને તેમને કાફિર ફર્માવ્યા છે. તો એ જ પ્રમાણે વર્તમાનકાળમાં પણ એવા ફિર્કા પ્રચલિત છે જેઓ એક તરફ કહે છે મુહમ્મદ ﷺઅલ્લાહના રસૂલ છે તો બીજી તરફ તેમને આજિઝ, લાચાર, બેઈખ્તિયાર બંદા માને છે, રસૂલની તા'ઝીમને શિર્ક ઠરાવે છે. જ્યારે કુર્આન–હદીષમાં હુઝૂરની તા'ઝીમ વિશે સખત તાકીદ છે. આપનો ઈલ્મે ગયબ, ઈખ્તિયારો વિશે

કુર્આન હદીષમાં દલીલો છે, જે આ કિતાબમાં પણ તમે વાંચશો. અંગ્રેજોના ઈશારે તથા સહકારથી જ્યારથી વર્તમાન સઊદી નજદી, વહાબી હુકૂમત જે સ્થપાઈ ત્યારથી દુનિયામાં હુઝૂર ﷺની ગુસ્તાખીનો ફિત્નો ફેલાયો જેણે કાંઈ કેટલાયને જહન્નમના માર્ગે દોડતા કરી આપ્યા. હાજી, નમાઝી, જાહેરમાં તક્વાના પયકર હશે પણ દિલમાં રસૂલે પાક ﷺની અઝમતને બદલે કીનો હશે ! તેમજ નબીના ગુસ્તાખ મોલ્વીઓને પોતાના પેશવા જાણતા હશે. તો આ બાબતે હિંદુસ્તાનની થોડીક ઐતિહાસિક સ્થિતિ પણ જાણી લો.

હઝરત મુજદ્દિદ અલ્ફેષાની સરહિંદી 'રદ્દે રવાફિઝ' કિતાબમાં લખે છે કે : "હિંદુસ્તાનમાં ઈસ્લામના આગમન પછી લગભગ પાંચસો (૫૦૦) વરસો સુધી અહલે સુન્નત વ જમાઅતની બોલબાલા રહી અને કોઈ ફિર્કાબંદી ન થઈ હતી. પરંતુ જ્યારે ખાકાને આઝમ અબ્દુલ્લાહખાં અઝબકે ખુરાસાન દેશ પર હુમ્લો કર્યો અને ત્યાં સત્તા કબજે કરી તો તેણે ખુરાસાનના કેટલાક શીઆઓને કત્લ કર્યા અને કેટલાકને તડીપાર કર્યા તો તેમાંથી કેટલાક શીઆ હિંદુસ્તાનમાં પ્રવેશી ગયા અને ઘણી ચાલાકીપૂર્વક સત્તાધારીઓ તથા હિંદના સુલ્તાનો સાથે જોડાઈ ગયા અને હિંદુસ્તાનની પ્રજાને પોતાના બાતિલ (ખોટા) અક્દાઓ વડે ગુમરાહ કરવા લાગ્યા. આ રીતે ખુરાસાનમાં તો એ ફિત્નો ઠંડો પડી ગયો પરંતુ હિંદુસ્તાનમાં આ કિયામતખેઝ ફિત્નો ખડો થઈ ગયો." *(હવાલો : રદ્દે રવાફિઝ, પેજ-૯, ૧૦)*

ત્યારબાદ હિંદુસ્તાનમાં સુન્ની અને શીઆ બે જ ફિર્કા હતા. ત્યાર પછીથી વરસો બાદ ઈ.સ. ૧૮૨૦ ની આસપાસ નજદી, વહાબી કૌમ પેદા થઈ જેના પેશવા મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબે (જન્મ : હિ.સ. ૧૧૧૫) તૌહીદની આડમાં નબી, વલીની તૌહીન





કરતી કિતાબ "કિતાબુત્તૌહીદ" લખી જેનો ઉર્દૂ અનુવાદ "તકવિયતુલ ઈમાન" નામથી ઈસ્માઈલ દહેલ્વીએ ઈ.સ.૧૮૨૦ ની આસપાસ ઈન્ડિયામાં ફેલાવ્યો અને વહાબિયત, દેવબંદિયતે હિંદુસ્તાનમાં જન્મ લીધો તથા મુસલમાનોમાં વિખવાદો ખડા કર્યા અને હિંદુસ્તાનભરમાં સુન્ની તથા વહાબી, દેવબંદીના ઝઘડા શરૂ થયા અને વહાબી, દેવબંદીમાંથી નવા નવા ફિર્કા અહલે હદીષ, જમાઅતે ઈસ્લામી, કાદિયાની, એહલે કુર્આન, નેચરી... વગેરે ઘણા ફિત્ના હિંદુસ્તાનમાં પેદા થયા જેમણે મુસલમાનોને ટુકડા ટુકડા કરી નાખ્યા. આશ્ચર્ય તો એ છે કે હવે એ જ લોકો "એક પ્લેટ ફોર્મ પર થઈ જાવ !"ના નારા મારી રહ્યા છે !

પ્રસ્તુત કિતાબમાં વહાબી **દેવબંદીઓના અક્દાઓ** અને સાથોસાથ કુર્આન, હદીષ તથા ઉલમાના કથનોથી સિદ્ધ થયેલ **સુન્ની અકીદાઓ** રજૂ કર્યા છે. **રસૂલના સહાબીઓ, તાબઈન, તબે તાબઈન તથા બુઝુર્ગોના અક્દા પ્રમાણે અક્દા કોના છે** તેને સમજી લો. કુર્આન-હદીષથી વિરુધ્ધ અક્દા ધરાવનાર મુસલમાન નથી, ભલે તે હાજી સાહબ, નમાઝી, રોઝાદાર કે તકવાનો પયકર બને. તો જો તમે તમારી તથા તમારી ઔલાદની આખેરતને સમારવા ચાહતા હોઉ તો ઈન્સાફની રૂએ નિષ્પક્ષપણે કિતાબનો અભ્યાસ કરો અને મઝહબે હક્કને પહેચાની તેના પર ચુસ્તપણે ચાલો એમાં જ સૌની ભલાઈ છે. **આ કિતાબ તમને ઈન્સાફની દા'વત આપે છે** કે નિષ્પક્ષપણે કિતાબનો અભ્યાસ કરો, અને સાચા અર્થમાં ઈમાન શું છે અને સાચા અર્થમાં મુસલમાન કોણ છે તે સમજી લો અને તેના પર અડગપણે જામી જાવ.

**-પટેલ શબ્બીર અલી રઝવી** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ફોન : ૦૨૬૪૨-૨૮૨૭૯૨

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّىْ عَلٰى سَيِّدِ الْاَنْبِيَآءِ وَالْمُرْسَلِيْنَ
وَعَلٰى آلِهٖ وَاَصْحَابِهٖ اَجْمَعِيْنَ

## પ્રસ્તાવના....

નબીએ અકરમ નૂરે મુજસ્સમ સરવરે દો આલમ આલિમે માકાન વમા યકૂન ﷺએ આપેલી ગયબની ખબર કે **નિકટમાં મારી ઉમ્મત તોતેર ફિર્કામાં વહેંચાય જશે, માત્ર એક છોડીને બધા જ આગમાં છે.**

سَتَفْتَرِقُ اُمَّتِىْ ثَلَاثًا وَّسَبْعِيْنَ فِرْقَةً كُلُّهُمْ فِى النَّارِ اِلَّا وَاحِدَةً
قَالُوْا مَنْ هُمْ يَا رَسُوْلَ اللّٰهِ قَالَ مَا اَنَا عَلَيْهِ وَ اَصْحَابِىْ

આ હદીષથી સ્પષ્ટ થયું કે આપણા નબીએ એક જમાઅત છોડીને સર્વ ફિર્કાને ખોટા સાબિત કર્યા, અને એટલું જ નહીં **આપે ૭૩ ફિર્કામાંથી ૭૨ ફિર્કા જહન્નમી હોવાની ગયબી ખબર પણ આપી દીધી.** એટલે સત્યનો સાથ લેવા માટે એ જમાઅતની શોધ અગત્યની છે કે જે હુઝૂરના બતાવ્યા પ્રમાણે જન્નતી છે.

સહાબાના સમયમાં મુસલમાનોમાં અહલે બયતની મહોબ્બતમાં હોવાના દાવા સાથે અતિશયોક્તિ કરીને એક ગૃપે કહ્યું કે કુર્આનના ૪૦ પારા હતા, દસ પારા ગુમ કરી દેવામાં આવ્યા છે જેમાં અહલે બયતની ફઝીલતનું બયાન હતું. આ દાવાથી તેમણે કુર્આનમાં શંકા ઉભી કરી અને **કુર્આનમાં શંકા**





**કરનાર કાફિર ઠરે છે,** ઉપરાંત તેમના ઘણા કુફ્રી અક઼ીદા છે. તો આ રીતે જે લોકો અલગ થયા એમને **શીઆ** કહેવામાં આવ્યા, જે **મુસલમાનોમાં અકીદાના વિવાદ પર છૂટો પડનાર પહેલો ફિર્કો** છે, એ સમયમાં સાચા મુસલમાનોની ઓળખ માટે **અહલે સુન્નત**નો શબ્દ ઉપયોગમાં લેવામાં આવ્યો. આ ૧૪૦૦ વર્ષથી સાચી જમાઅતનું ઓળખ પત્ર છે. જેથી સત્ય પંથે રહેવા **અહલે સુન્નત** સાથે જ રહો.

વર્તમાનકાળમાં નવા નવા ફિત્નાઓ અને ફિર્કાઓની ઉત્પત્તિ થવાથી અહલે સુન્નતના નામથી પણ સત્યની ઓળખ અપૂરતી થઈ ગઈ, કારણ કે શીઆને છોડીને સઘળા મુસલમાન પછી ગમે તેવી માન્યતા ધરાવતા હોય પોતાને અહલે સુન્નત કહે છે, એટલે જે દેશમાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બરેલ્વીને ઓળખવામાં આવે છે ત્યાંના સાચા અક઼ીદાના મુસલમાનોએ (અહલે સુન્નત વલ જમાઅતે) પોતાની ઓળખ માટે **'મસ્લકે આ'લા હઝરત'**નો શબ્દ પસંદ કરી એને જ ઓળખપત્ર બનાવ્યું. કેમ કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા બરેલ્વીએ એ સૌ બાતિલ ફિર્કાઓને કુર્આન હદીષની રૂએ ગલત સાબિત કર્યા જેથી તેમના નામથી નિસ્બત કરીને **"મસ્લકે આ'લા હઝરત"** કહેવાથી એ અર્થ નીકળે છે કે **"સાચા અહલે સુન્નત."**

ભારત, પાકિસ્તાન, બંગલાદેશ, અફઘાનિસ્તાન વગેરે દેશોમાં અક઼ીદાના વિવાદથી હાલના ૧૭૫ વરસના ટૂંકા ગાળામાં ઘણા ફિર્કા બન્યા એમાંના જાણીતા ફિર્કા : દેવબંદી, મૌદૂદી એટલે કહેવાતા જમાઅતે ઈસ્લામી, ક઼ાદયાની,

ગૈરમુકલ્લિદ એટલે કહેવાતા અહલે હદીષ, વહાબી, નેચરી અને શીઆ, એહલે કુર્આન વગેરે છે.

હિંદુસ્તાનમાં અન્ય **બાતિલ ફ઼િર્કા**ની કુલ વસ્તી ૫૦% છે જેમાં દેવબંદી જમાઅતી ફ઼િર્કાના લોકો અધિક જોવા મળે છે (આજે પણ દુનિયાના મુસલમાનોમાં ૫૦% વસ્તી અહલે સુન્નત વલ જમાઅતની છે જે દુનિયામાં સૌથી મોટી જમાઅત છે અન્ય બધા જ ફિરકાઓ મળીને ૫૦% વસ્તી છે. ભરૂચ જિલ્લામાં જ સુન્નત વલ જમાઅત ૬૦% છે. અન્ય બધા ફિરકાઓ મળીને ૪૦% છે. ભરૂચ સીટીમાં જ અહલે સુન્નત વલ જમાત ની ૮૨ મસ્જીદો આવેલી છે. દેવબંદી જમાઅતીઓ ની ૪૧, અહલે હદીષ ની ૧, અને દાઉદી વોરાની (લોટીયા) ની ૨, મસ્જીદો છે.)

અહલે સુન્નત વલ જમાઅતની દેવબંદી જમાઅતી સાથે ધાર્મિક બહસ થતી રહે છે. ક્યારેક આ ચર્ચા લડાઈનું રૂપ ધારણ કરી લે છે, દુશ્મની વધે છે પણ વાતનો અંત આવતો નથી.

મુસલમાનોને અપીલ કરવામાં આવે છે કે ઈસ્લામની બાબતે હઠ ન કરતાં કુર્આન અને હદીષની માન્યતા પર એકત્ર થઈ જાવ અને બાતિલ અક઼ીદા ફેલાવનાર અને મુસલમાનોમાં વિવાદ ઉભો કરનાર મોલ્વીઓથી દૂર હટી જાવ.

હું એક કિતાબ તમને આપી રહ્યો છું જેમાં અમુક વિવાદાસ્પદ વાતોમાં **કુ઼ર્આન અને હદીષના અરીસામાં સત્ય કોણ (હુઝૂર અને સહાબાના દીન પર કોણ)** તે સાબિત કરી બતાવું છું. સામાન્ય રીતે કોઈ પોતે પોતાને જૂઠો કહેતો નથી પણ **સાચો એ જેને અલ્લાહ અને રસૂલ સાચો કહે** અને **જૂઠો એ જેને અલ્લાહ અને રસૂલ જૂઠો કહે.**





## અલ્લાહ તઆલાના ઈલ્મ વિશે

### ★ સુન્ની અક઼ીદો ★

અલ્લાહ તઆલા વાજિબુલ વજૂદ છે હમેશાંથી છે અને હમેશાં રહેશે. એ જ પ્રમાણે એની સિફતો (ગુણો, ખૂબીઓ) પણ હમેશાંથી છે અને હમેશાં રહેશે. અલ્લાહની ઈલ્મની સિફત પણ હમેશાંથી છે અને હમેશાં રહેશે. અઝલથી લઈને અબદ સુધીની કોઈ વસ્તુ અલ્લાહના ઈલ્મથી બહાર નથી. જે અલ્લાહના ઈલ્મથી કોઈ વસ્તુને બહાર કહે અથવા કહે કે અલ્લાહને દરેક વસ્તુનું ઈલ્મ હમેશાંથી નથી એ ઈસ્લામથી બહાર છે.

### ★ પુરાવો કુ઼ર્આનથી ★

**وَمَا يَخْفىٰ عَلَى اللّٰهِ مِنْ شَيْءٍ فِى الْاَرْضِ وَلَا فِى السَّمَآءِ**

"અને અલ્લાહ પર ગુપ્ત નથી કોઈ પણ વસ્તુ જમીનમાંની અને ન આકાશમાંની." *(સૂરએ ઈબ્રાહીમ, સિપારો-૧૩, આયત-૩૮)*

**وَهُوَ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ** "અને અલ્લાહ દરેક વસ્તુ જાણે છે." *(સૂરએ બકરહ્, સિપારો-૧, આયત-૨૯)*

**وَاعْلَمُوْا اَنَّ اللّٰهَ بِكُلِّ شَيْءٍ عَلِيْمٌ** "અને જાણી લો બેશક ! અલ્લાહ દરેક વસ્તુ જાણે છે." *(સૂરએ બકરહ્, સિપારો-૨, આયત-૨૩૧)*

**اِنَّ اللّٰهَ عَالِمُ غَيْبِ السَّمٰوٰتِ وَالْاَرْضِ اِنَّهٗ عَلِيْمٌ بِذَاتِ الصُّدُوْرِ**

"બેશક ! અલ્લાહ આકાશો અને જમીનનો ગયબ જાણે છે બેશક ! એ દિલોની વાતો જાણે છે." *(સૂરએ ફ઼ાતિર, આયત-૩૮, સિપારો-૨૨)*

કુર્આનની આ પ્રમાણે અસંખ્ય આયતો છે જેનાથી એ સ્પષ્ટ થયું કે અલ્લાહ તઆલાનું ઈલ્મ અઝલી અને અબદી (હમેશાંથી હમેશાં માટે) છે, એના ઈલ્મથી કોઈ પણ વસ્તુ બહાર નથી. આ જ કુર્આનની તા'લીમ છે, આ જ અલ્લાહનું ફર્માન છે, અને આપણો અકીદો અને માન્યતા પણ આ જ છે. જેનાથી સ્પષ્ટ થયું આપણી માન્યતા સાચી છે.

## અલ્લાહ તઆલાના ઈલ્મ વિશે

**★ દેવબંદી/જમાઅતીની માન્યતા ★**

કુર્આનની સ્પષ્ટ તા'લીમ વિરુધ્ધ દેવબંદી જમાઅતની માન્યતા અમે તમારી સેવામાં રજૂ કરીએ છીએ, સમજી લીધા પછી તમારા પર અનિવાર્ય છે કે હક્કને માનો અને બાતિલને ઓળખી એનાથી દૂર રહો.

**દેવબંદી/જમાઅતી પેશ્વા ઈસ્માઈલ દહેલ્વી :-**

غیب کا دریافت کرنا اپنے اختیار میں ہو کہ جب چاہے کر لیجئے یہ اللہ تعالیٰ کی شان ہے کسی ولی نبی کو جن و فرشتے کو پیر و شہید کو امام و امام زادے کو بھوت و پری کو اللہ تعالیٰ نے یہ طاقت نہیں بخشی کہ جب وہ چاہیں غیب کی بات معلوم کر لیں

**"ગયબનું જાણી લેવું પોતાના અધિકારમાં હોય કે જ્યારે ઈચ્છે કરી લે આ અલ્લાહ તઆલાની શાન છે કોઈ વલી કે નબીને, જિન્ન ફરિશ્તાને, પીર શહીદને ઈમામ ઈમામના પુત્રને, ભૂત પરીને અલ્લાહ તઆલાએ આ શક્તિ નથી આપી કે જ્યારે એ ઈચ્છે ગયબની વાત જાણી લે."** *(તક્વિયતુલ ઈમાન, પેજ-૫૨)*





દેવબંદીઓ કહે છે કે, **જ્યારે ઈચ્છે જાણી લેવું અલ્લાહની શાન છે.** આમ દેવબંદીઓ સાબિત કરે છે કે અલ્લાહ પાસે દરેક વસ્તુનું ઈલ્મ નથી ! એને જાણવું હોય તો એ જાણી શકે છે. જે મુજબ અલ્લાહના ઈલ્મે અઝલી અને અબદીનો ઈન્કાર જાહેર થાય છે. આમ કુર્આનની અસંખ્ય આયતોની ખિલાફ (વિરૂધ્ધ) નવો અને ખોટો અકીદો દેવબંદીઓ સાબિત કરે છે.

## નબીના અતાઈ ઈલ્મે ગયબ વિશે

**★ સુન્ની માન્યતા ★**

અલ્લાહ દરેક વસ્તુ જાણે છે એના ઈલ્મથી કોઈ વસ્તુ છુપી અને ગુપ્ત (બહાર) નથી. અલ્લાહનું ઈલ્મ જાતી એટલે એની આપ છે, હમેશાંથી છે અને હમેશાં રહેશે. નબીઓ અલ્લાહની મખ્લૂકમાં અલ્લાહના ઈલ્મ આપવાથી જાણનાર છે. અલ્લાહ તરફથી એમને ગયબનું અમુક ઈલ્મ આપવામાં આવ્યું છે જે અલ્લાહની અતાથી છે, એટલે એને **અતાઈ ઈલ્મે ગયબ** કહેવામાં આવે છે. આ સુન્ની માન્યતા છે.

**★ પુરાવો કુર્આનથી ★**

**مَا كَانَ اللّٰهُ لِيُطۡلِعَكُمۡ عَلَى الۡغَيۡبِ وَلٰكِنَّ اللّٰهَ يَجۡتَبِىۡ مِنۡ رُّسُلِهٖ مَنۡ يَّشَآءُ**

"અને અલ્લાહની શાન એ નથી કે તમને ગયબનું ઈલ્મ આપી દે, હા ! **અલ્લાહ ચૂંટી લે છે પોતાના રસૂલોમાંથી જેને ઈચ્છે."** *(સૂરએ આલે ઈમરાન, સિપારો-૪, આયત-૧૭૮)*

**عَالِمُ الۡغَيۡبِ فَلَا يُظۡهِرُ عَلٰى غَيۡبِهٖۤ اَحَدًا اِلَّا مَنِ ارۡتَضٰى مِنۡ رَّسُوۡلٍ**

"ગયબનો જાણનાર પોતાના ગયબ પર કોઈને કબ્જો આપી દેતો નથી **પોતાના પસંદ કરેલ રસૂલ સિવાય."** *(સૂરતુલ*

જિન્ન, સિપારો–૨૯, આયત–૨૬)

આ પ્રમાણેની કુર્આનમાં અનેક આયતો છે જેનાથી જાહેર છે કે અલ્લાહ તઆલાએ નબીઓ અને રસૂલોને ગયબનું અમુક ઈલ્મ આપેલું છે.

**★ હદીષથી પુરાવા ★**

હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે કે એકવાર હુઝૂર અમારા લોકોના મજમામાં ઉભા થયા તો હુઝૂરે મખ્લૂકની પેદાઈશની શરૂઆતથી જન્નતીઓના જન્નતમાં અને દોઝખીઓના દોઝખમાં દાખલ થવા સુધીની સર્વ હાલતોની અમને ખબર આપી દીધી. (હુઝૂર ﷺથી સાંભળનારાઓમાં) જેણે એ બયાનને યાદ રાખ્યું તેણે યાદ રાખ્યું અને જે ભૂલી ગયો તે ભૂલી ગયો. *(બુખારી, ભાગ–૧, પેજ–૪૫૩, મિશ્કાત, પેજ–૫૧૬)*

## આપણા નબીની ઈલ્મી વિશેષતા વિશે

**★ સુન્ની માન્યતા ★**

આપણા નબી અલ્લાહની મખ્લૂકમાં સર્વથી અધિક ઈલ્મ ધરાવે છે એના પર ઉમ્મતની એકમતિ છે.

કુર્આન ફર્માવે છે :–

وَعَلَّمَكَ مَالَمْ تَكُنْ تَعْلَمُ وَكَانَ فَضْلُ اللّٰهِ عَلَيْكَ عَظِيْمًا

"અને શિખવ્યું તમને જે કાંઈ તમે ન જાણતા હતા અને અલ્લાહનો તમારા પર મોટો ફઝ્લ છે." *(સૂરએ નિસાઅ, સિપારો–૫, આયત–૧૧૩)*





**★ હદીષથી પુરાવા ★**

مَنْ اَحَبَّ اَنْ يَسْئَلَ عَنْ شَيْءٍ فَلْيَسْئَلْ عَنْهُ فَوَاللّٰهِ لَاتَسْئَلُوْنِىْ عَنْ شَيْءٍ اِلَّا اَخْبَرْتُكُمْ بِهٖ مَا دُمْتُ فِىْ مَقَامِىْ هٰذَا

"જેને જે કાંઈ પૂછવું હોય તે પૂછી લે ! કસમ ખુદાની તમે મને જે કાંઈ પૂછશો હું તમને જયાં સુધી હું મારી આ જગામાં છું બતાવીશ." *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૭૭, કિતાબુ મવાકિતિસ્સલાહ)*

આ હદીષથી જાણવા મળ્યું કે આપણા નબીને કિયામત સુધીની દરેક વસ્તુનું જ્ઞાન આપવામાં આવ્યું છે અને આપે ચેલેંજ ફર્માવ્યું કે **"જેની મરજીમાં આવે એ પૂછી લે."** ગયબના ઈલ્મ વગર આ દાવો થઈ શક્તો નથી. નબી મા'સૂમ હોય છે જૂઠથી પાક છે એટલે એમના મુખેથી ખોટો દાવો થઈ શક્તો નથી.

قَالَ فِيْمَ يَخْتَصِمُ الْمَلَاُ الْاَعْلٰى قُلْتُ لَا اَدْرِىْ قَالَهَا ثَلَاثًا قَالَ فَرَاَيْتُهٗ وَضَعَ كَفَّهٗ بَيْنَ كَتِفَىَّ حَتّٰى وَجَدْتُ بَرْدَهَا بَيْنَ ثَدَىَّ فَتَجَلّٰى لِىْ كُلُّ شَيْءٍ وَ عَرَفْتُ

**હદીષ શરીફમાં :** "ફર્માવ્યું, આકાશના ફરિશ્તાઓ શી ચર્ચા કરી રહ્યા છે ? મેં વિનંતિ કરી મને ખબર નથી. અલ્લાહ તઆલાએ ત્રણ વખત આ ફર્માવ્યું, આપે ફર્માવ્યું, મેં જોયું એણે પોતાની કુદરતની હથેળી મારા બે ખભાની વચમાં રાખી એની ઠંડક મને મારી છાતીમાં મેહસૂસ થઈ તો દરેક વસ્તુ મારા માટે પ્રકાશિત થઈ ગઈ અને મેં ઓળખી લીધી." *(મુસ્નદે ઈમામ અહમદ, ભાગ–૧, પેજ–૩૬૮, ખાઝિન, ભાગ–૬, પેજ નં. ૫૬, દુર્રે મન્સૂર,*

*ભાગ–૫,પેજ–૩૧૯)*

આ પ્રમાણેની સેંકડો હદીષો છે, નમૂના પૂરતી બેનો ઉલ્લેખ કર્યો. સ્પષ્ટ થયું આપણા નબીનું ઈલ્મે ગયબ ઘણુ વિશાળ છે, પ્રથમ દિવસથી ક઼િયામત સુધીની દરેક વસ્તુની આપને ખબર છે. (વધુ જાણકારી માટે **તોહફાએ નજાત, ભાગ–૧૩,** પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા, તા. જિ. ભરૂચને વાંચો)

## હુઝૂર ﷺના ઈલ્મ વિશે

### ★ દેવબંદી જમાઅતની માન્યતા ★

اور یہ عقیدہ رکھنا کہ آپ یعنی حضور ﷺ کو علم غیب تھا صریح شرک ہے

"અને એ અક઼ીદો રાખવો કે આપ એટલે હુઝૂર ﷺને ગયબનું ઈલ્મ હતું એ સ્પષ્ટ **શિર્ક** છે." *(ફ઼તાવા રશીદિયા, ભાગ–૨, પેજ–૧૪૧)*

پھر خواہ یوں سمجھے کہ یہ بات ان کو اپنی ذات سے ہے خواہ اللہ کے دئے سے غرض اس عقیدے سے ہر طرح شرک ثابت ہوگا

**"પછી ભલે એવું સમજે કે આ વાત એમને પોતાની જાતથી છે કે પછી અલ્લાહના આપવાથી, મતલબ કે આ અક઼ીદાથી દરેક રીતે શિર્ક સાબિત થશે."** *(તક઼વિયતુલ ઈમાન, પેજ–૧૦)*

"આપની (નબી ﷺની) મુક઼દસ જાત પર ઈલ્મે ગયબનો હુકમ કરવો ઝૈદની વાત પ્રમાણે સત્ય હોય તો પૂછવાનું એ કે આ ગયબનો મતલબ અમુક ગયબ છે અથવા સઘળો ગયબ, જો ગયબના અમુક ઈલ્મો મતલબ છે તો એમાં **હુઝૂરની જ શું વિશેષતા ! એવું ઈલ્મે ગયબ તો ઝૈદ, અમર બલ્કે દરેક બાળક અને પાગલ, બલ્કે સઘળા પશુ પ્રાણીઓને પણ**





**પ્રાપ્ત છે."** *(હિફ઼ઝુલ ઈમાન, પેજ–૮, થાન્વીજી–દેવબંદી)*

(આપણા નબીના ઈલ્મે ગયબને જાનવરો અને પાગલો સાથે સરખામણી આપી નબીનું અપમાન કર્યુ.)

### ★ હવે ફૈંસલો વાંચકો કરે ! ★

કુર્આન કહે છે, અલ્લાહ તઆલાએ નબીને ગયબનું ઈલ્મ આપ્યું, રસૂલે પાક ﷺ પોતે ફર્માવે કે મારી પાસે વિશાળ ગયબનું ઈલ્મ છે. અલ્લાહ તઆલાએ મારા માટે દરેક વસ્તુ પ્રકાશિત ફર્માવી આપી. અને અમે સુન્ની બરેલ્વી પણ એ જ માનીએ છીએ જે અલ્લાહ અને એના રસૂલનું ફર્માન છે. પણ દેવબંદી જમાઅતીઓ કુર્આન અને હદીષનો સંપૂર્ણ ઈન્કાર કરી નબીના અતાઈ ગયબને પણ શિર્ક કહે છે !

**નોંધ** : નબીના ગયબ સંબંધિત વધુ વિગત માટે **તોહફાએ નજાત, ભાગ–૧૩**માં જુઓ. પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા, તા. જિ. ભરૂચ

## નબી હાઝિર અને નાઝિર હોવા વિશે

### ★ સુન્ની માન્યતા ★

આપણા નબી ﷺને અલ્લાહ તઆલાએ એ શક્તિ આપી છે કે આપ એક જગાએ રહી પૂરી દુનિયાને જોઈ રહ્યા છે, દૂર નજીક બધું જ આપ માટે સંકોચી આપવામાં આવ્યું છે, આપ દરેક જગાએ પોતાની અસર પહોંચાડી શકે છે. આપ બદન સાથે પણ આવી શકે, મિષાલી બદનમાં પણ આવી શકે, માત્ર રૂહ સાથે પણ હાજરી આપી શકે, લાખો જગાએ એક સમયમાં હાજર થઈ શકે, એટલે અમે માનીએ છીએ કે અલ્લાહ

તઆલાએ આપણા નબીને હાઝિર અને નાઝિર બનાવ્યા છે. આમ રસૂલુલ્લાહ ﷺની આ સિફત (ખૂબી, ગુણ) અલ્લાહ તરફથી મળેલ છે.

**★ કુર્આનનો પુરાવો ★**

**یَا اَیُّهَا النَّبِیُّ اِنَّا اَرۡسَلۡنٰكَ شَاهِدًا وَّ مُبَشِّرًا وَّ نَذِیۡرًا**

"અય નબી ! બેશક ! અમે તમને (સમગ્ર કાયનાત માટે) ગવાહ બનાવીને મોકલ્યા." *(સૂરએ અહઝાબ, સિપારો–૨૨, આયત–૪૫)*

આપની ગવાહી કયાં સુધીની છે એને કુર્આન જાહેર ફર્માવે છે :

**فَکَیۡفَ اِذَا جِئۡنَا مِنۡ کُلِّ اُمَّةٍۭ بِشَهِیۡدٍ وَّ جِئۡنَا بِكَ عَلٰی هٰۤؤُلَآءِ شَهِیۡدًا**

"જ્યારે અમે દરેક ઉમ્મતમાંથી એક ગવાહ લાવીશું અને તમને આ બધા પર ગવાહ બનાવીને લાવીશું એ દશ્ય કેવું હશે." *(સૂરએ નિસાઅ, સિપારો–૫, આયત–૪૧)*

જેણે બનાવને જોયો ન હોય, બનાવ પર હાજર ન હોય, એ ગવાહ ન થઈ શકે, વાસ્તવિક ગવાહી માટે બનાવ પર હાજર હોવું અને એને જોવું અનિવાર્ય છે. સ્પષ્ટ થયું કે કુર્આને નબીની ગવાહીની વિશાળતા બતાવી આપના હાઝિરો નાઝિર હોવાને સ્પષ્ટ કર્યું.

સૂરએ અહઝાબ'ની આયત –૬માં છે :–

**''અન્નબિય્યુ ઔલા બિલ મુઅમિનીન મિન અન્ફોસિહિમ''**
(અર્થ : મારો મહબૂબ ! મોમિનોના જાનથી પણ વધારે નિકટ છે.)

**''વ કયફ તક ફુરૂન–ન વ અન્તુમ તુલ્લા અલયકુમ આયા તુલ્લાહિ વ ફિકુમ રસૂલુહ.''** (અર્થ : તમે કેવી રીતે કુફ્ર કરી શકો છો ? કારણ કે અલ્લાહની આયતો અને ઈલાહી આદેશો તમને પઢીને સંભળાવવામાં આવે અને તમારામાં અલ્લાહના રસૂલ મૌજૂદ છે.)





**★ હદીષનો પુરાવો ★**

**اِنَّ اللّٰهَ رَفَعَ لِیَ الدُّنۡیَا فَاَنَا اَنۡظُرُ اِلَیۡهَا وَاِلٰی مَا هُوَ کَائِنٌ فِیۡهَا اِلٰی یَوۡمِ الۡقِیَامَةِ کَاَنَّمَا اَنۡظُرُ اِلٰی کَفِّیۡ هٰذِهٖ**

"બેશક ! અલ્લાહ તઆલાએ દુનિયા મારી સમક્ષ કરી આપી તો હું એને ક્યામત સુધી જે કંઈ એમાં થશે એને **આ મારી હથેળી માફક જોઈ રહ્યો છું."** *(મવાહિબુલ્લદુનિયા, ભાગ–૩, પેજ–૫૫૯)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફરમાવ્યું કે, નબીએ કરીમ ﷺફરમાવ્યું કે, કોઈ મોમિન એવો નથી કે હું તેની નિકટ ન હોઉં. આ દુનિયામાં પણ અને આખેરતમાં પણ. સુબ્હાનલ્લાહ !

હઝરત અમ્ર બિન દીનાર رضی اللہ عنہ જલીલુલ કદ્ર તાબઈ છે. તે મોહદ્દિષોના ઈમામ છે. હઝરત ઈબ્ને અબ્બાસ, હઝરત ઉમરના દિકરા અને હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે, જ્યારે તમારા ઘરમાં કોઈ ન હોય, ત્યારે એવું બોલો કે :–

**''અસ્સલામુ અલન્નબી વ રહમતુલ્લાહિ વ બરકાતુહ''**
*(જાઅલ હકક : પેજ–૧૪૧, બહવાલા શિફા વ શરહે શિફા)*

હઝરત મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ ઉપરોકત ઈબાદતના વિવરણમાં ફર્માવે છે કે, તેવું બોલવાનું એટલા માટે છે કે, નબીએ કરીમ ﷺ ની રૂહે અન્વર મુસલમાનોના ઘરોમાં મૌજૂદ હોય છે. સુબ્હાનલ્લાહ ! સુબ્હાનલ્લાહ !

હઝરત બરાઅ બિન આઝિબ رضی اللہ عنہ ફર્માવે છે કે, જ્યારે નબીએ કરીમ ﷺ ગદીરે ખુમ નામના સ્થળે ઉતર્યા ત્યારે આપ સરકારે હઝરત અલી رضی اللہ عنہ નો હાથ પકડીને ફર્માવ્યું

કે, શું તમે જાણો છો, હું મોમિનોના પ્રાણથી પણ (તેમની) વધારે નિકટ છું ? ત્યારે સહાબાએ કિરામે અરજ કરી કે, 'હા.' (ફરીથી) આપે ﷺ ફરમાવ્યું કે, શું તમે જાણો છો કે, હું તમામે તમામ ('બિ કુલ્લી' શબ્દ છે.) મોમિનોના પ્રાણથી પણ વધારે નિકટ છું ! *(મિશ્કાત શરીફ, પેજ ૫૬૫)*

''બેશક ! અલ્લાહ તઆલાએ મારા માટે જમીન સંકોચી નાખી તો મેં એને દરેક દિશાએથી જોઈ લીધી.'' *(મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૩૯૦, ફિતન)*

ઉપરોક્ત હદીષોથી સ્પષ્ટ થાય છે કે આપણા નબી ﷺ માટે દુનિયા હથેળી માફક સંકોચી દેવામાં આવી, બધું આપ સમક્ષ છે અને આપ સર્વ સમક્ષ છે. આપ દરેક પાસે હાજર થયા, અને ફર્માવ્યું કે હું કિયામત સુધીનું બધું જોઈ પણ રહ્યો છું જેથી આપ નાઝિર થયા, એટલે અમે કહીએ છીએ અમારા નબી ﷺ હાઝિર અને નાઝિર છે. અમે એ જ માન્યું જે કુર્આન અને હદીષે અમને બતાવ્યું. હાઝિર નાઝિર એ અલ્લાહની જાતી સિફત છે જ્યારે રસૂલુલ્લાહ ﷺની અલ્લાહ તરફથી મળેલી તાકત છે.

## હાઝિર નાઝિર વિષે

### ★ દેવબંદી/જમાઅતીની માન્યતા ★

کسی کو دور سے پکارنا اور یہ سمجھنا کہ اس کو خبر ہو گئی کفر و شرک ہے

**''કોઈને દૂરથી બોલાવવો અને એ સમજવું કે એને ખબર થઈ ગઈ, કુફ્ર અને શિર્ક છે.''** *(બહિશ્તી ઝેવર, ભાગ–૧, પેજ–૩૭, મોલ્વી અશરફ અલી થાન્વી)*

جب انبیاء علیہم السلام کو بھی علم غیب نہیں ہوتا تو یا رسول اللہ کہنا بھی ناجائز ہوگا





**''જ્યારે અંબિયા علیہ السلام ને પણ ગયબનું ઈલ્મ નથી હોતું તો યા રસૂલલ્લાહ કહેવું પણ નાજાઈઝ ઠરશે.''** *(ફતાવા રશીદિયહ્, પેજ–૩, મોલ્વી રશીદ અહમદ ગંગોહી)*

میری قدرت کا حال تو یہ ہے کہ اپنے جان تک کے بھی نفع و نقصان کا مالک نہیں تو دوسرے کا کیا کر سکوں

**''મારી (નબી ﷺની) શક્તિની હાલત તો એ છે કે પોતાની જાન સુદ્ધાંના પણ નફા નુકસાનનો માલિક નથી, તો બીજાનું શું કરી શકું !''** *(તક્વિયતુલ ઈમાન, પેજ–૫૮)*

الحمد للہ ثم الحمد للہ دیوبندی علماء کرام اپنے قول کے پکے اور اپنے وعدۂ تقلید پر سچے ثابت ہو رہے ہیں کہ جو ان حضرات کا عقیدہ جناب رسول اللہ ﷺ کے متعلق تھا ہم اسی پر قائم ہیں کہ حضرات انبیاء علیہم السلام نہ تو ہر جگہ حاضر اور ناظر ہوتے ہیں اور نہ جمیع ما کان و ما یکون کے عالم ہوتے ہیں

''અલ્હમ્દુલિલ્લાહ ! ષુમ્મ અલ્હમ્દુલિલ્લાહ ! દેવબંદી ઉલમાએ કિરામ પોતાની વાતના પાકા અને પોતાની તકલીદના વાયદામાં સાચા પુરવાર થઈ રહ્યા છે કે જે એ હઝરાતનો અકીદો જનાબ રસૂલુલ્લાહ ﷺ સંબંધિત હતો અમે એના પર ઉભા છીએ કે **હઝરાત અંબિયા عَلَيْهِمُ السَّلَامُ ન તો દરેક જગાએ હાઝિર અને નાઝિર હોય છે અને ન જે કંઈ થયું અને જે કાંઈ થશે એ સઘળાના જાણનાર હોય છે.''** *(તબરીદુન્નવાઝિર, પેજ–૭, મૌલ્વી સરફરાઝ દેવબંદી)* **નોંધ** : આ માન્યતા પર ભરપૂર ચર્ચા કિતાબ **તોહફાએ નજાત, ભાગ–૧૪**માં વાંચો. પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા, દયાદરા

## આપણા નબી સર્વ નબીઓથી પહેલા નબી

### ★ સુન્ની માન્યતા ★

આપણા નબી અલ્લાહ તઆલાની પ્રથમ મખ્લૂક છે અને

અલ્લાહના નબીઓમાં પ્રથમ અને અધિક પ્રિય આપ જ છે, ભલે અંતિમ નબી બનીને આવ્યા. દુનિયામાં આવ્યા પછી આપે **૪૦ વર્ષે નબુવ્વત જાહેર કરી અને દા'વતનું કામ આરંભ્યુ.**

**★ પુરાવો કુર્આનથી ★**

**وَاِذْ اَخَذَ اللّٰهُ مِيْثَاقَ النَّبِيّٖنَ لَمَآ اٰتَيْتُكُمْ مِّنْ كِتَابٍ وَّ حِكْمَةٍ ثُمَّ جَآءَكُمْ رَسُوْلٌ مُّصَدِّقٌ لِّمَا مَعَكُمْ لَتُؤْمِنُنَّ بِهٖ وَ لَتَنْصُرُنَّهٗ**

"અને મહબૂબ ! યાદ કરો જ્યારે અલ્લાહ તઆલાએ નબીઓથી મજબૂત વચન લીધું કે જે મેં તમને કિતાબ અને હિકમત આપી પછી જ્યારે તમારી પાસે આવે એ રસૂલ તમારી પાસે જે છે એને કબૂલતા તો તમે જરૂર એમના પર ઈમાન લાવશો અને એમની મદદ કરશો." *(સૂરએ આલે ઈમરાન, સિપારો–૩, આયત–૮૧)*

આપણા નબી, નબી અને રસૂલ છે એનું એલાન આલમે અરવાહ (દુનિયાના અસ્તિત્વ પહેલાં રૂહોની દુનિયા)માં જ થઈ ગયું અને આપની નબુવ્વત રિસાલત પર વાયદો ત્યાં જ થઈ ગયો હતો. જેથી સ્પષ્ટ થયું કે આપ સર્વ નબીથી પહેલા નબી છે.

**مُبَشِّرًا بِرَسُوْلٍ يَّاْتِيْ مِنْ بَعْدِي اسْمُهٗ اَحْمَدُ** "હું બશારત આપી રહ્યો છું એ રસૂલની જે મારી પછી આવશે જેમનું નામ અહમદ છે." *(સૂરએ સફ, સિપારો–૨૮, આયત–૬)*

**ફાયદો** : હઝરત ઈસા عليه السلام એ પોતાની ઉમ્મતને આપણા નબીના આગમનની ખબર આપી હતી અને રસૂલ કહીને જ ખબર આપી. એ દલીલ છે એ વાતની કે આપ પહેલાંથી જ નબી અને રસૂલ છે.





**★ પુરાવો હદીષ ★**

**عَنْ اَبِيْ هُرَيْرَةَ قَالَ قَالُوْا يَا رَسُوْلَ اللّٰهِ مَتٰى وَجَبَتْ لَكَ النُّبُوَّةُ قَالَ وَاٰدَمُ بَيْنَ الرُّوْحِ وَالْجَسَدِ رَوَاهُ التِّرْمِذِيْ**

"અબૂ હુરૈરહથી રિવાયત છે : એમણે કહ્યું કે સહાબાએ વિનંતિ કરી, અય અલ્લાહના રસૂલ ! આપ માટે નબુવ્વત ક્યારથી સાબિત થઈ ? ફર્માવ્યું, અને આદમ રૂહ અને બદનની વચમાં હતા." *(મિશ્કાત ફઝાઈલે સૈયિદિલ મુરસલીન, ફસલ–૨, હદીષ નં. ૫૫૧૦, તિર્મિઝી, ભાગ–૨, પેજ–૨૦૨)*

**عَنْ عِرْبَاضِ بْنِ سَارِيَةَ عَنْ رَسُوْلِ اللّٰهِ ﷺ اَنَّهٗ قَالَ عِنْدَ اللّٰهِ مَكْتُوْبٌ خَاتَمُ النَّبِيّٖنَ وَاِنَّ اٰدَمَ لَمُنْجَدِلٌ فِيْ طِيْنَتِهٖ**

"ઈર્બાઝ બિન સારિયાથી રિવાયત છે : તેઓ રસૂલુલ્લાહ ﷺથી રિવાયત કરે છે. આપે ફર્માવ્યું, અલ્લાહ તઆલાના ત્યાં હું એ વખતે અંતિમ નબી લખી દેવામાં આવ્યો હતો જ્યારે આદમ عليه السلام પોતાની માટીમાં પડેલા હતા." *(શરહુસ્સુન્નહ, ઈમામ અહમદે મુસ્નદમાં અબૂ ઉમામાની રિવાયતથી, મિશ્કાત ફઝાઈલે સૈયિદુલ મુરસલીન, ફસલ–૨, હદીષ–૫૫૧૧)*

સ્પષ્ટ થયું કે આપણા નબી ﷺ હઝરત આદમ عليه السلامના અસ્તિત્વમાં આવતાં પહેલાં જ નબી હતા પણ આપને અંતિમ નબી બનાવીને મોકલવાનું નિયુક્ત કરી દેવામાં આવ્યું હતું.

## હુઝૂર ૪૦ વર્ષ પછી નબી બન્યા !

**★ દેવબંદી/જમાઅતીની માન્યતા ★**

દેવબંદીઓની માન્યતા છે કે **હુઝૂર** ﷺ **ચાલીસ વરસ**

**પછી નબી બન્યા હતા.**

જેમ કે દેવબંદીઓ જેમને હુજ્જતુલ ઈસ્લામ, ઈમામે અહલે સુન્નતના ટાઈટલથી નવાઝે છે તે મોલ્વી અબ્દુશ્શકૂર કાકોરવી (તંત્રી : ''અંજુમ''' મેગેઝિન–લખનૌ)એ وَوَجَدَكَ ضَالًّا فَهَدٰى આયતની તફસીર તથા ખુલાસામાં એટલે સુધી લખ્યું છે કે :–

''અલ્લાહ સાથે **ઈમાનની હકીકત પણ આપ (હુઝૂર) જાણતા ન હતા.....** જ્યારે આપ (આપણા નબી) **એ પણ ન જાણતા હતા કે અલ્લાહની કિતાબ શું ચીજ છે** અને **ઈમાન શું ચીજ છે** તો અખ્લાકી ખૂબીઓથી આપ કઈ રીતે જાણકાર થઈ શકે છે !..... ક્યારેક કાંઈક એવા શબ્દો આપની જીભથી નીકળ્યા નથી જેનાથી એ જાણ થાય કે આપ (આપણા નબી) પોતાના માટે એ (નબુવ્વતના) મહાન મર્તબાની ઉમ્મીદ રાખે છે, જે **૪૦ વરસ પછી આપને આપવામાં આવ્યો.''** *(હવાલો : કિતાબ મુખ્તસર સીરતે નબવિય્યહ, અઝ : મોલ્વી અબ્દુશ્શકૂર કાકોરવી દેવબંદી, પેજ–૨૨, બહવાલા ખયરે બશરકી નૂરી બશરિયત, પોરબંદર, પેજ–૧૨૯)* **આ છે દેવબંદીઓનું ઈમાન ! અને આ છે દેવબંદી ધરમ !**

એટલું જ નહીં પણ ગુજરાતના એક અતિ ઉત્સાહી દેવબંદી અઠવાડિકના તંત્રીએ તો હુઝૂર ﷺને મઆઝલ્લાહ ! નવ મુસ્લિમ સુદ્ધાં લખી નાખ્યા હતા. એનો તમાશો પણ જોઈ લો :

**★ કોઈ જાહિલે પણ આવી કલ્પના સુદ્ધાં નહીં કરી હોય ! ★**

આ છે દેવબંદી અઠવાડિક ''ઉમ્મીદ'' સૂરતના જે તે સમયના તંત્રી ઈબ્રાહીમ પટેલ જેમણે **હુઝૂરે અકરમ ﷺને ''નવ**





**મુસ્લિમ'' ગણાવ્યા છે.** આ છાપામાં લખ્યું છે કે, ''ઈસ્લામના પ્રથમ પ્રચારક **હુઝૂર મુહમ્મદ (ﷺ) પણ જન્મથી મુસ્લિમ ન હોવાને કારણે, બલ્કે ચાલીસ વર્ષ પછી ઈસ્લામના વર્તુળમાં દાખલ થયા હોવાથી નવ મુસ્લિમોમાંના એક છે.''** *(''ઉમ્મીદ'' અઠવાડિક, તા. ૩૦–૮–૭૪, તંત્રી : ઈબ્રાહીમ પટેલ, પ્રકાશક : ગુજરાત પબ્લિકેશન સોસાયટી–સૂરત, બહવાલા ઝેહરીલી બકવાસ, લેખક : હાજી ઉસ્માન ખત્રી, તંત્રી : તયબાહ–અમદાવાદ)*

**વિચારો !** રસૂલે પાક ﷺની અદાવતમાં આ 'ઉમ્મીદ' અઠવાડિક ના તંત્રી કેટલા ઉત્સાહી બની ગયા કે **હુઝૂર ﷺને ''નવ મુસ્લિમ'' કહી દીધા !** પાછળથી હોબાળો થતાં માફીનામાં પ્રગટ કર્યાં. પણ વિચારવાની વાત છે કે એમનાં દિલોમાં રસૂલે પાક ﷺની કેટલી અદાવત ભરેલી છે કે પોતે શું લખી રહ્યા છે તે પણ રસૂલ દુશ્મનીની અદાવતમાં આંધળા બની જતાં સમજાતુ નથી. એવું છે કે કૂવામાં હોય તે હવાડામાં આવે ! તેમના દેવબંદી મોલ્વીઓએ હુઝૂર ﷺની ગુસ્તાખીની જાણે હરીફાઈમાં ઉતર્યા હોય તેમ એક પછી એક ગુસ્તાખીપૂર્ણ લખાણો એટલાં લખ્યાં કે તે વાંચતાં વાંચતાં આ તેમના ચેલા ઈબ્રાહીમ પટેલનેય શૂરાતન ચઢયું તો મોલ્વીઓથીય આગળ નીકળી ગયા !

## આપણા નબી નિઃશંક અંતિમ નબી છે !

**★ સુન્ની માન્યતા ★**

આપણા નબી અંતિમ નબી છે. આપ પછી કોઈ નબી અને નવી શરીઅત આવવાની નથી, **જે આપણા નબીને અંતિમના વાસ્તિવિક અર્થમાં અંતિમ નબી ન માને એ ઈસ્લામથી**

બહાર છે. આ મસ્અલામાં સહાબાથી લઈને આજ સુધી ઉમ્મતમાં એકમતિ છે.

## ★ પુરાવો કુર્આનથી ★

وَلٰكِنْ رَّسُوْلَ اللّٰهِ وَ خَاتَمَ النَّبِيّٖنَ "અને મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ અને અંતિમ છે નબીઓમાં." *(સૂરએ અહઝાબ, સિપારો–૨૨, આયત–૪૦, રુકૂઅ–૨)*

## ★ પુરાવો હદીષથી ★

"નબી ﷺ એ ફર્માવ્યું : બની ઈસ્રાઈલને માર્ગદર્શન નબીઓ આપતા હતા, જ્યારે એક નબીનું અવસાન થતું બીજો એની જગાએ આવતો, અને બેશક ! મારા પછી કોઈ નબી નથી અને ખલીફાઓ થશે." *(બુખારી શરીફ, કિતાબુલ અંબિયા, ભાગ–૨, પેજ–૨૫૭)*

وَاُرْسِلْتُ اِلَى الْخَلْقِ كَافَّةً وَ خُتِمَ بِىَ النَّبِيُّوْنَ "નબી ﷺ એ ફર્માવ્યું : મને પૂરી મખ્લૂક઼ તરફ રસૂલ તરીકે મોકલવામાં આવ્યો અને મારા પર નબીઓનો અંત કરી દેવામાં આવ્યો." *(મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૨૪૯)*

સ્પષ્ટ થયું કે આપણા નબી ﷺ અંતિમ નબી છે, આપ પછી કોઈ નબી નથી થઈ શક્તો. જે આ માન્યતાનો અસ્વીકાર કરે **કાફિર** છે.

## અંતિમ નબી વિષે

### ★ દેવબંદી/જમાઅતીની માન્યતા ★

મોલ્વી ક઼ાસિમ નાનોત્વી દારુલ ઉલૂમ દેવબંદના સ્થાપક લખે છે :–





"પબ્લિકની માન્યતામાં તો રસૂલુલ્લાહ ﷺનું ખાતમ (અંતિમ નબી) હોવું એ અર્થમાં છે કે આપનો જમાનો પૂર્વજ અંબિયાના જમાના પછી અને આપ સર્વમાં અંતિમ નબી છે, **પરંતુ સમજદારો માટે સ્પષ્ટ હશે કે જમાનાના આધારે આગળ પાછળ હોવામાં પોતે કાંઈ ઉત્તમતા નથી.** *(તહઝીરુન્નાસ, પેજ–૩)*

**નોંધ** : અંતિમ નબી હોવું પબ્લિક માન્યતા છે એનાથી વધીને નહીં. પરિણામમાં લખે છે :–

اگر بالفرض آپکے زمانے میں بھی کہیں اور کوئی نبی ہو جب بھی آپکا خاتم ہونا بدستور باقی رہتا ہے

"જો એ જ પ્રમાણે માની લેવામાં આવે કે આપના જમાનામાં પણ કોઈ જગાએ કોઈ નબી હોય તો પણ આપનું ખાતમ હોવું બાકી રહે છે." (ખાતમનો અર્થ અંતિમ નહીં સર્વથી અધિક ફઝીલતવાળુ)

اگر بالفرض بعد زمانۂ نبوی ﷺ کوئی نبی پیدا ہو تو پھر بھی خاتمیت محمدی میں کچھ فرق نہ آئے گا
آپ کے معاصر کسی اور زمیں میں یا فرض کیجئے اسی زمیں میں کوئی اور نبی تجویز کیا جائے

"જો એ જ પ્રમાણે માની લેવામાં આવે કે નબવી જમાના પછી કોઈ નબી પેદા થાય તો પણ ખાતમિયતે મુહમ્મદીમાં (મુહમ્મદ ﷺના અંતિમ હોવામાં) કંઈ ફરક નહીં આવે, ભલે પછી આપના જ જમાનામાં કોઈ બીજી જમીનમાં અથવા માની લો એ જ જમીનમાં કોઈ બીજો નબી બનાવી લેવામાં આવે." *(તહઝીરુન્નાસ, પેજ–૨૪, અઝ : મોલ્વી ક઼ાસિમ નાનોત્વી)*

### ★ પૂર્વજોનો પુરાવો સુન્નીઓની તરફેણમાં ★

فَحَقِيْقَتُهٗ مَوْجُوْدَةٌ مِّنْ ذٰلِكَ الْوَقْتِ "આપની હક઼ીક઼ત એ

સમયથી જ મૌજૂદ હતી.'' *(તફસીરે રૂહુલ બયાન, ભાગ–૪, પેજ–૩૮)*

આ તફસીરના કર્તા હઝરત ઈસ્માઈલ હક્કી આનું ભાષાંતર કરતાં લખે છે : ''આપ ત્યારથી નબી હતા અને પોતાની નબુવ્વતના આલિમ. ઉમ્મત એકમત છે આ કલામને એના જાહેરી અર્થ પર રાખવામાં. એનો અર્થ છે એ જ મુરાદ છે (અંતિમ હોવું) ન કોઈ ફેરફાર અને ન ખાસ અર્થમાં લેવું, આ સઘળી જમાઅતોના કુફ્રમાં કોઈ જ શક નથી.'' (જેઓ અંતિમ હોવાનો અસ્વીકાર કરે છે.) *(શિફા કાઝી ઈયાઝ)*

ચૌદસો વરસથી આજ સુધી બધા જ આગળ પાછળના ઔલિયા, ઉલ્મા, આમ તથા ખાસ લોકોની એ વાત પર સર્વસંમતિ છે કે, આયતે કરીમા ''ખાતમુન્નબિય્યિન''નો ફક્ત એ જ અર્થ છે કે હુઝૂર ﷺ આખરી (સૌથી છેલ્લા) નબી છે. એ જ અર્થ ઈસ્લામના બધા સહાબા, ઈમામો, ફુકહાએ કિરામ, મુફતીયાને એઝામે બતાવ્યો. એ જ અર્થ સહાબાએ કિરામ, તાબઈનોએ સમજાવ્યો, બલ્કે હુઝૂર ﷺએ સેંકડો હદીષોમાં ઈર્શાદ ફર્માવ્યો. **જેને નાનોત્વી સાહબે અણસમજુ સામાન્ય લોકોનો ખ્યાલ બતાવી હુઝૂર ﷺ તથા સહાબાએ કિરામને, તમામ ઔલિયા તથા ઉલમાને નાસમજ અવામ ઠરાવ્યા અને પોતાને સમજદાર માન્યા !**

## આપણા નબીને આપણી જેવા બશર કહેવું કેવું ?

### ★ સુન્ની માન્યતા ★

આપણા નબી અલ્લાહની પહેલી મખ્લૂક઼ નૂર છે અને આપ





હઝરત આદમના વંશ થકી દુનિયામાં આવ્યા. આપ બશર છે પરંતુ અસ્તિત્વમાં આવવાની અને પેદા થવાની હાલતને મેળવી આપ નૂરી બશર અને અફઝલુલ બશર છે. નબીના અસંખ્ય ઉપનામો ભૂલીને માત્ર **બશરનો શબ્દ બોલવો નબીનું અપમાન છે.**

### ★ પુરાવો કુર્આનથી ★

**قَدۡ جَآئَکُمۡ مِنَ اللّٰهِ نُوۡرٌ وَّ کِتَابٌ مُّبِیۡنٌ** ''તહક઼ીક઼ તમારી પાસે આવ્યું અલ્લાહ તરફથી નૂર અને રોશન કિતાબ.'' *(સૂરએ માઈદહ, સિપારો–૬, આયત–૧૫)*

**ફાયદો** : મુફસ્સિરોએ નૂરની તફસીર આપણા નબીથી કરી છે.

### ★ પુરાવો હદીષથી ★

**عَنۡ جَابِرٍ قَالَ سَئَلۡتُ رَسُوۡلَ اللّٰهِ ﷺ عَنۡ اَوَّلِ شَیۡئٍ خَلَقَهُ اللّٰهُ تَعَالیٰ ؟فَقَالَ هُوَ نُوۡرُ نَبِیِّكَ یَا جَابِرُ خَلَقَهُ اللّٰهُ**

''હઝરત જાબિરથી રિવાયત છે : એમણે કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺને પૂછયું અલ્લાહ તઆલાની પ્રથમ પેદા કરેલી વસ્તુ વિશે તો આપે ફર્માવ્યું, હે જાબિર ! એ તારા નબીનું નૂર છે જેને અલ્લાહ ﷻએ પેદા ફર્માવ્યું.'' *(મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક, ભાગ–૧, પેજ–૬૪)*

**عَنۡ اَبِیۡ هُرَیۡرَةَ قَالَ لَمَّا خَلَقَ اللّٰهُ تَعَالیٰ اٰدَمَ عَلَیۡهِ السَّلَامَ اَخۡبَرَهٗ بِبَنِیۡهِ فَجَعَلَ یَرٰی فَضَائِلَ بَعۡضَهُمۡ عَلیٰ بَعۡض فَرَایٰ نُوۡرًا سَاطِعًا فِیۡ اَسۡفَلِهِمۡ فَقَالَ یَا مَنۡ هٰذَا؟ فَقَالَ اِبۡنُكَ اَحۡمَدُ هُوَ اَوَّلُ وَهُوَ آخِرُ وَهُوَ اَوَّلُ مُشَفَّع**

''અબૂ હુરૈરહ્‌થી રિવાયત છે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જયારે અલ્લાહ તઆલાએ આદમ علیہ السلامને પેદા ફર્માવ્યા એમને એમના પુત્રોની ખબર આપી, આપ એકબીજાની ફઝીલત જોવા લાગ્યા પછી આપે એમની નીચે એક ભારે નૂર જોયું, આદમ علیہ السلامએ પૂછયું, અય મારા રબ ! આ કોણ છે ?! અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, આ તમારા પુત્ર અહમદ છે જેઓ પ્રથમ છે અને અંતિમ છે ! અને જેમની પ્રથમ શફાઅત ક઼બૂલ થશે.'' *(અવાઈલમાં ઈબ્ને અબી આસિમે, પેજ–૨૮, બયહકીએ દલાઈલમાં, ભાગ–૫, પેજ–૪૮૩, અબૂ તાહિરે મુલખ્ખસ, ફીલ ફવાઈદમાં ખ.લ. ૨૪૮ બ.)*

કુર્આન અને હદીષથી સ્પષ્ટ થયું કે આપણા નબી અલ્લાહની પ્રથમ મખ્લૂક઼ અને નૂર છે. હઝરત આદમના પુત્ર હોવાને લઈને બશર છે. પુરવાર થયું આપ નૂરી બશર છે, **(આપણી જેવા નથી.)**

## બશર છે પણ કહેવાની મનાઈ !

### ★ કુર્આનનો પુરાવો ★

**وَاَسَرُّوا النَّجوَ الَّذِیۡنَ ظَلَمُوۡا هَلۡ هٰذَا اِلَّا بَشَرٌ مِّثۡلُکُمۡ**''જુલ્મીઓ એકબીજાના કાનમાં કહે છે કે આ (મુહમ્મદ ﷺ) તમારી જેવા જ બશર છે.'' *(સૂરતુલ અંબિયા, સિપારો–૧૭, આયત–૩)*

**નોંધ : પોતાની જેવા બશર કહેનારાઓને કુર્આને જુલ્મી બતાવ્યા.**

હઝરત નૂહને કાફિરોએ કહ્યું :–

**فَقَالَ الۡمَلَاُ الَّذِیۡنَ کَفَرُوۡا مِنۡ قَوۡمِهٖ مَانَرَاكَ اِلَّا بَشَرًا مِّثۡلَنَا**

''આપની ક઼ૌમના કાફિરોની એક જમાઅતે કહ્યું, અમે તો





તને અમારી જેવો જ બશર જોઈએ છીએ.'' *(સૂરએ હૂદ, સિપારો–૧૨, આયત–૨૭)* નબીને આપણી જેવા કહેવું એ કાફિરોનો તરીકો છે. (ઉપરની આયતથી સાબિત)

### ★ હદીષનો પુરાવો ★

હઝરત અબૂ હુરૈરહ્‌થી રિવાયત છે કે નબી ﷺએ વિસાલના રોઝાથી મનાઈ કરી (એક સહેરીથી એકથી અધિક દિવસોના રોઝા રાખવાની). સહાબાએ વિનંતિ કરી, હે અલ્લાહના રસૂલ ! આપ તો વિસાલના રોઝા રાખો છો ?!

**قَالَ اِنِّیۡ لَسۡتُ کَهَیۡأَتِکُمۡ وَاَیُّکُمۡ مِثۡلِیۡ وَاِنِّیۡ لَسۡتُ مِثۡلُکُمۡ وَاِنِّیۡ لَسۡتُ کَاَحَد مِّنۡکُمۡ**

આપે ફર્માવ્યું, **હું તમારા જેવી સ્થિતિ પર નથી, અને તમારામાંથી કોણ મારા જેવું છે ! હું તમારી જેવો નથી, અને હું તમારામાંથી કોઈ જેવો નથી.** *(બુખારી, ભાગ–૧, પેજ–૨૬૨, મુસ્લિમ શરીફ, ભાગ–૧, પેજ–૩૫૧, તિર્મિઝી, ભાગ–૧, પેજ–૯૭, મિશ્કાત, પેજ–૧૭૫)*

**નોંધ** : નબીએ સ્પષ્ટ શબ્દોમાં એલાન ફર્માવી આપ્યું કે આપ અમારી જેવા નથી, એટલે **નબીએ પાકને આપણી જેવા બશર કહેવું નબીનું અપમાન છે. અપમાનની નિય્યતે એક વખત કહેનાર પણ ઈસ્લામથી બહાર છે.**

## હુઝૂરને બશર તથા મોટાભાઈ સમજવા વિષે

### ★ દેવબંદી/જમાઅતીની માન્યતા ★

سب انسان آپس میں بھائی ہیں جو بڑا بزرگ ہو وہ بڑا بھائی ہے اس کی بڑے بھائی کی سی تعظیم کیجئے

''બધા માણસો પરસ્પર ભાઈ છે, જે મોટો બુઝુર્ગ હોય એ

મોટો ભાઈ છે એની મોટા ભાઈ જેટલી ઈજ્જત કરવી જોઈએ.'' *(તક્વિયતુલ ઈમાન, પેજ–૧૨૯)* (નબીની **મોટા ભાઈ** જેટલી ઈજ્જત કરવાનું કહેવામાં આવ્યું)

આગળ લખે છે :–

اولیاء وانبیاء، امام وامام زادہ، پیر وشھید یعنی جتنے اللہ کے مقرب بندے ہیں وہ سب انسان ہی ہیں اور بندۂ عاجز اور ھمارے بھائی مگر انکو اللہ نے بڑائی دی وہ بڑے بھائی ہوئے ہم کو انک فرماں برداری کا حکم ہے ہم انکے چھوٹے ہیں سو انکی تعظیم انسانوں کی سی کرنی چاہیئے

**''વલીઓ, નબીઓ, ઈમામ, ઈમામનો છોકરો, પીર, શહીદ** એટલે જેટલા અલ્લાહના મુકર્રબ બંદાઓ છે એ બધા માણસ જ છે અને **લાચાર બંદા** અને આપણા ભાઈ, પરંતુ અલ્લાહે એમને મોટાઈ આપી એ **મોટા ભાઈ** થયા. આપણને એમનું માનવાનો હુકમ છે, આપણે એમના નાના (લઘુ) છીએ. તો એમની ઈજ્જત માણસો માફક કરવી જોઈએ.'' *(પેજ–૧૨૯)*

کسی بزرگ کی شان میں زبان سنبھال کر بولو اور جو بشر کی سی تعریف ہو سو وہی کرو سو ان میں بھی اختصار ہی کرو

કોઈ બુઝુર્ગની શાનમાં જીભ સંભાળીને બોલો અને જે બશર (માનવ) જેવાં વખાણ હોય એ જ કરો અને **એમાં પણ ઘટાડો કરો !** *(પેજ–૧૩૪)*

એટલે કે ''માણસ'' જેટલા વખાણ પણ ન કરો એનાથી ઘટાડીને બોલો ! આ છે દેવબંદી જમાઅતની માન્યતા !

## અલ્લાહની મખ્લૂકમાં આપ જેવું કોઈ જ નથી !

**★ સુન્ની માન્યતા ★**

ઝુર્કાની શરીફ છે :–

**لَمْ يَكُنْ لَّهٗ ﷺ ظِلٌّ فِى شَمْسٍ وَلَا قَمَرٍ لِاَنَّهٗ نُوْرٌ** ''અને આપ





ﷺનો પડછાયો તડકા અને ચાંદનીમાં ન પડતો કેમ કે આપ નૂર છે.'' *(ઝુર્કાની, ભાગ–૪, પેજ–૨૨૫)*

સીરતે હલ્બીયામાં છે :–

**اَنَّهٗ ﷺ اِذَا مَشٰى فِى الشَّمْسِ اَوْ فِى الْقَمَرِ لَا يَكُوْنُ لَهٗ ظِلٌّ لِاَنَّهٗ كَانَ نُوْرٌ**

''આપ ﷺ જ્યારે તડકા અથવા ચાંદનીમાં ચાલતા તો આપનો પડછાયો ન હતો કેમ કે આપ નૂર છે.'' *(સીરતે હલ્બીયા, ભાગ–૨, પેજ–૪૨૨)*

હુઝૂર બશર છે માનવુ ફર્ઝ પરંતુ આપણી જેવા કહેવું હુઝૂરની શાનમાં ગુસ્તાખી છે. જેવી રીતે ગુલાબનું ફૂલ કમળના ફૂલ જેવુ જ છે કહેવું ગુલાબની તૌહીન છે કારણ કે કમળનું ફૂલ ગંદકીમાં થાય છે.

## આપણા નબી અમલમાં સર્વથી આગળ છે

**★ સુન્ની માન્યતા ★**

આપણા નબી અલ્લાહની પ્રથમ મખ્લૂક છે અને નબીના નૂરનું સર્જન થયું ત્યારથી આપ અલ્લાહના ઝિક્ર અને ફિક્રમાં છે અને આપ દુનિયાથી પર્દો ફર્માવ્યા પછી પણ દુનિયાની વાસ્તવિક હયાતથી જીવંત છે એટલે આપ હાલ પણ ઈબાદતમાં છે અને ક્યિામત સુધી રહેશે. વળી આપ જેવું જાહેરમાં પણ કોઈ અમલવાળું થઈ શક્તું નથી. **નબીથી અમલમાં આગળ હોવાનો અથવા બરાબર હોવાનો દાવેદાર નબીની ગુસ્તાખીને લઈને ઈસ્લામથી બહાર છે.**

**★ કુર્આની પુરાવો ★**

**اِنَّ اَكْرَمَكُمْ عِنْدَ اللّٰهِ اَتْقٰكُمْ** ''બેશક ! તમારામાં અલ્લાહની

બારગાહમાં વધારે ઈજ્જતવાળો તમારામાં વધારે પરહેઝગાર છે.'' *(સૂરએ હુજુરાત, આયત–૧૩, સિપારો–૨૬)*

**ફાયદો :** આપણા નબી અલ્લાહની બારગાહમાં સર્વથી વધીને પ્રિય અને ઈજ્જતવાળા છે જે એ વાતની દલીલ છે કે આપ સર્વથી વધીને દીનદાર અને પરહેઝગાર છે. આપથી વધીને કોઈ નથી. આપ બરાબર પણ કોઈ થઈ શક્તું નથી.

**قُلْ اِنْ كُنْتُمْ تُحِبُّوْنَ اللّٰهَ فَاتَّبِعُوْنِىْ يُحْبِبْكُمُ اللّٰهُ**

''આપ ફર્માવો, જો તમને અલ્લાહથી મહોબ્બત હોય તો મારી (હુઝૂરની) પાછળ ચાલો અલ્લાહ તમને પ્રિય બનાવી લેશે.'' *(સૂરએ આલે ઈમરાન, સિપારો–૩, આયત–૩૧)*

**ફાયદો :** પાછળ ચાલનાર નથી બરાબર થઈ શક્તો અને નથી આગળ થઈ શક્તો. સ્પષ્ટ થયું કે આપણા નબી જ દરેક કમાલમાં સર્વથી વધીને છે.

**اِنَّ اللّٰهَ وَ مَلٰٓئِكَتَهٗ يُصَلُّوْنَ عَلَى النَّبِىِّ يَآ اَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا صَلُّوْا عَلَيْهِ وَ سَلِّمُوْا تَسْلِيْمًا**

''બેશક ! અલ્લાહ અને એના ફરિશ્તાઓ નબી પર દુરૂદ મોકલે છે, અય ઈમાનવાળાઓ ! તમે તેમના પર દુરૂદો સલામ મોકલો.'' *(સૂરએ અહઝાબ, સિપારો–૨૨, આયત–૫૬)*

**ફાયદો :** અલ્લાહના દુરૂદ બરાબર કોઈનો કોઈ અમલ નથી થઈ શક્તો, ફરિશ્તાઓ અસંખ્ય છે અને તેઓનાં અસંખ્ય દુરૂદ આપને પહોંચી રહ્યાં છે. અને ઉમ્મતના દુરૂદ પણ આપને પહોંચી રહ્યાં છે, પછી નબી બરાબર જાહેરમાં પણ કોઈનો અમલ કેમ કરી થઈ શકે છે ?!

**وَيُعَلِّمُكُمُ الْكِتَابَ وَالْحِكْمَةَ وَ يُعَلِّمُكُمْ مَالَمْ تَكُوْنُوْا تَعْلَمُوْنَ**





''અને તમને શીખવાડે છે કિતાબ અને હિકમત અને તમને શીખવાડે છે જે કંઈ તમે નથી જાણતા.'' *(સૂરએ બકરહ, સિપારો–૨, આયત–૧૫૧)*

**ફાયદો :** આપણા નબી બધાના ઉસ્તાદ છે, આપનો ઉસ્તાદ અલ્લાહ સિવાય કોઈ નથી. અલ્લાહનો દીન આપ થકી પહોંચ્યો, અને જે નેક રસ્તો બતાવે તેને દરેક અમલ કરનારનો સવાબ મળે છે અને કરનારનો સવાબ ઓછો થતો નથી. ક઼િયામત સુધીના મુસલમાન જે કંઈ અમલ કરે છે અને કરશે એ બધાનો સવાબ ઉસ્તાદ હોવાને લઈને આપ ﷺને પણ મળે છે, પછી આપના બરાબર હોવું અશક્ય છે.''

## ★ હદીષનો પુરાવો ★

હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે. આપે નબી ﷺથી રિવાયત કરી કે આપ ﷺએ ફર્માવ્યું :–

**اِنَّ اللّٰهَ فَضَّلَنِىْ عَلَى الْاَنْبِيَآءِ اَوْ قَالَ فَضَّلَ اُمَّتِىْ عَلَى الْاُمَمِ**

''બેશક ! અલ્લાહ તઆલાએ મને નબીઓ પર ફઝીલત આપી. અને ફર્માવ્યું, મારી ઉમ્મતને બીજી ઉમ્મતો પર ફઝીલત આપી.'' *(મિશ્કાત, પેજ–૩૪૯)*

**નોંધ : આપણા નબીને અન્ય નબીઓ પર ફઝીલત પ્રાપ્ત છે પછી ઉમ્મતની બરાબરીની ક્યાં વાત !** ઉમ્મતને બીજી ઉમ્મતો પર ફઝીલત મળી, આમ ન કહ્યું કે બીજા નબીઓ પર, જેથી એ પણ એ પુરવાર કરે છે કે **બીજા કોઈ નબીની બરાબરીમાં પણ ઉમ્મતનો કોઈ વ્યક્તિ આવી શક્તો નથી.**

હઝરત અલ્કમાથી રિવાયત છે એમણે કહ્યું, મેં હઝરત

આઈશા رضی اللہ عنہا ને સવાલ કર્યો :–

**اَکَانَ رَسُوْلُ اللّٰہِ ﷺ یَخُصُّ مِنَ الْاَیَّامِ شَیْئًا قَالَتْ کَانَ عَمَلُهٗ دِیْمَةً اَیُّکُمْ یُطِیْقُ مَا کَانَ رَسُوْلُ اللّٰہِ ﷺ یُطِیْقُ**

"શું રસૂલુલ્લાહ ﷺ કોઈ દિવસ નિયુક્ત કરતા હતા ? ફર્માવ્યું, આપનો અમલ લગાતાર હોતો. જેની રસૂલુલ્લાહ ﷺ શક્તિ રાખે છે તેની તમારામાંથી કોણ શક્તિ ધરાવી શકે છે ?!" *(મવાહિબુલ્લદુનિયા, પેજ–૨૨૫)*

## ઉમ્મતી નબીથી અમલમાં વધી જાય !

### ★ દેવબંદી/જમાઅતીની માન્યતા ★

ઈસ્માઈલ દહેલ્વી લખે છે :–

اس شہنشاہ کی تو یہ شان ہے کہ ایک آن میں ایک حکم کن سے چاہے تو کڑوروں نبی اور ولی اور جن وفرشتے جبرئیل اور محمد ﷺ کی برابر پیدا کر ڈالے

"એ શહેનશાહની તો આ શાન છે કે એક પળમાં એક હુકમે 'કુન'થી ('થઈ જા'નો હુકમ કરવો) ઈચ્છે તો કરોડો નબી, વલી, જિન્નાત, ફરિશ્તા, જિબ્રઈલ અને મુહમ્મદ ﷺની બરાબરીમાં પેદા કરી આપે." *(તક્વિયતુલ ઈમાન, પેજ–૬૮)*

**દારુલ ઉલૂમ દેવબંદના સ્થાપક નાનોત્વી લખે છે :–**

انبیاء اپنی امت میں اگر ممتاز ہوتے ہیں تو علوم ہی میں ممتاز ہوتے ہیں باقی رہا عمل اس میں بسا اوقات بظاہر امتی مساوی ہو جاتے ہیں بلکہ بڑھ جاتے ہیں

"નબીઓ પોતાની ઉમ્મતથી ઉત્તમ હોય તો ઈલ્મોમાં (જ્ઞાનમાં) જ ઉત્તમ હોય છે, રહી ગયો અમલ, એમાં **અમુક વખત ઉમ્મતી બરાબર થઈ જાય છે બલ્કે વધી જાય છે.**" *(તહઝીરુન્નાસ, પેજ–૫)*





## સલાતો સલામનું જાઈઝ હોવું અને ઉભા રહેવું

### ★ સુન્ની માન્યતા ★

આપણા નબી પર દુરૂદો સલામ દરેક હાલતમાં જાઈઝ છે તો પછી ઉભા રહીને પણ જાઈઝ છે. દુરૂદો સલામ ઉત્તમ ઈબાદત છે. એના ઉત્તમ હોવા પર અને દરેક જરૂરત અને હાજતમાં અસરકારક હોવામાં કોઈને જ શંકા નથી. આપણા નબી આપણુ દુરૂદ સાંભળે છે અને ફરિશ્તાઓ પણ એ બારગાહની ખિદમત તરીકે પહોંચાડે છે, જેવી રીતે ફરિશ્તાઓ બંદાઓના અમલોને અલ્લાહની બારગાહમાં પહોંચાડે છે.

### ★ કુર્આનનો પુરાવો ★

**اِنَّ اللّٰہَ وَ مَلٰٓئِکَتَهٗ یُصَلُّوْنَ عَلَی النَّبِیِّ یٰٓاَیُّهَا الَّذِیْنَ اٰمَنُوْا صَلُّوْا عَلَیْهِ وَ سَلِّمُوْا تَسْلِیْمًا**

"બેશક ! અલ્લાહ અને એના ફરિશ્તાઓ નબી પર દુરૂદ મોકલે છે, હે ઈમાનવાળાઓ ! તમે પણ એમના પર દુરૂદો સલામ મોકલો." *(સૂરએ અહઝાબ, સિપારો–૨૨, આયત–૫૬)*
(સલામ પઢવી કુર્આની આયતથી સાબિત છે.)

**નોંધ** : નમાઝમાં બેસીને દુરૂદો સલામ પઢવામાં આવે છે અને નમાઝે જનાઝામાં ઉભા રહીને બીજી તકબીર પછી દુરૂદ પઢવામાં આવે છે, જેથી નબીના હુકમથી બેસીને પણ સાબિત થયું અને ઉભા રહીને પણ.

### ★ હદીષનો પુરાવો ★

હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે :–

**زَیِّنُوْا مَجَالِسَکُمْ بِالصَّلٰوةِ عَلَی النَّبِیِّ ﷺ وَبِذِکْرِ عَنْ عُمَرَ بْنَ الْخَطَّابِ**

"આપે ફર્માવ્યું, તમારી સભાઓને નબી صلی اللہ علیہ وسلم પર દુરૂદથી શણગાર આપો અને ઉમર બિન ખત્તાબના ઝિક્રથી." *(જિલાઉલ અફહામ, પેજ–૨૨૯, સોરૂરૂલ કોલૂબ, પેજ–૩૫૩, ખતીબે પોતાની તારીખમાં, દુર્રે મન્ષૂર, ભાગ–૫)*

હઝરત અલી کرم اللہ تعالٰی وجہہ الکریم થી રિવાયત છે :–

**اِذَا مَرَرْتُمْ بِالْمَجَالِسِ فَصَلُّوْا عَلَى النَّبِيِّ** "જ્યારે તમે મસ્જિદો પાસેથી પસાર થાવ તો નબી صلی اللہ علیہ وسلم પર દુરૂદ પઢો." *(જિલાઉલ અફહામ, પેજ–૭૦)*

**નોંધ :** મસ્જિદ પાસેથી પસાર થનાર ઉભો જ હોય છે જ્યારે એ પગપાળા હોય, સાબિત થયું કે ઉભા રહીને સલાતો સલામ જાઈઝ છે. સભાનો આરંભ દુરૂદથી થાય છે અને લોકો બેસતા હોય છે અને સભાના અંત પર ઉભા રહીને દુરૂદો સલામ થાય છે કે બંને તરીકા પર અમલ થઈ જાય.

## સલાતો સલામ વિશે

### ★ દેવબંદી/જમાઅતીની માન્યતા ★

کسی کی محض تعظیم کے واسطے اس کے روبرو ادب سے کھڑے رہنا انہیں کاموں میں سے ہے کہ اللہ نے اپنی تعظیم کے واسطے ٹھرائے ہیں سو اور کسی کے لئے نہ کیا چاہیئے

"કોઈની માત્ર ઈજ્જત માટે એની સામે **અદબથી ઉભા રહેવું** એ જ કામોમાંથી છે જે અલ્લાહે પોતાની ઈજ્જત માટે નિયુક્ત કર્યા છે, તો એના સિવાય કોઈના માટે ન કરવું જોઈએ." *(તક્વિયતુલ ઈમાન, પેજ–૯૧)*

وصرف ہمت بسوئے شیخ وامثال آں از معظمین گو کہ جناب رسالت مآب باشند بچندیں مرتبہ بدتر از استغراق در صورت گاؤ خر خود است کہ خیال آں با تعظیم واجلال بسویدائے دل انسان می چسپد بخلاف خیال گاؤ خر





(નમાઝમાં) "ઈરાદો શૈખ અને એમની જેવા બુઝુર્ગો તરફ લઈ જવો, ભલે ને જનાબ રિસાલત મઆબ صلی اللہ علیہ وسلم હોય એ પોતાની ગાય અને ગધેડાની શક્કલમાં ડૂબી જવાથી પણ ઘણું જ અધિક ખરાબ છે કારણ કે આનો ખયાલ ઈજ્જત અને બુઝુર્ગીને લઈને ઈન્સાનના દિલના અંતરમાં ચોંટી જાય છે, ગાય અને ગધેડાના ખયાલની વિરોધમાં." *(સિરાતે મુસ્તક઼ીમ, પેજ–૯૫)* (જુઓ હુઝૂરથી કેટલી દિલી નફરત છે.)

રસૂલની શાનમાં ગુસ્તાખી કરતાં, વહાબી મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ પોતાની બદ્નામ કિતાબ "સિરાતે મુસ્તકીમ"માં લખ્યું છે કે, **"પીર મુર્શિદ અગર તેમના જેવા મોટા બુઝુર્ગ અને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم તરફ નમાઝમાં ધ્યાન લઈ જવું પોતાના ગધેડાં, બળદના ખ્યાલમાં ડૂબી જવાથી પણ અત્યંત ખરાબ છે."** *(સિરાતે મુસ્તક઼ીમ)*

જોઈ લો ! સલામ પઢવાની વાત તો દૂર રહી ! દેવબંદી કેટલા ગુસ્તાખ અને બેઅદબ હોય છે કે, નમાઝમાં હુઝૂર صلی اللہ علیہ وسلمના ખ્યાલને ગધેડા, બળદના ખ્યાલથી પણ વધારે ખરાબ બતાવ્યો !

**નોંધ :** દુરૂદ પઢવાથી નબીનો ખયાલ દિલમાં અવશ્ય આવે છે અને નમાઝમાં ક઼ાયદામાં સલામ પણ છે અને દુરૂદ પણ છે જેથી એમણે અત્તહિય્યાત અને દુરૂદ છોડવા પડશે !

## પૂર્વજોનો પુરાવો સુન્નીની તરફદારીમાં

**દેવબંદીઓના દાદા પીર શૈખ હાજી ઈમ્દાદુલ્લાહ સાહબ ફર્માવે છે :** "મીલાદની સભાના અંત પર ઉભા રહેવામાં લિજ્જત પામુ છું." *(ફૈસલએ હફ્ત મસ્અલા, પેજ–૫)*

જે હદીષોથી સાબિત છે કે જુમ્આનો ખુત્બો, બે ઈદોનો

ખુત્બો, નિકાહનો ખુત્બો, ઉભા રહીને સુન્નત છે અને એમાં દુરૂદનો હુકમ છે. મસ્જિદમાં પ્રવેશતી વખતે અને ઘરમાં દાખલ થતી વખતે દુરૂદનો હુકમ છે અને એ બધું ઉભા રહેવાની હાલતમાં હોય છે. આ દુરૂદો સલામમાં ઉભા રહેવાનો પુરાવો છે. *(જિલાઉલ અફહામ, પેજ–૭, ૨૫૨, ૨૫૫, ૨૨૨)*

## "યા"(અય) શબ્દથી નબીને પુકારવા વિશે

### ★ સુન્ની માન્યતા ★

આપણા નબીને અલ્લાહ તઆલાએ દૂર અને નજીકનું સાંભળવાની શક્તિ આપી છે એટલે 'યા' શબ્દથી આપને સંબોધન કરવું દા.ત. 'યા રસૂલલ્લાહ !', 'યા હબીબલ્લાહ !' વગેરે જાઈઝ છે.

### ★ કુર્આનનો પુરાવો ★

**يَا اَيُّهَا النَّبِيُّ اِنَّا اَرْسَلْنَاكَ شَاهِدًا** "અય નબી ! બેશક ! અમે આપને ગવાહ (હાઝિર અને નાઝિર) તરીકે મોકલ્યા." *(સૂરએ અહઝાબ, સિપારો–૨૨, આયત–૪૫)*

**يَآاَيُّهَا الْمُدَّثِّرُ قُمْ فَاَنْذِرْ** "અય ચાદર પહેરનાર ! ઉભો થા અને બીવડાવ." *(સૂરએ મુદ્દષ્ષિર, સિપારો–૨૯, આયત–૧/૨)*

**يَآاَيُّهَا الْمُزَّمِّلُ قُمِ اللَّيْلَ اِلَّا قَلِيْلًا** "અય કપડામાં લપેટી જનાર રાતમાં ઉભો રહે પરંતુ થોડુ." *(સૂરએ મુઝ્ઝમ્મિલ, સિપારો–૨૯, આયત–૧)*

**નોંધ** : આ આયતોમાં આપણા નબીને 'યા' શબ્દથી સંબોધન થયું એટલે 'યા નબી !', 'યા રસૂલ !' કહેવું કુર્આનથી સાબિત છે.





### ★ હદીષનો પુરાવો ★

**اَلسَّلَامُ عَلَيْكَ اِيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَ بَرُكَاتُهٗ**

"અય નબી ! તમારા પર સલામ અને અલ્લાહની રહમત અને એની બરકતો." *(હદીષની બધી કિતાબોમાં)*

**નોંધ** : તશહહુદ (અત્તહિય્યાત) નમાઝમાં વાજિબ છે અને નબીના જમાનાથી અત્યાર સુધી અને ક઼િયામત સુધી આમ 'યા' શબ્દથી નબીને સંબોધન થતું રહેશે, જ્યારે 'યા' નમાઝમાં જાઈઝ તો નમાઝ બહાર અવશ્ય જાઈઝ છે.

એક આંખથી આંધળા સહાબી રસૂલુલ્લાહ ﷺની સેવામાં હાજર થયા અને આપથી દુઆની દરખાસ્ત કરી, આપે એમને આ દુઆ શિખવાડી :–

**اَللّٰهُمَّ اِنِّىْ اَسْئَلُكَ وَ اَتَوَجَّهُ اِلَيْكَ بِمُحَمَّدٍ نَبِيِّ الرَّحْمَةِ يَا مُحَمَّدُ اِنِّىْ قَدْ تَوَجَّهْتُ بِكَ اِلٰى رَبِّىْ فِىْ حَاجَتِىْ هٰذِهٖ لِتُقْضٰى اَللّٰهُمَّ فَشَفِّعْهُ فِىَّ**

"અય અલ્લાહ ! હું તારાથી સવાલ કરું છું અને તારી તરફ કેન્દ્રિત થઈ રહ્યો છું, રહમત નબી મુહમ્મદ ﷺ સાથે. **અય મુહમ્મદ !** ﷺ મેં તમારા થકી મારા રબ તરફ મારી આ જરૂરતમાં ધ્યાન કર્યું કે, એ પૂરી થાય. અય અલ્લાહ ! મારા માટે હુઝૂરની શફાઅત ક઼બૂલ ફર્માવ." અબૂ ઈસ્હાકે કહ્યું, આ હદીષ સહીહ છે. *(ઈબ્ને માજહ શરીફ, બાબે સલાતુલ હાજત, ઉષ્માન બિન હુનૈફથી રિવાયત)*

**નોંધ** : દુઆએ હાજત નબી તરફથી આપણને શીખવાડવામાં આવી અને એમાં "યા" શબ્દથી નબીને સંબોધન કરવાનું નબીએ જ બતાવ્યું. સાબિત થયું કે આજે પણ નબીને

ગમે ત્યાંથી "યા" શબ્દથી સંબોધન કરવું જાઈઝ છે.

## પૂર્વજોનો પુરાવો સુન્નીઓની તરફેણમાં

**★ ઈમામે આ'ઝમ અબૂ હનીફાનો મસ્લક શું છે ?! ★**

આપ ફર્માવે છે : "હે સમગ્ર મખ્લૂકાતથી વધુ બુઝુર્ગ ! હે નેઅમતે ઈલાહીના ખજાના ! આપની સખાવતથી મને પણ અતા ફર્માવો તેમજ આપની રજાથી મને પણ નવાજો. હું આપની સખાવતનો ઉમ્મીદવાર છું કારણ કે **આપ સિવાય યા રસૂલલ્લાહ ! તમામ મખ્લૂકમાં અબૂ હનીફાનો કોઈ સહાયક તથા મદદગાર નથી."**

જુઓ ! મુજતહેદીનોના ઈમામ, તાબઈનોમાં અફઝલ, ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ કૂફા (ઈરાક)ની ધરતી પરથી પોતાના પ્યારા આકા ﷺ જે ગુંબદે ખિદરામાં(મદીના શરીફ) આરામ ફર્માવી રહેલ છે તેમને મદદ માટે પુકારી રહ્યા છે અને તેમનાથી ભીખ માંગી રહ્યા છે. *(કસીદાએ નોઅમાની)*

★ **ઈમામ બુખારી**એ આ રીતે બાબ (પ્રકરણ) પાડયું છે કે જો કોઈનો પગ સુન મારી જાય (લકવો થાય) તો શું કહે ? આ પછી નીચેની હદીષ નકલ કરી છે કે હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને સઅદ رضی اللہ عنہ ફર્માવે છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہનો પગ સૂઈ ગયો (લકવો મારી ગયો.) કોઈએ કહ્યું કે તેની યાદી કરો જે આપને વધુ પ્રિય હોય ! ત્યારે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરે બુલંદ અવાજથી "યા મોહમ્મદાહ !" કહ્યું ને તુરત જ પગ સારો થઈ ગયો." *(બુખારી શરીફ)*





હઝરત અબૂબક્ર, ઉમર رضی اللہ عنہما ના ખિલાફત યુગમાં જ્યારે રોમ, શામ, ઈરાન, મિસરના દેશોમાં જ્યારે મુસ્લિમોએ ચડાઈ કરી ત્યારે જ્યારે જ્યારે મુસ્લિમો પર કોઈ સખત આફત આવતી અગર સહાબાએ કિરામનું લશ્કર જ્યારે કોઈ દુશ્મનોથી ઘેરાઈ જઈ ફસાઈ પડતું ત્યારે સહાબાએ કિરામ **"યા ગવાસહ ! યા મોહમ્મદા ! યા મોહમ્મદા !" કહી રસૂલને પુકારતા, મદદ તલબ કરતા.**

અને આ અમલથી તેમની મુશ્કિલ ટળી જતી. આ બનાવો રસૂલની વફાત પછી હઝરત અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما ના જમાનામાં મદીનાથી સેંકડો માઈલ દૂર બન્યા હતા. *(ફતૂહુશ્શામ)*

**નોંધ : આમ સેંકડો માઈલ દૂરથી મદદ માટે હુઝૂરને પુકારવા એ સહાબા, તાબઈન, તબે તાબઈન અને ઔલિયાએ કિરામની સુન્નત છે. અને અહલે સુન્નત વલ જમાઅતનો અકીદો એમના મુજબ છે.**

**ઈમામ બુસૈરી**એ કસીદા બુર્દામાં ફર્માવ્યુ :–

**يَا اَكْرَمَ الْخَلْقِ مَالِىْ مَنْ اَلُوْذُ بِه**
**سِوَاكَ عِنْدَ حُلُوْلِ الْحَادِثِ الْعَمَمِ**

**"અય મખ્લૂકમાં સર્વશ્રેષ્ઠ** ! મારા માટે સતત મુસીબતો આવવાના સમયે તમારી (હુઝૂર) સિવાય કોઈ નથી જેની પનાહમાં આવું.

" કસીદાએ નુઅમાનમાં **ઈમામે આ'ઝમ અબૂ હનીફાએ ફર્માવ્યું :–**

**يَا سَيِّدَ السَّادَاتِ جِئْتُكَ قَاصِدًا**
**اَرْجُوْ رِضَاكَ وَاحْتَمِىْ بِحِمَاكَ**

"**અય સરદારોના સરદાર** ! હું ઈરાદો કરીને આપની સેવામાં આવ્યો છું, તમારી ખુશીની ઉમ્મીદ રાખું છું અને પોતાને તમારા રક્ષણમાં આપુ છું."

જો **યા રસૂલલ્લાહ** કહેવું શિર્ક હોત તો હુઝૂર (ﷺ) તો શિર્ક બિદઅતને મિટાવવા માટે આવ્યા હતા. તેઓ પોતે 'યા રસૂલલ્લાહ' કહેવાની તાલીમ આપતા નહીં. એવી જ રીતે હઝરત ઉષ્માન ઈબ્ને હનીફ, હઝરત ઉષ્માન ગનીના ખિલાફત કાળમાં એક શખ્સને 'યા મોહમ્મદ' કહેવાની તાલીમ ન આપતા. હુઝૂરના વિસાલ પછી હઝરત ઈબ્ને અબ્બાસ અને ઈબ્ને ઉમર પોતાની મુસીબતના પ્રસંગે 'યા મોહમ્મદાહ' કહીને ન પુકારતા. એ જ પ્રમાણે અબૂહનીફા અને ઔલિયાએ કામિલીન દા.ત. ગૌષે આ'ઝમ સરકારે બગદાદ, ખ્વાજહ મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી, શયખ સઅદી, હઝરત શમ્સ તબરેઝી, અન્ય ઉલ્માએ મોહક્કિકીન, મુહદ્દિષીન જેવા કે અલ્લામા જામી, હઝરત અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી, હઝરત શાહ વલીયુલ્લાહ, શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી વિગેરે 'યા રસૂલલ્લાહ" કહીને કેમ પુકારતા ? શું તેમને પણ શિર્કનો પરિચય ન હતો ?

## "યા"(અય) શબ્દથી નબીને પુકારવા વિષે

**★ દેવબંદી/જમાઅતીની માન્યતા ★**

جب انبیاء علیہم السلام کو علم غیب نہیں ہوتا تو یا رسول اللہ کہنا بھی ناجائز ہوگا

"જ્યારે નબીઓ عَلَيْهِمُ السَّلَام પાસે ગયબનું ઈલ્મ નથી હોતું તો 'યા રસૂલલ્લાહ !' કહેવું પણ નાજાઈઝ ઠરશે." *(ફતાવા*





*રશીદિયા, પેજ–૩, અઝ : મોલ્વી ગંગોહી)*

[کسی کو دور سے پکارنا اور یہ سمجھنا کہ اسکو خبر ہوگئی کفر و شرک ہے] "કોઈને દૂરથી સંબોધવું અને સમજવું કે એને ખબર થઈ ગઈ એ **કુફ્ર** અને **શિર્ક** છે." *(બહિશ્તી ઝેવર, ભાગ–૧, પેજ–૨૭, મોલ્વી અશ્રફઅલી થાનવી)*

## નબી માસૂમ હોય છે

**★ સુન્ની માન્યતા ★**

નબી નબુવ્વતને જાહેર કરતાં પહેલાં અને પછી ગુનાહોથી પાક અને માસૂમ હોય છે. એમની તરફ કોઈ ગુનોહ સંબંધિત કરવામાં નહીં આવે.

**★ કુર્આનથી પુરાવો ★**

**اِنَّ عِبَادِىْ لَيْسَ لَكَ عَلَيْهِمْ سُلْطَان** "બેશક ! મારા નેક બંદાઓ પર તારો (શૈતાનનો) કાબૂ નથી." *(સૂરએ બની ઈસ્રાઈલ, સિપારો–૧૫, આયત–૬૫)*

**وَلَاُغْوِيَنَّهُمْ اَجْمَعِيْنَ اِلَّا عِبَادَكَ مِنْهُمُ الْمُخْلَصِيْنَ**

"(શૈતાને કહ્યું) હું એમને બધાને જરૂર ગુમરાહ કરી નાખીશ પરંતુ એમાંથી તારા ઈખ્લાસવાળા બંદાઓને (સિવાય)." *(સૂરએ હિજર, સિપારો–૧૪, આયત–૩૯, ૪૦)*

(અલ્લાહ ફર્માવે છે) **لَا يَنَالُ عَهْدِ الظّٰلِمِيْنَ** "મારી નબુવ્વતનું પદ જુલ્મીઓને મળતુ નથી." *(સૂરએ બકરહ, સિપારો–૧, આયત–૧૨૪)*

**નોંધ** : આ આયતોથી પુરવાર થયું કે શૈતાનને નબી પર કાબૂ આપવામાં આવતો નથી. અને અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, મારી નબુવ્વતનું પદ જુલ્મીઓને મળતું નથી. ગુનેહગાર જુલ્મી

હોય છે. સ્પષ્ટ થયું નબીઓને ગુનાહોથી પાક રાખવામાં આવે છે.

### ★ હદીષથી પુરાવો ★

હઝરત ઈબ્ને મસ્ઊદથી રિવાયત છે : રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમારામાંથી કોઈ વ્યક્તિ એવો નથી જેનો એક સાથી જિન્નાતથી અને ફરિશ્તાથી ન કરવામાં આવ્યો હોય. સહાબાએ પૂછયું :–

''અને આપ સાથે પણ ? આપે ફર્માવ્યું, મારી સાથે પણ. પરંતુ અલ્લાહ તઆલાએ મારી મદદ કરી તો એ મુસલમાન બની ગયો જેથી એ મને ભલાઈનો જ હુકમ કરે છે.'' *(મુસ્લિમ શરીફ, મિશ્કાત બાબે વસવસા, પેજ–૧૮)*

આ હદીષની શરહમાં ક઼ાઝી ઈયાઝે ફર્માવ્યું : કે ઉમ્મતની એકમતિ છે નબીઓના માસૂમ હોવા પર, શૈતાનથી એમના બદનમાં, દિલમાં અને જીભ પર. બધું જ સુરક્ષિત છે.

## નબી ગુનેહગાર હોય છે !

### ★ દેવબંદી/જમાઅતીની માન્યતા ★

મૌલ્વી અશરફ અલી થાન્વી લખે છે :–

تاکہ اللہ تعالیٰ آپ کی سب اگلی پچھلی خطائیں معاف فرمادے

''એટલા માટે કે તમારી (રસૂલુલ્લાહની) સઘળી આગલી અને પાછલી ભૂલો માફ ફર્માવી આપે.'' *(તર્જુમએ કુર્આન થાન્વી દેવબંદી, સિપારો–૨૬, સૂરએ ફત્હ, આયત–૨)*

اللہ نے آپ کو بے خبر پایا سو آپ کو راستہ بتلادیا ''અલ્લાહે તમને બેખબર પામ્યા તો તમને માર્ગ બતાવ્યો.'' *(સૂરએ દુહા, આયત–૭, સિપારો–૩૦)*





મૌલ્વી ફત્હમુહમ્મદ જાલંદરી લખે છે :–

تاکہ خدا تمہارے اگلے پچھلے گناہ بخش دے ''તા કે અલ્લાહ તમારા (રસૂલુલ્લાહના) આગલા અને પાછલા ગુનાહ બખ્શી આપે.'' *(સૂરએ ફત્હ, આયત–૨, સિપારો–૨૬, પેજ–૫૯૭)*

اور رستے سے ناواقف دیکھا تو سیدھا رستہ دکھایا ''અને (હે રસૂલ) તમને માર્ગથી અજાણ જોયા તો સીધો માર્ગ બતાવ્યો.'' *(સૂરએ દુહા, આયત–૭, સિપારો–૩૦, પેજ–૭૫૪)*

મૌલ્વી મહમુદુલ હસન લખે છે :–

تاکہ معاف کرے اللہ تجھکو اللہ جو آگے ہو چکے تیرے گناہ اور جو پیچھے رہے

''એટલે કે તને (રસૂલુલ્લાહને) માફ કરે અલ્લાહ જે આગળ થયા તારા (રસૂલુલ્લાહના) ગુનાહ અને જે પાછળ રહ્યા.'' *(તર્જુમએ કુર્આન મહમુદુલ હસન, સિપારો–૨૬, સૂરએ ફત્હ, આયત–૨)*

پایا تجھکو بھٹکتا پھر راہ سجھائی ''પામ્યો તને (રસૂલુલ્લાહને) ભટકેલો પછી તને માર્ગ સુજાડયો.'' *(સૂરએ દુહા, આયત–૭, સિપારો–૩૦)*

નબીઓના માસૂમ હોવાની માન્યતાને ખોટી માન્યતા બતાવતાં દારુલ ઉલૂમ દેવબંદના સ્થાપક નાનોત્વી સાહબ જેમનું નામ ક઼ાસિમ છે પોતાના રિસાલામાં લખે છે :–

بالجملہ علی العموم کذب کو منافی شان نبوت باایں معنیٰ سمجھنا کہ یہ معصیت ہے اور انبیاء علیہم السلام معاصی سے معصوم ہیں خالی غلطی سے نہیں

**''વધુ પ્રમાણમાં જૂઠને શાને નબુવ્વત વિરુદ્ધ એ અર્થમાં સમજવું કે એ ગુનોહ છે અને અંબિયા ﷺ ગુનાહોથી માસૂમ છે (એ વાત) ભૂલથી ખાલી નથી.''** *(તસ્ફીયએ અકાઈદ, પેજ–૨૫)*

## અલ્લાહ તઆલા જૂઠથી પાક છે

### ★ સુન્ની માન્યતા ★

અમારી માન્યતા એ છે કે અલ્લાહ સુબ્હાન (પાક) છે, દરેક અયબથી પાક છે, એના માટે અયબ અશક્ય છે, ચોરી અને ઝિનાની માફક જૂઠ પણ અયબ છે. અલ્લાહ તઆલા એનાથી પાક છે. **અલ્લાહની સિફતો હમેશાંથી છે અને હમેશાં રહેશે, એમાં શક્યતાવાળી વાત આવી શક્તી નથી.**

### ★ કુર્આનનો પુરાવો ★

**اِنَّ اللّٰهَ لَا يُخۡلِفُ الۡمِيۡعَادَ** "બેશક ! અલ્લાહ વાયદા ખિલાફી કરતો નથી." *(આલે ઈમરાન, આયત–૯, સિપારો–૩)*

**وَمَنۡ اَصۡدَقُ مِنَ اللّٰهِ قِيۡلًا** "વાતમાં અલ્લાહથી વધારે સાચો કોણ ?" *(સૂરએ નિસાઅ, સિપારો–૫, આયત–૮૭)*

**وَمَنۡ اَصۡدَقُ مِنَ اللّٰهِ حَدِيۡثًا** "અલ્લાહથી વધારે કોની વાત સાચી." *(સૂરએ નિસાઅ, સિપારો–૫, આયત–૧૨૨)*

**سُبۡحَانَ رَبِّكَ رَبِّ الۡعِزَّةِ عَمَّا يَصِفُوۡنَ** "પાકી છે તમારા રબને ઈજ્જતવાળા રબને તેમની વાતોથી" *(સૂરએ સાફફાત, સિપારો–૨૩)*

### ★ પૂર્વજોનો પુરાવો સુન્નીઓની તરફદારીમાં ★

**وَلَايَجُوۡزُ عَلَيۡهِ الۡكِذۡبُ** "એના (અલ્લાહ) માટે જૂઠુ બોલવું જાઈઝ નથી (શકય નથી)." *(તફસીરે ખાઝિન, ભાગ–૧, પેજ–૪૨૧)*

**لِاسۡتِحَالَةِ الۡكِذۡبِ عَلَيۡهِ لِقُبۡحِهٖ لِكَوۡنِهٖ اِخۡبَارٌ عَنِ الشَّيۡئِ بِخَلَافِ مَا هُوَ عَلَيۡهِ**





"જૂઠ એના બુરા હોવાને લીધે અલ્લાહ માટે અશક્ય છે કારણ કે, જૂઠ એટલે વસ્તુ સ્થિતિ જેવી હોય એની વિરુધ્ધ ખબર આપવી છે." *(તફસીરે મદારિક, ભાગ–૧, પેજ–૪૨૧)*

**لِاَنَّ الۡكِذۡبَ صِفَةُ نَقۡص وَالنَّقۡصُ عَلَى اللّٰهِ تَعَالٰى مُحَالٌ**

"બેશક ! જૂઠ અયબની સિફત છે અને અયબ અલ્લાહ માટે અશક્ય છે." *(તફસીરે કબીર)*

શરહે મુવાકિફમાં છે :–

"અલ્લાહ તઆલા માટે જૂઠનું અશક્યું હોવું અમારા ત્યાં ત્રણ કારણોસર છે, પ્રથમ : એ કે એ અયબ છે અને અયબ એકમતિથી અલ્લાહ પર હરામ છે. બીજુ : એ કે જૂઠ એની સિફત હોય તો એનું જૂઠ હમેશાંથી હશે તો જરૂરી ઠરશે એના માટે સાચુ હોવું. અને ત્રીજુ : એ કે કલામે નફસી અને કલામે લફઝી બંનેમાં સચ્ચાઈ અને સત્યતાને બુન્યાદ બનાવવામાં આવી છે. *(શરહે મુવાકિફ, પેજ–૬૦૪)*

ઈમામ ફખ્રુદ્દીન રાઝી ફર્માવે છે :–

**اِنَّ الۡمُؤۡمِنَ لَا يَجُوۡزُ اَنۡ يَظُنَّ بِاللّٰهِ الۡكِذۡبَ بَلۡ يَخۡرُجُ عَنِ الۡاِسۡلَامِ**

"બેશક ! ઈમાનવાળાને રજા નથી કે અલ્લાહ માટે જૂઠની શંકા કરે બલ્કે એ (એવું કરનાર) ઈસ્લામથી બહાર થઈ જશે." *(તફસીરે કબીર, ભાગ–૫, પેજ–૧૭૨)*

**وَالۡكِذۡبُ عَلَيۡهِ مُحَالٌ** "અને જૂઠ અલ્લાહ માટે અશકય છે." *(શરહે ફિક્હે અકબર, પેજ–૨૨)*

**كِذۡبُ كَلَامِ اللّٰهِ تَعَالٰى وَهُوَ مُحَالٌ** "અલ્લાહની વાતનું જૂઠુ થવું અશકય છે." *(શરહે અકાઈદ, પેજ–૧૫૪)*

**નોંધ** : સહાબાથી લઈને આજ સુધી ઉમ્મતમાં આ મસ્અલામાં એકમતિ છે કે અલ્લાહ તઆલા જૂઠથી પાક અને જૂઠ એના માટે અશક્ય છે, અલ્લાહને જૂઠો કહેનાર અથવા જૂઠ પર શક્તિમાન કહેનાર અલ્લાહનું અપમાન કરવાને લઈને ઈસ્લામથી બહાર થઈ જશે

## ખુદા જૂઠુ બોલી શકે !

**★ દેવબંદી/જમાઅતીની માન્યતા ★**

**لَا نُسَلِّمُ** کہ کذب مذکور محال بمعنی مسطور باشد ''અમે એ સ્વીકારતા નથી કે ઉપરોક્ત જૂઠ (અલ્લાહ માટે) અશક્ય હોય.'' *(ઈસ્માઈલ દહેલ્વી, રિસાલા યકરોઝી, પેજ–૧૪૫)* (ભાવાર્થ : એ કે અલ્લાહ જૂઠુ બોલી શકે છે પણ બોલતો નથી.)

کذب داخل تحت قدرت باری تعالیٰ جل وعلا ہے کیوں نہ ہو وھو علیٰ کل شئٍ قدیر

''જૂઠુ બોલવું અલ્લાહ તઆલાની શક્તિમાં છે, કેમ ન હોય એ દરેક વસ્તુ પર શક્તિમાન છે.'' *(ફતાવા રશીદિયા, ભાગ–૧, પેજ–૧૯, ગંગોહી સાહેબ)*

اور امکان کذب کہ خلف وعید کی فرع ہے ''અને જૂઠની શક્યતા વાયદા ખિલાફી કરવાની ડાળી છે.'' *(બરાહીને ક઼ાતિઅહ્, પેજ–૭)*

## ફાતેહા/ન્યાઝ હુઝૂરની સુન્નત છે

**★ સુન્ની માન્યતા ★**

કુર્આન શરીફ પઢીને, કોઈ નેક અમલ કરીને એનો સવાબ બીજા મુસલમાનોને પહોંચાડવો જાઈઝ છે. આમ જ ઈસાલે સવાબના નામથી ખાવા પીવાની કોઈ ચીજ લોકોમાં વહેંચવી એ હુઝૂરની સુન્નત છે અને હદીષોથી સાબિત છે અને જાઈઝ છે.





**બુઝુર્ગોથી સંબંધિત કરતાં એને નઝરો નિયાઝ અદબથી કહેવામાં આવે છે.** જે હદીષ અને કુર્આનથી સાબિત છે.

**★ કુર્આનનો પુરાવો ★**

**رَبَّنَا اغْفِرْ لِىْ وَلِوَالِدَىَّ وَلِلْمُؤْمِنِيْنَ يَوْمَ يَقُوْمُ الْحِسَابُ**

''અય અમારા રબ ! મગફેરત ફર્માવ મારી, મારાં માતા પિતાની અને ઈમાનવાળાઓની એ દિવસે જેમાં હિસાબ થશે.'' *(સૂરએ ઈબ્રાહીમ, સિપારો–૧૩, આયત–૪૧)*

**اُجِيْبُ دَعْوَةَ الدَّاعِ اِذَا دَعَانِ** ''દુઆ કરનારની દુઆ ક઼બૂલું છું જ્યારે એ દુઆ કરે.'' *(સૂરએ બકરહ્, સિપારો–૨, આયત–૧૮૬)*

**નોંધ** : જ્યારે મગફિરતના શબ્દો મરનારને આટલો ફાયદો કરે તો કુર્આનની તિલાવત ઝિક્ર, દુરૂદ અને ઈમાનવાળાઓ માટે કરવામાં આવેલું ખાવા કેટલો ફાયદો કરતું હશે !

**★ હદીષનો પુરાવો ★**

અલ્લામા હઝરત અલી ક઼ારી હનફી رحمۃ اللہ علیہએ પોતાના ફતાવા 'ઓઝજન્દી'માં આ હદીષ નકલ કરી છે : જ્યારે નબીએ કરીમ ﷺના દીકરા હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہના ઈન્તેકાલનો ત્રીજો દિવસ થયો, **તો હઝરત અબૂઝર** رضی اللہ عنہ**એ એક પ્યાલામાં દૂધ, જવની રોટી અને ખારેક લાવીને હુઝૂર** ﷺ**ની સામે મૂક્યું.** આપે તેના ઉપર **એક વખત સૂરએ ફાતિહા** અને **ત્રણ વખત સૂરએ ઈખ્લાસ** પઢી અને **બંને હાથ ઉઠાવી દુઆ કરી** અને **ત્યાર પછી હાથ ચહેરા મુબારક ઉપર ફેરવ્યા.** પછી આપ (ﷺ)એ એવું ફર્માવ્યું કે, **''તમે આપસમાં વહેંચી લો.''** આ હદીષથી નીચે મુજબની વાતો સાબિત થઈ :–

★ ખાણુ સામે મૂકીને ફાતિહા પઢવું હુઝૂર ﷺના ફેઅલ (સુન્નત)થી સાબિત થયું.
★ ફાતિહામાં શું પઢવામાં આવે છે, તેની માહિતી મળી.
★ ત્રિજીયા (ઝિયારત)ની હુઝૂરથી સાબિતી મળી.
★ બાળકો માટે દૂધ પર ફાતિહા આપવાની પણ સાબિતી મળી.
★ ફાતિહાનો સવાબ મુડદાઓને બખ્શવાનો તરીકો.
★ ફાતિહા પછી બંને હાથોને ચહેરા ઉપર ફેરવવું.
★ સારા લોકોના ફાતિહાની ચીજ દરેક માટે ખાવું પણ જાઈઝ.

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે, મારી વાલિદાએ **(માતાએ) ખજૂર, ઘી અને પનીરનું ખાણું** એક વાસણમાં મૂકી હુઝૂર ﷺની પાસે મોકલ્યું. આપે તે ખાણા ઉપર પોતાનો હાથ મૂકીને જે અલ્લાહને મંઝૂર હતું, પઢયું. *(મિશ્કાત શરીફ)*

**★ ફાતિહાનો તરીકો ★**

'શર્હે લબાબ'માં ફાતિહાનો તરીકો આ પ્રમાણે છે :–

ફાતિહા પઢનાર આયતુલ કુર્સી, સૂરએ તકાસુર અને સૂરએ કાફિરૂન એક એક વખત અને સૂરએ ઈખ્લાસ ત્રણ અથવા પાંચ, સાત અથવા અગ્યાર વખત અને સૂરએ ફલક તથા સૂરએ નાસ એક એક વખત અને સૂરએ ફાતિહા પછી ''અલિફ લામ–મીમ.. મુફલેહુન' સુધી પઢીને તેનો સવાબ મુડદાઓને બખ્શી દે. જે ચીજ મોકલશે તેનો સવાબ મુડદાને પહોંચશે.

**★ સિદ્દીકે અકબરે ફાતિહા ખ્વાની કરી ★**

હઝરત મખ્દૂમ સૈયદ શાહ શરફુદ્દીન અહમદ યહ્યા મુનીરી





બિહારી رحمۃ اللہ علیہ પોતાના મલ્ફૂઝાત ''મુખ્ખુલ મઆની'' નામની કિતાબમાં લખે છે કે :–

સરકારે દો આલમ ﷺના વિસાલ પછી સહાબાએ કિરામમાં એ બાબતમાં મતભેદ થયો કે હુઝૂર ﷺની કૃબ્ર શરીફ ક્યાં બનાવવામાં આવે અને કેવા પ્રકારની કૃબ્ર શરીફ બનાવવામાં આવે અને કોને આપનો ખલીફા બનાવવામાં આવે. જ્યારે સઘળી વાતો પતી ગઈ અને હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ખિલાફતની ગાદી ઉપર બેઠા તો **બારામા દિવસે ખલીફએ અવ્વલે કેટલુંક ખાણું રંધાવી ખવડાવ્યું.** તેનો સવાબ હુઝૂરે અકરમ ﷺને હદિયો કર્યો અને સઘળા લોકોને તે ખાણું ખવડાવી દીધું. *(મુખ્ખુલ મઆની)*

સહીહ મુસ્લિમના હવાલાથી સહીહ હદીષ લખી જણાવે છે કે, હઝરત હમ્ઝા رضی اللہ عنہની રૂહ પુરનૂરના ઈસાલે સવાબ માટે હુઝૂર પૂરનૂર ﷺએ શામનું ત્રીજા દિવસનું, દસમા દિવસનું, છ માસનું અને વરસ દિવસનું ખાણું કર્યું. અને ખવડાવ્યું. સહાબાએ કિરામે પણ તે ઉપર અમલ કર્યો. અને સફા–૧૨માં મજમુઉત્નાદિરાત, ખુલાસતુલ ફિક્હ, મરાઅતુલ ઈસરાર અને રાહતુલ કુલૂબથી હવાલાઓ સહિત હઝરત અલી શેરે ખુદા کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત કરવામાં આવેલી સહીહ હદીષ લખી છે કે, મુહમ્મદ મુસ્તફા ﷺની વફાત શરીફ વખતે આપના નવ હુજરાઓ પૈકી દરેક હુજરામાં જુદા જુદા એક એક દિવસે ખાણુ રંધાયું અને મુસલમાનોને ખવડાવ્યું અને દસમે દિવસે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ ઘણા જ મોટા પ્રમાણમાં ખાણુ રંધાવ્યું. આખા મદીના મુનવ્વરાના રહીશોને અર્થાત સહાબીઓને અને અન્સારોને ખવડાવ્યું. વળી સહીહ હદીષથી

એ પણ અલ્લામા કટકીએ સાબિત કર્યું છે કે, હઝરત ખિઝર عليه السلام ત્રીજા દિવસે હઝરત અલી كرم الله وجهه الكريم ની પાસે તશરીફ લાવ્યા અને ફાતિહા બાદ તસલ્લી આપી રૂખસત થયા. *(હવાલો: આઈનએ હક઼ીક઼ત)*

## ફાતેહા/ન્યાઝ ગુમરાહીભરી બિદઅત છે

### ★ દેવબંદી/જમાઅતીની માન્યતા ★

**ફાતેહાના વિશે ગંગોહીનો ફત્વો** : ફાતેહા ખાવા અથવા શીરીની (મીઠાઈ) પર પઢવા બિદઅતે ઝલાલત (ગુમરાહીભરી બિદઅત) છે, કદાપી ન કરવું જોઈએ " *(ફતાવા રશીદિયહ, પેજ–૧૩૬)*

કોઈ ઉર્સ અને મીલાદની સભામાં હાજરી આપવી જાઈઝ નથી અને કોઈ ઉર્સ અને મીલાદની સભા જાઈઝ નથી." *(ફતાવા રશીદિયા કામિલ, પેજ–૧૪૭)*

"સબીલ લગાડવી, શરબત પીવડાવવો અથવા સબીલ અને શરબતમાં ચંદો આપવો અથવા દૂધ પીવડાવવું બધું અસત્ય અને રવાફિઝથી મળતું આવવાને લઈને હરામ છે." *(ફતાવા રશીદિયા કામિલ, પેજ–૧૪૮)*

"ચાલીસ દિવસ સુધી રોટલીનો રિવાજ કરી લેવો બિદઅત છે આમ જ અગ્યારમી પણ બિદઅત છે." *(ફતાવા રશીદિયા કામિલ, પેજ–૧૪૮)*

"હિંદુઓ હોલી, દીવાળીના તહેવારમાં પોતાના ઉસ્તાદ, હાકિમ અથવા નોકરને ખીર પૂરી અથવા બીજું કંઈ ખાવાનું ભેટ કરે છે એ વસ્તુઓનું લેવું અને ખાવું ઉસ્તાદ, હાકિમ અને





નોકર મુસલમાન માટે જાઈઝ છે." –ફકત રશીદ અહમદ *(ફતાવા રશીદિયા કામિલ, પેજ–૪૮૮)*

**નોંધ** : ધ્યાન આપો ! ઈસાલે સવાબનું નાજાઈઝ અને દીવાળી અને હોલીનું જાઈઝ ! આ છે દેવબંદી ધરમ !

## બુઝુર્ગાને દીનની ક઼બરોની ઝિયારત બરકતનો ઝરીયો છે

### ★ સુન્નીઓની માન્યતા ★

બુઝુર્ગોની ક઼બરોની ઝિયારત જાઈઝ છે, બરકતનો ઝરીયો છે. અલ્લાહ અને રસૂલ તરફથી આપણને એની રજા આપવામાં આવી છે. એની ઈજ્જત જરૂરી છે.

### ★ કુર્આનનો પુરાવો ★

وَلَا تُصَلِّ عَلٰٓى اَحَدٍ مِّنْهُمْ مَّاتَ اَبَدًا وَّلَا تَقُمْ عَلٰى قَبْرِهٖ

"મુનાફિકની ક઼બર પાસે ઉભા ન રહો." *(સૂરએ તૌબા, સિપારો–૧૦, આયત–૮૪)*

**ફાયદો** : સ્પષ્ટ છે કે ક઼બરો પાસે જવું હોય અને ઝિયારત કરવી હોય તો ઈમાનવાળાની ક઼બરની ઝિયારત કરો.

وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَاسْتَغْفَرَ لَهُمُ
الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا

"અને જો તેઓ પોતાની જાનો પર ત્રાસ કરી લે તો તમારી પાસે આવે, અલ્લાહથી મગફેરત માંગે અને રસૂલ એમના માટે મગફેરત માંગે તો જરૂરથી અલ્લાહને અધિક તૌબા ક઼બૂલ કરનાર કૃપાળુ પામશે." *(સૂરએ નિસાઅ, સિપારો–૫, આયત–૬૪)*

**ફાયદો** : નબીની ક઼બર પર હાજરી આપવી, અલ્લાહથી દુઆ કરવી, એનાથી સાહિબે ક઼બરનું સાંભળી આપણા માટે દુઆ કરવું સાબિત થયું.

**★ હદીષનો પુરાવો ★**

**"રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હું તમને ક઼બ્રોની ઝિયારતથી રોકતો હતો પણ હવે તમે એની ઝિયારત કરો !"** *(મુસ્લિમ શરીફ, ભાગ-૧, પેજ-૩૧૪)*

**ફાયદો:** દરેક મુસ્લિમની ક઼બરની ઝિયારતની રજા હુઝૂરે આપી. તો બુઝુર્ગોની ક઼બરોની ઝિયારત એનાથી અધિક પુરવાર થઈ.

## કબર પાસે મકાન/ગુંબજ બનાવવું જાઈઝ છે

**★ સુન્નીઓની માન્યતા ★**

ક઼બ્રની આસપાસ અથવા ક઼બરની પાસે કોઈ ઈમારત બનાવવી સામાન્ય મુસ્લિમોની ક઼બ્ર પર તો મના છે અને ફક઼ીરો તથા ઉલમાની ક઼બ્રો પર જાઈઝ છે. દલીલો નીચે પ્રમાણે છે :-

મિશ્કાત કિતાબુલ જનાઈઝ બાબે દફનમાં અબૂ દાઊદની રિવાયતથી છે કે જ્યારે હુઝૂર علیہ السلامએ હઝરત ઉષ્માન ઈબ્ને મઝઊનને દફન ફર્માવ્યા તો તેમની ક઼બ્રના સિરહાને એક પથ્થર લગાડયો અને ફર્માવ્યું કે :-

"અમે એનાથી અમારા ભાઈની ક઼બ્રનું નિશાન લગાડયું અને એ જગ્યાએ આપણા એહલે બયતનાં મુડદાંઓને દફન કરીશું"

ખુલાસતુલ વફામાં છે કે પછી હઝરત ઉમર ફારૂકે આઝમે પોતાના ખિલાફતના જમાનામાં હુઝૂરના હુજરા શરીફની આસપાસ કેટલીક કાચી ઈંટોની ગોળ દીવાલ ખેંચી દીધી. આ





પછી સહાબીએ રસૂલ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેરે બધા સહાબીઓની હાજરીમાં હિ.સ. ૮૮ હિજરીમાં આ ઈમારતને (હુઝૂરના રોઝાને) ઘણી જ મજબૂત બનાવી અને તેમાં પથ્થર લગાવ્યા. (رضی اللہ عنہ)

સન ૫૦૫ હિજરીમાં જમાલુદ્દીન અસ્ફહાનીએ તમામ ઉલમાએ કિરામની હાજરીમાં સંદલની લાકડીઓની જાળી એ દીવાલની ચોપાસ બનાવી.

સન ૬૧૮ હિજરીમાં 'કલાઉને' હાલનો ગુંબદે ખિદરા બનાવ્યો.

મુન્તકા શર્હે મોઅત્તા ઈમામ માલિકમાં હઝરત અબૂ અબ્દ સુલૈમાન ફર્માવે છે કે, હઝરત ઝયનબ બિન્તે જહશે સરકારનાં પવિત્ર પત્નીની ક઼બર પર ગુંબદ બનાવ્યો. હઝરત આઈશા સિદ્દીક઼ા (رضی اللہ عنہا) એ પોતાના ભાઈ હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને હઝરત અબૂબક્ર સિદ્દીક઼ની ક઼બ્ર પર ગુંબદ બનાવ્યો. હઝરત મોહમ્મદ ઈબ્ને હનીફ (હઝરત અલીના દીકરા અને હઝરત ઈમામ હસન, હુસૈનના ભાઈ)એ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસની ક઼બર પર ગુબંદ બનાવ્યો. (رضی اللہ عنہ)

**હવે એનાથી અંદાજો લગાડો કે જો મઝારો બનાવવાનું શિર્ક હોત, તો સહાબાએ કિરામ આવું કરતા ખરા ? કદીયે નહીં. બધા જ સહાબાએ કિરામ ખાસ કરીને ફારૂકે આઝમ અને હઝરત આઈશાના આ કાર્યો બતાવી રહયાં છે કે, મઝારાત બનાવવાં શરીઅતે મોહમ્મદીમાં જાઈઝ છે, બલ્કે મુસ્તહબ, જેને વહાબીઓએ શિર્ક ઠરાવી તેની સાથે અનેક પ્રકારની બેઅદબીઓ, ગુસ્તાખીઓ**

કરી. સાબિત થયું કે સાલેહીન ની ક્બ્ર ઉપર મકાન/ગુંબદ બનાવવા સહાબાની સુન્નત છે.

**★ પૂર્વજોનો પુરાવો સુન્નીઓની તરફદારીમાં ★**

ઈમામ શામી લખે છે ઈમામ શાફઈથી નકલ કરીને :–

"હું ઈમામ અબૂ હનીફાથી બરકત પ્રાપ્ત કરું છું અને એમની ક્બર પાસે આવું છું પછી જ્યારે મને કોઈ જરૂરત હોય તો બે રકાત નમાઝ પઢું છું અને અલ્લાહથી એમની ક્બર પાસે માંગ કરું છું તો જલ્દી પૂરી કરી દેવામાં આવે છે." *(શામી મુકદ્દમામાં)*

## બુઝુર્ગાને દીનની ક્બરો વિશે

**★ દેવબંદી/જમાઅતીની માન્યતા ★**

સાહિબે ક્બરથી મદદ માંગવી ગમે તે રીતે હોય નાજાઈઝ છે.) *(ફતાવાએ રશીદિયહ, પાન – ૫૮) (જવાહિરુલ કુર્આન બહવાલા તકફીરી અફસાના)*

**અબ્દુલ વહાબ નજદીનો ફતવો :–**

" નબી વલીની ક્બરની તરફ સફર કરવી અને બુતો (મૂર્તિઓ)ની તરફ સફર કરવી મહાન શિર્ક (શિર્કે અકબર) છે." (કિતાબુત્તૌહિદ).

**દેવબંદી ગંગોહી સાહબ લખે છે :–**

"ઔલિયા અલ્લાહની ક્બરોથી દુઆ ચાહવી વિવાદાસ્પદ છે. જેના ત્યાં મુડદાનું સાંભળવું સાબિત છે એ જાઈઝ કહે છે અને જે સાંભળવાનો ઈન્કાર કરે છે એ બેકાર કહે છે. અને અમુક કહે છે કે સુન્નતથી આ પ્રમાણે દુઆ કરવી સાબિત નથી એટલે બિદઅત છે, બંદાને ત્યાં વિવાદાસ્પદ મસ્અલાઓમાં





ફૈસલો નથી થઈ શક્તો, જે બચવા લાયક હોય એને પસંદ કરું છું. *(ફતાવા રશીદિયા કામિલ, પેજ–૧૬૬)*

## અલ્લાહ તઆલાને અલ્લાહમિયાં કહેવું કેવું ?!

**★ સુન્ની માન્યતા ★**

અલ્લાહ તઆલાના નામો જાતિય હોય કે પછી સિફાતી, કુર્આન અને હદીષ પર અને અલ્લાહની ઉતારેલી કિતાબો પર આધારિત છે. અલ્લાહને એ છોડીને નવા નામ આપવામાં નહીં આવે. કોઈ નામનો તર્જુમો બીજી ભાષામાં કરવામાં આવે તો એની રજા છે. **'મિયાં'** શબ્દ અલ્લાહ માટે અદબથી દૂર છે, જેથી એને બોલવાથી બચવામાં આવે.

**'મિયાં'** શબ્દ આ કાયદામાં ન આવતાં અલ્લાહ તઆલા માટે એની રજા આપવામાં આવશે નહીં, બોલવું ગુનોહ નથી પણ અલ્લાહની શાનને લાયક નથી.

**★ કુર્આનનો પુરાવો ★**

وَلِلّٰهِ اَسْمَآءُ الْحُسْنٰى فَادْعُوْهُ بِهَا وَذَرُوا الَّذِيْنَ يُلْحِدُوْنَ فِىْ اَسْمَآئِهٖ سَيُجْزَوْنَ مَا كَانُوْا يَعْمَلُوْنَ

"અને અલ્લાહ તઆલાનાં સુંદર નામો છે તો એનાથી એને બોલાવો અને એને છોડી આપો જે હક્ક્થી ખસીને છે. તેઓ જલ્દીમાં પોતાના કરેલાનો બદલો પામશે." *(સૂરએ અઅ્'રાફ, સિપારો–૯, આયત–૧૮૦)*

**નોંધ** : જે નામ અલ્લાહની શાનને લાયક ન હોય એ નાજાઈઝ છે. અલ્લાહના નામો તૌકીફી છે. એટલે કુર્આન તથા હદીષથી હટવામાં ન આવે.

لَا تَجْعَلُوْا دُعَآءَ الرَّسُوْلِ بَيْنَكُمْ كَدُعَآءِ بَعْضِكُمْ بَعْضًا

"તમારા એકબીજાને બોલાવવા માફક તમારામાં રસૂલને બોલાવવું ન બનાવો !" *(સૂરએ નૂર, સિપારો–૧૮, આયત–૬૩)*

**નોંધ** : જ્યારે નબીને પબ્લિકના તરીકા પર બોલાવવાની રજા નથી તો પછી અલ્લાહને એવા નામથી કેમ કરીને બોલાવવામાં આવે જે પબ્લિક સમાન હોય !

યુ.પી.માં સામાન્ય તરીકા પર એકબીજાને **'મિયાં'** કહે છે. ગુજરાતમાં સૈયદ લોકોના નામ સાથે **મિયાં** લગાડવામાં આવે છે. **'મિયાં'** કરીને એક ક઼ૌમ પણ છે. ઔરતો પોતાના પતિને પણ **'મિયાં'** કહે છે. જ્યારે આ શબ્દ પબ્લિક ઉપયોગમાં આટલો સામાન્ય બની ગયો હોય તો અલ્લાહ માટે **મિયાં** શબ્દનો ઉપયોગ કરવો યોગ્ય નથી. **મિયાં** શબ્દ માણસ માટે વપરાતો આમ શબ્દ હોવાથી એ શબ્દનો ઉપયોગ અલ્લાહની શાનની વિરુધ્ધ છે.

### ★ મલ્ફૂઝ઼ાતે આ'લા હઝ઼રત ★

ઉર્દૂ ભાષામાં 'મિયાં' શબ્દના ત્રણ અર્થ છે એમાંથી બે અર્થ એવા છે જેનાથી અલ્લાહની શાન પાક છે (તેની શાનને લાયક નથી) અને એક બોલી શકાય છે, તો જ્યારે બે શબ્દ ખરાબ અર્થમાં અને એક સારા અર્થમાં છે અને શરીઅતમાં એ આવ્યો નથી તો ઝ઼ાતે બારી પર એને બોલવું મનાઈ છે એનો એક અર્થ મૌલા તઆલા છે. બેશક ! મૌલા અલ્લાહ છે, બીજો અર્થ પતિ, ત્રીજો અર્થ વ્યભિચારનો દલાલ. *(મલ્ફૂઝ઼ાતે, પેજ–૧૧૧)*

### ★ વહાબી દેવબંદી/જમાઅતી મુર્તદ ફિર્કાનું નામ છે ★

વહાબી દેવબંદી/જમાઅતી એ ક઼ાદયાની માફક અહલે સુન્નત





વલ જમાઅતથી હટીને એક મુર્તદ ફિર્કો છે. અહલે સુન્નતની ઘણી વાતોમાં વિવાદ કર્યો પણ મૂળ વિવાદ જેને લઈને એને મુર્તદ કહેવામાં આવ્યો એ અલ્લાહ અને રસૂલનું અપમાન છે. અને આ માત્ર અમારો દાવો નથી એની વાસ્તવિક્તાને પુરવાર કરવા અમે તમારી સેવામાં એમની કિતાબોના પુરાવા પેજ નંબરોની સાથે રજૂ કરીએ છીએ. જે ધ્યાન થી જુઓ.

### દેવબંદી, વહાબી દ્વારા અલ્લાહ અને રસૂલનું થયેલ અપમાન નીચે મુજબ એમની કિતાબોથી સાબિત છે

**(૧)** "ગયબનું જાણી લેવું પોતાના અધિકારમાં હોય કે જ્યારે ઈચ્છે માલૂમ કરી લે આ અલ્લાહ તઆલાની શાન છે." *(તક઼વિયતુલ ઈમાન, પેજ–પર)*

**અલ્લાહની સિફતે ઈલ્મ (ઈલ્મની ખૂબી)નું અપમાન :**

અલ્લાહ જ્યારે ઈચ્છે માલૂમ કરી લે એનો મતલબ એ થયો કે અલ્લાહ પાસે દરેક વસ્તુનું ઈલ્મ નથી. આ છે અલ્લાહ તઆલાનું અપમાન !

**(૨)** "જૂઠુ બોલવું અલ્લાહ તઆલાની શક્તિમાં છે." *(ફતાવા રશીદિયા, ભાગ–૧, પેજ–૧૯)*

આ **અલ્લાહ તઆલાનું બીજું અપમાન** છે કે એને જૂઠ પર શક્તિમાન બતાવવામાં આવ્યો.

**(૩)** "આપની (નબી ﷺની) મુક઼દ્દસ જાત પર ઈલ્મે ગયબનો હુકમ કરવો ઝૈદની વાત પ્રમાણે સત્ય હોય તો પૂછવાનું એ કે આ ગયબનો મતલબ અમુક ગયબ છે અથવા સઘળો ગયબ, જો ગયબના અમુક ઈલ્મો મતલબ છે તો એમાં **હુઝૂરની**

**જ શું વિશેષતા ! એવું ઈલ્મે ગયબ તો ઝૈદ, અમર બલ્કે દરેક બાળક અને પાગલ, બલ્કે સઘળા પશુ પ્રાણીઓને પણ પ્રાપ્ત છે."** *(હિફઝુલ ઈમાન, પેજ–૮, થાન્વીજી–દેવબંદી)*

(આપણા નબીના ઈલ્મે ગયબને જાનવરો અને પાગલો સાથે સરખામણી આપી નબીનું અપમાન કર્યુ.)

**(૪)** "ખુલાસો એ કે વિચારવું જોઈએ કે શૈતાન અને મલકુલ મૌતની હાલત જોઈને જમીનને ઘેરી વળેલ ઈલ્મ ફખ્રે આલમ (હુઝૂર) માટે વિના દલીલે માત્ર ખોટા ક્યાસથી કુર્આન અને હદીષની યકીની વાતોની વિરુધ્ધ સાબિત કરવું શિર્ક નહીં તો કયો ઈમાનનો ભાગ છે. *(બરાહીને કાતિઅહ્, પેજ–૫૫, ખલીલ અંબેઠવી)*

દેવબંદી તેમજ બદ્‌મઝહબીઓનો એક અકીદો એ પણ છે કે શૈતાન તથા મલકુલ મૌતના ઈલ્મથી હુઝૂર ﷺનો ઈલ્મ ઓછો છે. જે શખ્સ 'શૈતાન' તથા 'મલકુલ મૌત'ના માટે વિશાળ ઈલ્મ માને તે મો'મિન મુસલમાન છે, પરંતુ હુઝૂર ﷺના ઈલ્મનને વિશાળ અને વધારે માનનાર મુશ્રિક તથા બેઈમાન છે ! જેમ કે દેવબંદી ગિરોહના પેશ્વા "મોલ્વી ખલીલ અહમદ અંબેઠી"એ પોતાની કિતાબ બરાહીને કાતિઅહ્, પેજ–૫૧ ઉપર લખ્યું છે કે, "શૈતાન તથા મલકુલ મૌતને આ વિશાળતા નસ (કુર્આની દલીલ)થી સાબિત થઈ. હુઝૂર ﷺના ઈલ્મની વિશાળતાના માટે કઈ નસ્સે કતઈ (કુર્આની દલીલ) છે જેનાથી તમામ નસૂસ (દલીલો)ને રદ કરીને એક શિર્ક સાબિત કરે છે."

શૈતાન અને મૌતના ફરિશ્તાનું ઈલ્મ આપણા નબીથી વધારે !





અલ્લાહ બરાબર ! આ અલ્લાહનું અપમાન કે શૈતાનને ઈલ્મની સિફતમાં શરીક કર્યો, અને રસૂલુલ્લાહનું અપમાન કે એમના માટે ગયબના ઈલ્મનો ઈન્કાર કર્યો. એટલી હદે લખે છે :–

**(૫)** "મને એટલે નબી ﷺને દીવાર પાછળનું પણ ઈલ્મ નથી." *(બરાહીને કાતિઅહ્, પેજ–૫૫)*

**(૬)** " (નમાઝમાં) શેખ અને એમની જેવા મહાન લોકોનો ખયાલ કરવો પછી જનાબ રિસાલત મઆબ હોય, પોતાના ગધેડા અને બળદની સૂરતમાં ડૂબી જવાથી ઘણુ જ ખરાબ છે, કે એમનો ખયાલ ઈજ્જત અને બુઝુર્ગીને લઈને માણસના દિલમાં ચોંટી જાય છે." *(સિરાતે મુસ્તકીમ, પેજ–૮૬, દહેલ્વીજી)*

(નમાઝમાં નબીનો ખયાલ જાનવરોના ખયાલથી વધીને ખરાબ છે, આ છે આપણા નબીનું અપમાન.)

**(૭)** "દરેક મખ્લૂક મોટી હોય અથવા નાની અલ્લાહની શાન આગળ **ખાલપા (ચમાર)થી વધીને બેઈજ્જત** છે." *(તકવિયતુલ ઈમાન, પેજ–૧૨૩)*

(નબીઓ અલ્લાહની બારગાહમાં બેઈજ્જત હોય તો પછી ઈજ્જતવાળુ કોણ ?!)

**(૮)** "અને જેનું નામ મુહમ્મદ અથવા અલી હોય એ કોઈ વસ્તુનો અધિકાર રાખતો નથી." *(તકવિયતુલ ઈમાન, પેજ–૨૮)*

**(૯)** "હું (નબી ﷺ) પણ એક દિવસ **મરીને માટીમાં ભળી જવાનો છું."** *(તકવિયતુલ ઈમાન, પેજ–૪૨)*

(કુર્આનથી અને હદીષોથી અનેક પુરાવા છે કે નબીઓના શરીરને માટી માટે હરામ કરી દેવામાં આવ્યાં, તો પછી દેવબંદી જમાઅતીઓએ વિચારવું જોઈએ કે નબીઓના સરદાર માટે આવા

નીચ વિચાર કેમ કરી રાખી શકાય ?!)

**(૧૦)** એક સાલેહ ફખ્રે આલમ રસૂલુલ્લાહ ﷺકી ઝિયારતસે ખ્વાબમેં મુશર્રફ હુએ તો આપ કો ઉર્દૂમેં કલામ કરતે દેખ કર પૂછા કે આપ કો યહ કલામ કહાંસે આ ગઈ ! આપ તો અરબી હંય ?!

(રસૂલુલ્લાહે) "ફર્માવ્યું, જ્યારથી મદ્રસએ દેવબંદના આલિમોથી અમારો મામલો (સંપર્ક) થયો અમને આ ભાષા આવડી ગઈ." *(બરાહીને કાતિઅહ્, પેજ–૨૬)*

[દેવબંદીઓના મતે નબીએ પાક ﷺને ઉર્દૂ ભાષા આવડતી ન હતી તો દેવબંદના મૌલ્વીઓએ એમને શિખવાડી ! હઝરત આદમને તો સર્વ ભાષાઓ રબે શીખવાડી હતી અને સૈયદુલ અંબિયા ઉર્દૂ જાણતા ન હતા ! (મઆઝલ્લાહ !) દેવબંદી ઉલમા નબીના ઉસ્તાદ હોવાનો દાવો કરે છે. શું આ નબીનું અપમાન નથી ?! અને **આ જૂઠો ખ્વાબ ઘડીને દેવબંદનું મહત્વ વધારવા પબ્લિક સાથે કેટલો મહાન ધોકો કર્યો છે** ! જરા ઠંડા દિલે વિચારે !]

**(૧૧)** "નબીઓ પોતાની ઉમ્મતથી ઉત્તમ હોય તો ઈલ્મમાં જ ઉત્તમ હોય છે, રહી ગયો અમલ, એમાં અમુક વખત ઉમ્મતી (નબીની) બરાબર થઈ જાય છે બલ્કે (નબીથી) વધી જાય છે." *(તહઝીરુન્નાસ, પેજ–૫)*

**(૧૨)** "જેમ દરેક કૌમનો એક ચૌધરી અને ગામનો જમીનદાર તો એ અર્થમાં દરેક પૈગંબર પોતાની ઉમ્મતનો સરદાર છે." *(તકવિયતુલ ઈમાન, પેજ–૭૨)*

(રસૂલને ચૌધરી અને જમીનદાર સાથે સરખાવવું અપમાન નથી ?!)





**(૧૩)** "એ શહનશાહની તો એ શાન છે કે એક પળમાં એક હુકમે કુનથી ઈચ્છે તો કરોડો નબી, વલી, જિન્નાત, ફરિશ્તા, જિબ્રઈલ અને મુહમ્મદ બરાબર પેદા કરી આપે." *(તકવિયતુલ ઈમાન, પેજ–૬૮)*

(ખૂદ અલ્લાહે જ કહ્યું કે મુહમ્મદ ﷺ આખરી નબી છે તો પછી અલ્લાહથી પણ આગળ વધીને દેવબંદી વહાબીઓ કહે છે. શું આમાં નબીનું અપમાન કરવાનો તેમનો હેતુ સાબિત નથી થતો ?!)

**(૧૪)** "મારી શક્તિની હાલત તો એ છે કે પોતાની જાન સુદ્ધાંના નફા નુકસાનનો માલિક નથી તો બીજાનું શું કરી શકું ?! *(તકવિયતુલ ઈમાન, પેજ–૫૮)* "હુઝૂરને નિરર્થક સાબિત કરી અપમાન કર્યુ.

કયામતમાં દરેક મો'મિનની શફાઅત રસૂલુલ્લાહ ﷺના હાથે જ થશે, એનાથી બીજુ મોટુ ફાયદાનું કામ કયું ?!)

**(૧૫)** "જો માની લઈએ કે આપના જમાનામાં પણ કોઈ જગાએ બીજો કોઈ નબી હોય તો પણ આપનું ખાતમુન નબી હોવું એ જ પ્રમાણે બાકી રહે છે." *(તહઝીરુન્નાસ, પેજ–૧૩)* (એટલે કે આપણા નબી અંતિમ નબી નથી માત્ર ઉત્તમ નબી છે.)

દેવબંદીઓ અને જમાઅતીઓ સાથેનો સુન્નીઓનો વિવાદ ઉપરોક્ત બુરા અકીદાને લઈને છે, નહીં તો અમુક વાતો જેને તેઓ બિદઅત કહે છે એને સુન્નીઓ પણ બિદઅત કહે છે અને મસ્અલાની અમુક વાતો જેમાં એમણે વિવાદ કર્યો ભલે ખોટો છે પણ એને લઈને કુફ્રના ફત્વા આપવામાં નથી આવ્યા. **વહાબી દેવબંદી જમાઅતીઓને કુફ્રના ફત્વા તો અલ્લાહ અને રસૂલ ﷺના અપમાનને લઈને જ છે.** આ વાત ભૂલવામાં

ન આવે !!

## અમે કટ્ટર વહાબી છીએ !

### ★ દેવબંદી/જમાઅતીની માન્યતા ★

મૌલ્વી અશ્રફ અલી થાનવી દેવબંદી જણાવે છે કે :–

" જો મારી પાસે દસ હજાર રૂપિયા હોય તો બધાનો પગાર નક્કી કરી દઉં, પછી લોકો આપમેળે વહાબી બની જશે." *(અલ્ ઈફાદતુલ્ યવ્મિયહ્)*

મૌલ્વી રશીદ અહમદ ગંગોહી લખે છે કે, "મુહમ્મદ અબ્દુલ વહાબના મુકતદીઓને વહાબી કહે છે અને તેમના અકીદાઓ ઉમદા (સારા) હતા." *(ફતવાએ રશીદિયહ. પેજ–૫૫૧)*

**કંથારીયામાં છપાયેલ તક્વિયતુલ ઈમાન કિતાબમાં (પેજ ૧૬ ઉપર) અબ્દુલ વહાબ નજદીને વિખ્યાત સુધારક, સુન્નતને નવજીવન આપનાર તેમજ તુર્કોની ઉષ્માની સત્તાને ઉખેડી ફેંકનાર કહી વખાણ કર્યા છે.**

ઈલ્યાસી, તબ્લીગી, દેવબંદીઓના મહા મહારથી મુનાઝિર તથા દારુલ ઉલૂમ દેવબંદની સલાહકાર સમિતિના ભૂતપૂર્વ પ્રમુખ મૌલાના મંઝૂર નોઅમાની સાહેબ ફર્માવે છે કે, "અમે પોતે અમારા બારામાં સફાઈપૂર્વક અર્ઝ કરીએ છીએ કે **અમે સખત વહાબી છીએ !**" એના જવાબમાં તબ્લીગી, દેવબંદીઓના હઝરતજી (જેમની તબ્લીગી નિસાબ કિતાબ તબ્લીગીઓ મસ્જિદમાં કૂંડાળું વળી પઢે છે) એટલે કે જનાબ મૌલાના ઝકરિયા સાહબ ફર્માવે છે, "મૌલ્વી સાહેબ ! **હું પોતે તમારાથી મોટો વહાબી છું !**" *(સવાનેહે મોહમ્મદ યૂસુફ)*





આ હકીકત માલૂમ કર્યા પછી હવે મારો ખયાલ છે કે, તબ્લીગી અને દેવબંદીઓના વહાબી હોવામાં કોઈ પ્રકારની શંકાને સ્થાન રહેતુ નથી.

## જાહિલોનાં કામો સુન્નિયતને બદ્નામ કરે છે !

જેવી રીતે મુસલમાન કહેવાતા લોકોમાં ગવૈયા, નાચનારા, દારૂડીયા, જૂગારી, વ્યભિચારી, સ્ત્રી પુરૂષો હોય છે, શાદીઓમાં બેન્ડબાજા સાથે નાચનારા, જૂઠ, દગો, ધોકો, લાંચ, ઉચાપત કરનારા હોય છે, તો એના પરથી કોઈ ગૈર મુસ્લિમ જો એવું કહે કે, "આ છે ઈસ્લામ ! જે દારૂ, જૂગાર, ધોકો, વગેરે કરવાનું કહે છે ! " તો તેનો જવાબ તમે એ જ આપશો કે, નહીં ! નહીં ! ઈસ્લામ એવું નથી શીખવાડતો જેવું આ લોકો કરી રહ્યા છે, બલ્કે ઈસ્લામ તો સારી તથા ઉમદા અખ્લાક઼ની તા'લીમ આપે છે, તેનો અભ્યાસ તો કરો ! પછી કાંઈ બોલો !

એ જ રીતે સુન્નીઓમાં પણ કેટલાક જાહિલો છે જેઓ દરગાહો પર ગિલાફ ચૂમવાના બદલે અથવા અદબથી ચાર હાથ દૂર ઉભા રહી ફાતેહા પઢવાને બદલે "સિજદાની જેમ માથુ ટેકવી દે છે" તથા **પીરોને તા'ઝીમી સિજદા કરનારા** પણ મૌજૂદ છે, **વાજિંત્રો જે ઈસ્લામમાં હરામ** છે છતાં વાજિંત્રો વગાડી સૂફી બની કવ્વાલીઓ અને સમા ગાય, વગાડે તથા સાંભળે છે, સ્ત્રીઓએ બેપર્દા ઘર બહાર નીકળવાનો હુકમ નથી છતાં **દરગાહો પર બેપર્દા સ્ત્રીઓ** એટલી તો ભીડભાડ કરે છે કે દરગાહોને જાણે ઘેરી લે છે. પુરૂષોને અંદર જવું મુશ્કેલ કરી આપે છે ! તેમજ મોહર્રમમાં **તા'ઝિયાદારીની રસમ ધામધૂમથી શીઆઓની દેખાદેખી થાય છે, જે જાઈઝ નથી.**

દુનિયાના સર્વ સુન્ની વલ જમાઅતના આલિમ, મુફ્તીઓ, બુઝુર્ગાને દીન, અવલિયાએ કિરામની સર્વ સંમતિ આ જ વાત પર છે કે તા'ઝિયાદારી, વાજિંત્રો સાથે સમઅ, તા'ઝીમી સિજદો....વગેરે ખરાબ કામો જાઈઝ નથી તેમજ દરેક સુન્ની દારુલ ઉલૂમનો એ જ ફત્વો છે કે જાઈઝ નથી, પછી એમને જાઈઝ કહેનાર કોણ છે ?! આલિમ અથવા ઓલિયાએ કિરામ તો હોય નથી શક્તો, દીનથી અજાણ લોકો હશે ! તો શું દીન અને ધર્મમાં જાહિલની વાત માનશો ?! કે મુફ્તીઓ, આલિમો અને બુઝુર્ગાને દીન અને ઔલિયાએ કિરામની વાતને માનશો ?! તમે જાતે જ ફૈંસલો કરો ! [વધુ ખુલાસા માટે વાંચો **દયાદરા**ની કિતાબો **તોહફાએ નજાત, ભાગ-૧૦, ૧૧, ૧૨**]

તાઝિયાદારી, વાજિંત્રો સાથે કવ્વાલી સમાઅ અને તા'ઝીમી સિજદો નાજાઈઝ હોવા વિષે કોઈ વ્યક્તિને હજુ પણ શંકા હોય તો એમના પસંદીદા દારુલ ઉલૂમમાંથી જ્યારે ઈચ્છે ફતવો મંગાવે અને હક્ક઼ જાણી લે ! સુન્નીઓ પણ સમજે અને જાહિલોની ખોટી માન્યતાઓનું આંધળું અનુકરણ ન કરે અને દેવબંદીઓને બોલવાનો મોક઼ો ન આપે. કેમ કે સુન્નીઓની આવી જહાલતના કારણે જ દેવબંદિયતને ફેલાવાનો મોક઼ો મળ્યો છે.

## વહાબીઓના જુલ્મની દાસ્તાન !

"યા રસૂલલ્લાહ ! અલમદદ !"ને શિર્ક કહેનારા





વહાબી, દેવબંદીઓએ અંગ્રેજોની ગુલામી સ્વીકારી "અલ મદદ યા બ્રિટન !"ના પોકાર સાથે સઊદી પર કબજો જમાવ્યા બાદ વહાબીઓ દ્વારા ૧૯૨૫માં તોડી પાડેલ સહાબાના તેમજ ખાનદાને નબુવ્વતના મઝારો તેમજ ઐતિહાસિક મસ્જિદોની યાદી :- (જે ૧૩૦૦ વરસથી દુનિયાના દરેક ઔલિયાએ કિરામ બુઝુર્ગાને દીનની આંખોની ઠંડક હતી તે ૧૫૦ વરસથી પેદા થયેલ દેવબંદી વહાબીઓને મૂર્તિ પૂજા લાગી !)

### ★ વહાબીઓ દ્વારા તોડી પડાયેલ ઐતિહાસિક મસ્જિદો ★

૧. મસ્જિદે ફાતેમા, મુત્તાસિલ મસ્જિદે કુબા.

૨. મસ્જિદે સનાયા. (ઓહદનું મેદાન જ્યાં હુઝૂર ﷺના દાંત મુબારક શહીદ થયા.)

૩. મસ્જિદે મનાઝેતીન.

૪. મસ્જિદે માએદા. (જ્યાં સૂરએ માએદહ્ નાઝિલ થઈ હતી.)

૫. મસ્જિદે ઈજાબા (જ્યાં સરકારની એક અતિ મહત્વની દુઆ કુબૂલ થઈ હતી.)

હુઝૂર ﷺ ના મઝારે અક઼દસને (મઆઝલ્લાહ) "સનમે અકબર" (સૌથી મહાન મૂર્તિ) ઠરાવી ખોટી કાઢવાની કોશિશ પણ કરી હતી, પરંતુ તેમનું કાંઈ ચાલ્યું નહીં,

### ★ વહાબીઓ દ્વારા તોડી પાડેલા ખાનદાને નબુવ્વતની શાહઝાદીઓનાં મઝારાત ★

૧. રસૂલે ખુદા ﷺ ની શાહઝાદી હઝરત સૈયદા ફાતેમા رضی اللہ عنہا

૨. બિન્તે રસૂલ (શાહઝાદી) હઝરતે ઝૈનબ رضی اللہ عنہا

૩. બિન્તે રસૂલ (શાહઝાદી) હઝરતે ઉમ્મે કુલ્સૂમ رضی اللہ عنہا

૪. બિન્તે રસૂલ (શાહઝાદી) હઝરતે રુકૈયા رضی اللہ عنہا

૫. હઝરતે ફાતેમા સુગરા (બિન્તે હઝરત ઈમામ હુસૈન શહીદે કરબલા رضی اللہ عنہا)

**★ વહાબીઓ દ્વારા તોડી પાડેલ ઉમ્મતની પાકદામન માંઓના મઝાર ★**

૧. ઉમ્મુલ મુ'મિનીન હઝરતે આઈશા સિદીક઼ા رضی اللہ عنہا

૨. ઉમ્મુલ મુ'મિનીન હઝરતે ઝૈનબ رضی اللہ عنہا

૩. ઉમ્મુલ મુ'મિનીન હઝરતે સૌદા رضی اللہ عنہا

૪. ઉમ્મુલ મુ'મિનીન હઝરતે હફસા رضی اللہ عنہا

★ કુલ ૯ અજવાઝે તય્યેબાતનાં મઝારાત

**★ વહાબીઓ દ્વારા તોડી પાડેલ મશ્હૂર એહલે બૈતનાં મઝાર શરીફ ★**

૧. શાહઝાદએ રસૂલ ﷺ હઝરતે ઈમામ હસન મુજતબા رضی اللہ عنہ

૨. સરે મુબારક હઝરત ઈમામ હુસૈન શહીદે કરબલા رضی اللہ عنہ

૩. હઝરત ઈમામ ઝયનુલ આબેદીન رضی اللہ عنہ

૪. જિગર ગોશએ રસૂલ ﷺ હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ

૫. ઉમ્મુન્નબી (હુઝૂર ﷺ ના કાકા) હઝરત અબ્બાસ رضی اللہ عنہ

૬. હઝરત ઈમામ જા'ફર સાદિક઼ رضی اللہ عنہ

૭. હઝરત ઈમામ મુહમ્મદ બાક઼ર رضی اللہ عنہ





**★ વહાબીઓ દ્વારા તોડી પાડેલ મશ્હૂર સહાબા અને તાબેઈનના મઝારો ★**

૧. અમીરુલ મુ'મિનીન હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ

૨. હઝરત સૈયેદેના ઉષ્માન ઈબ્ને મજઊન رضی اللہ عنہ

૩. હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہ

૪. હઝરત સઅદ ઈબ્ને અબી વક્ક઼ાસ رضی اللہ عنہ

૫. હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ

૬. હઝરત ઈમામ નાફિઅ્ رضی اللہ عنہ

*–(રિપોર્ટ ખિલાફત કમિટી, પાન ૮૦ થી ૮૯)*

**★ ઝખ્મોનું દર્દ ★**

આ હતા **વહાબી, નજદી કૌમનાં તે ''જુલ્મી કારસ્તાન'' જેના પર દેવબંદી જમાઅતના ઉલ્માએ સાઊદીના સુલ્તાન સઊદને મુબારકબાદીનો તોહફો અર્પણ કર્યો હતો અને એમની પાસે પોતાના ખાસ એલચી મોકલીને સંતોષ અને અનહદ આનંદ વ્યક્ત કર્યો હતો !!** જો કે મહોબ્બતની જે નિશાનીઓને ઉમ્મતે મર્હૂમાએ ૧૩૦૦ વર્ષથી કાળચક્રના ખપ્પરમાં બચાવી બચાવીને આજ સુધી સલામત રાખી હતી. અને જેના પુરકૈફ મંઝરથી મુસલમાનોની ઈશ્ક઼ અને ઈમાનની આંખો ઠંડી રહ્યા કરતી હતી તે સર્વ નિશાનીઓ તથા સ્થળો રિયાસત રૂપી બાગના આ (વહાબી) દ્રોહીઓના અંતરમાં કાંટાની જેમ ખટકતી હતી અને તેથી જ એમનાં સળગતાં દિલોને તે દિવસે સંતોષ પ્રાપ્ત થયો જે દિવસે જમીન પરથી ઈશ્ક઼ તથા ઈમાનની પેહચાનની આ સર્વે યાદગારો મિટાવી (પાયમાલ

કરી) દેવામાં આવી. એમની (વહાબીઓની) ખુશીઓનો સંદેશ પહોંચાડનાર આ ક્ષણોની રાહ જોઈને રોકાયલો જ હતો કે જ્યાં સુધી રસૂલે મુજતબાના લાડલાઓની આરામગાહોને પગની ઠોકરો વડે એક ક્ષણમાં પાયમાલ ન કરી દેવામાં આવી અને જ્યાં સુધી દુનિયાના ૮૦ કરોડ મુસ્લિમોની આંખોમાંથી લોહીનાં અશ્રુ ટપકતાં ન થયાં ! અને ખરેખર આ બધું કરીને જ આ વહાબી બદબખ્તોએ શાંતિનો □ાસ લીધો.

હવે અત્રે હું મારા વાંચક બિરાદારોને ફક્ત એટલું કહેવા માગું છું કે લોહીની સગાઈના દર્દની લાગણી જન્માવીને બતાવો કે **તમારા બાપદાદાઓ કે લાડલાઓની કબ્રો સાથે જો કોઈ આવા પ્રકારની નાપાક હરકત કરે તો તમારી રૂહની બેચેનીની શી હાલત થાય ? શું તેઓને તમે માફ કરશો ?!**

અરબસ્તાનમાં નજદના રણ પ્રદેશના જે વહાબી જંગલી જાનવરોએ સરકારે કૌનેન ﷺ ના લાડલાઓ લાડલીઓ, અજવાઝે તૈયેબાત અને હુઝૂર ﷺના મેહબૂબ સહાબીઓની મુબારક કબ્રોને તોડવા માટે જે હથિયારો ચલાવ્યાં, તેમનાં મઝારાતની ઈજ્જતને ખાક તથા ખૂનમાં રગદોળી, આ કાર્યોને કારણે જિંદગીની કોઈ ક્ષણે પણ તમો એ વહાબી લોકો તેમજ એમને સાથ આપનાર દેવબંદી જમાઅતીઓને માફ કરી શકો ખરા ?

બિરાદરો ! જવાબ આપો કે આજે ૧૪૦૦ વર્ષનાં વહાણાં વીતી ગયાં પણ યઝીદને મો'મિનોએ માફ નથી કર્યો તો પછી **શું આ સંગદિલ વહાબીઓને તેમજ એમને સાથ**





**આપનારાઓને તમે માફ કરી શકો છો ? વહાબીઓએ કરબલાનું પુનરાવર્તન કરાવતા આ ઈતિહાસ પર નજદના જાલિમ બાદશાહના નામે દેવબંદીઓએ હિંદથી મુબારકબાદીનો પત્ર પાઠવ્યો હતો !!** ફાતમાના બાગને વેરાન કરવા માટે અંતે યઝીદ પણ પોતાની જાતે કરબલા ગયો ન હતો ! તેમ છતાં તેને પણ ત્યાં સુધી સંતોષ નસીબ ન થયો જ્યારે કે ખાનદાને નબુવ્વતના રોશન ચહેરાઓ ખાકો ખૂનમાં ન રગદોળાયા. (એ જ રીતે અહીંના દેવબંદી જમાઅતીઓ ખુશ થયા હતા ત્યારે તો મુબારકબાદી પાઠવી !)

હે મુસલમાનો ! જુઓ ! આ છે નજદી વહાબી (દેવબંદીઓના માનીતા) બદ્‌મઝહબોનાં પરાક્રમ કે સહાબા તથા અઝવાજે મુતહ્‌હરાત (હુઝૂરની પાક બીવીઓ)ના મઝારો વગેરેને હરામ, બિદઅત, કુફ્ર અને શિર્કની જડ સમજતા હતા અને આ જાલિમોએ આ દીનની ઐતિહાસિક નિશાનીઓને જડમૂળથી ખતમ કરી છે. અહલે બયત, સહાબા, ખુલ્ફાએ રાશેદીન તેમજ ઐતિહાસિક મસ્જિદોની કેવી ભયંકર તૌહીન કરી. આવા લોકોને શું તમે ભાઈ માનશો ? બાબરી મસ્જિદ હિન્દુઓ દ્વારા શહીદ કરવામાં આવી તો આખા હિન્દુસ્તાનમાં ભયંકર ઉહાપોહ કરનાર સુન્નીઓ કેમ ચુપ છે ? વહાબી દેવબંદીઓના આ અતિ ભયંકર પરાક્રમથી? આ મઝારો તેમજ મસ્જિદો ૧૩૦૦ વર્ષ સુધી દુનિયાના મુસલમાનોની આંખોની ઠંડક હતી, સહાબા, તાબેઈન અને ખુલ્ફાએ રાશેદીન, તબે તાબેઈન, ગૌષપાક, રાબિયા બસરી, મૌલાના રૂમ, ખ્વાજા હસન બસરી, ગૌષ પાક, ખ્વાજા સાહબ જેવા મહાન લોકો જેને સારું સમજતા હતા અને જેની તા'ઝીમ કરતા આવ્યા. જે સિલસિલો ૧૩૦૦ વર્ષ સુધી સવાબનું કામ

રહ્યો. તેને છેલ્લે ૧૫૦ વર્ષથી પેદા થયેલા વહાબી, દેવબંદી, જમાઅતી બદ્મઝહબીઓએ હરામ જાહેર કર્યું. તો હે મુસલમાનો ! **તમે જ ફેંસલો કરો કે સહાબાથી આજ સુધી(૧૩૦૦ વર્ષ) સુધી એ કામને સારું સમજવાવાળા સાચા કે છેલ્લા દોઢ સો વર્ષથી અસ્તિત્વમાં આવેલા વહાબી , દેવબંદી, જમાઅતી બદ્મઝહબો સાચા ?** જો તમે દેવબંદી, વહાબી... વગેરેને સાચા સમજતા હોય તો સહાબાથી લઈને આજ સુધીના તમામ બુઝુર્ગાને દીન, મુહદ્દિષ, મુફસ્સિર, ઔલિયા તેમજ સર્વ મુસલમાનો હુઝૂર ગૌષ પાક رحمۃ اللہ علیہ તેમજ હુઝૂર ખ્વાજા رحمۃ اللہ علیہ પણ દેવબંદી વહાબીઓના અકીદા મુજબ શિર્ક કરવાવાળા, કુફ્ર કરવાવાળા અને હરામ બિદઅત કરવાવાળા સાબિત થાય છે. **શું તમને આ વાત મંજૂર છે ?!** અને જો તમે આ વાત માનવા તૈયાર ન હોય તો દેવબંદી, જમાઅતી, મૌદૂદી તમારા દીની ભાઈ થતા જ નથી ! ઉપર મુજબની નાપાક હરકતો જોતાં તેમને તમારે ગુસ્તાખે રસૂલ માનવા જ પડશે, જો તમે ઈમાન પર રહેવા ચાહતા હોઉ અને હુઝૂરને ખુશ કરવા માંગતા હોઉ.

## બિદઅત અને તેના પ્રકારો

હઝરત શૈખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી બુખારી رحمۃ اللہ علیہ તે જ હદીષ હેઠળ 'અશ્અતુલ લમ્આત'માં ફર્માવે છે કે :–

જાણવું જોઈએ કે તે ચીજ જે હુઝૂર صلی اللہ علیہ وسلم ના જાહેરી જમાના પછી અસ્તિત્વમાં આવી તે બિદઅત છે. પરંતુ તેમાંથી જે કાંઈ હુઝૂરની સુન્નતના નિયમો તથા કાયદાઓના મુજબ છે અને તેના પર ક઼યાસ કરવામાં આવેલ છે તો તેને **બિદઅતે હસ્નહ**





**(સારી બિદઅત)** કહે છે. અને તેમાં જે ચીજ સુન્નતની વિરૂધ્ધ હોય તેને **બિદઅતે સૈયઅહ (બુરી બિદઅત)** કહે છે અને "દરેક બિદઅત સૈયઅહ છે" એ કાનૂન આ જ બિદઅતે સૈયઅહ પ્રકાર માટે જ છે. એટલે દરેક બિદઅતથી મુરાદ કેવળ તે જ બિદઅતે સૈયઅહ (બુરી બિદઅત) છે જે સુન્નતે નબવીની વિરૂધ્ધ હોય છે.

**હદીષ :** હઝરત જરીર رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલે કરીમ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે, **જે ઈસ્લામમાં કોઈ સારા તરીકાને ચાલુ કરશે તો તેને પોતે ચાલુ કરવાનો પણ સવાબ અને તે લોકોના અમલ કરવાનો પણ સવાબ મળશે જેઓ તેના પછી એ તરીક઼ા પર અમલ કરતા રહેશે અને અમલ કરનારાઓના સવાબમાં કાંઈ ઘટાડો પણ થશે નહીં.** અને જે ઈસ્લામ મઝહબમાં કોઈ બુરા તરીક઼ાને ચાલુ કરે તો તે શખ્સ પર પોતે ચાલુ કરવાનો પણ ગુનોહ થશે અને તે લોકોના અમલ કરવાનો પણ ગુનોહ થશે જેઓ તેના પછી તે તરીક઼ા પર અમલ કરતા રહેશે અને અમલ કરનારાઓના ગુનાહમાં કાંઈ કમી થશે નહીં. *(મુસ્લિમ શરીફ, મિશ્કાત શરીફ)*

### ★ બિદઅતના પ્રકારો અને તેના હુકમો ★

એ તો જાણવા મળ્યું કે બિદઅત બે પ્રકારની છે : બિદઅતે હસનહ્ (સારી બિદઅત) અને બિદઅતે સૈયેઅહ્ (બુરી બિદઅત). હવે યાદ રાખવું જોઈએ કે બિદઅતે હસનહ્ ત્રણ પ્રકારની છે : **જાઈઝ બિદઅત, મુસ્તહબ બિદઅત અને વાજિબ બિદઅત.** અને બિદઅતે સૈયઅહ્ (બુરી બિદઅત) બે

પ્રકારની છે : **મકરૂહ બિદઅત તથા હરામ બિદઅત.** આ વિભાજનની દલીલો જોઈ લો : મિર્કાત બાબુલ એઅ્તેસામ બિલ્ કિતાબ વસ્સુન્નહ્માં છે. **(અર્થ)** : "બિદઅત ક્યાં તો **વાજિબ** છે, જેમ કે ઈલ્મે નહ્વનું શીખવું અને **ઉસૂલે** ફિકહને એકત્ર કરવું. અને ક્યાંક **હરામ** છે જેમ કે 'જબરિય્યહ્' મઝહબ, અને ક્યાંક **મુસ્તહબ** છે, જેમ કે મુસાફરખાનાં અને મદ્રસા બનાવવા, અને તે દરેક સારી વાત જે પહેલાંના સમયમાં ન હતી, જેમ કે આમ જમાઅતથી તરાવીહ પઢવી. અને ક્યાંક **મકરૂહ** છે, જેમ કે મસ્જિદોને ફખ્ર રૂપે શણગાર કરવો. અને ક્યાંક **જાઈઝ** છે જેમ કે ફજરની નમાઝ બાદ મુસાફો કરવો અને ઉમદા ઉમદા ભોજનો અને શરબતોમાં વિપુલતા કરવી.

શામી, ભાગ–૧, કિતાબુસ્સલાત, બાબુલ ઈમામતમાં છે : **(અર્થ)** : "હરામ બિદઅતવાળાની પાછળ નમાઝ મકરૂહ છે, નહીં તો બિદઅત ક્યારેક વાજિબ હોય છે, જેમ કે દલીલો સ્થાપિત કરવી, અને નવો ઈલ્મ શીખવો. અને કદીક મુસ્તહબ છે જેમ કે મુસાફરખાનાં અને મદ્રસા અને દરેક તે સારી ચીજ જે પહેલાંના સમયમાં ન હતી તેને કાઢવી. અને કદીક મકરૂહ છે જેમ કે મસ્જિદોને ગર્વના રૂપે શણગારવી, અને કદીક મુબાહ છે જેમ કે ઉમદા ઉમદા ભોજનો, શરબતો અને કપડાંમાં ઉમેરો (વધારો) કરવો. એ જ પ્રમાણે 'જામેઉસ્સગીર' ની શરહમાં છે.

આ લખાણોથી બિદઅતના **પાંચ પ્રકારો** સારી પેઠે સ્પષ્ટ થઈ ગયા. જેનાથી જાણવા મળ્યું કે, દરેક બિદઅત હરામ નથી બલ્કે કેટલીક બિદઅતો ક્યારેક જરૂરી પણ હોય છે, જેમ કે ફિક્હ તથા ઉસૂલે ફિક્હનો ઈલ્મ અથવા કુર્આને કરીમને એકત્ર કરવું અથવા કુર્આને કરીમને એઅ્રાબ (ઝબર, ઝેર, પેશ વગેરે)





લગાડવા અથવા વર્તમાનકાળમાં કુર્આને કરીમને છાપવું અને દીની મદ્રસાઓમાં તાલીમના કોર્સ વગેરે બનાવવું, વગેરે જે રસૂલના જમાનામાં ક્યાં હતુ ?

**★ બિદઅતના પ્રકારોની ઓળખ અને નિશાનીઓ ★**

બિદઅતે હસનહ્ અને સૈયઅહ્ (સારી તથા બુરી બિદઅત)ની ઓળખ તો બતાવી દેવામાં આવી કે જે બિદઅત ઈસ્લામની વિરૂધ્ધ હોય અથવા કોઈ સુન્નતને મિટાવનારી હોય તે બિદઅતે સૈયઅહ્ (બુરી બિદઅત) છે, અને જે એવી ન હોય તે બિદઅતે હસનહ્ (સારી બિદઅત) છે. હવે આ પાંચ પ્રકારની નિશાનીઓ જાણી લો.

**બિદઅતે જાઈઝ** : દરેક તે નવુ કામ જે શરીઅતમાં મના ન હોય અને કોઈ નેકી ભલાઈની નિય્યત વિના કરવામાં આવે, જેમ કે કેટલાક ખાણાં (ભોજન) ખાવાં વગેરે, તેનો હવાલો એ કામો પર ન સવાબ છે ન અઝાબ.

**મુસ્તહબ બિદઅત** : તે નવુ કામ જે શરીઅતમાં મના ન હોય અને તેને સામાન્યતઃ મુસલમાનો સવાબનું કામ જાણતા હોય અથવા કોઈ શખ્સ તેને સવાબની નિય્યતથી કરે, જેમ કે મેહફિલે મીલાદ શરીફ અને બુઝુર્ગોને ફાતેહા કે સામાન્યતઃ મુસલમાનો તેને સવાબનું કામ જાણે છે, તેને કરનાર સવાબ પામશે અને ન કરનાર ગુનેહગાર થશે નહીં. દલીલો જોઈ લો :

મિર્કાત બાબુલ એઅ્તેસામમાં છે, "હઝરત મસ્ઊદથી રિવાયત થયેલ છે કે જે કામને મુસલમાનો સારું જાણે તે અલ્લાહની નજીક પણ સારું છે. અને મરફૂઅ હદીષમાં છે કે મારી ઉમ્મત ગુમરાહીમાં એકમત થશે નહીં."

મિશ્કાત શરીફના પ્રારંભમાં છે :– "અમલોનો આધાર નિય્યત પર છે, અને ઈન્સાનના માટે તે જ છે જે નિય્યત કરે." દુર્રે મુખ્તાર ભાગ–૧, વુઝૂના મુસ્તહબોની ચર્ચામાં છે :– "મુસ્તહબ તે કામ છે જે હુઝૂર ﷺ એ ક્યારેક કર્યું હોય અને ક્યારેક છોડી દીધુ હોય અને તે કામ કે પાછલા મુસલમાનો તેને સારું જાણતા હોય." શામી, ભાગ–૫, કુર્બાનીની ચર્ચામાં છે : "કેમ કે સારી નિય્યત આદતોને ઈબાદત બનાવી દે છે." એ જ પ્રમાણે મિર્કાતમાં નિય્યતની ચર્ચામાં છે.

આ હદીષો અને ફિક઼્હી લખાણોથી જાણવા મળ્યું કે જે જાઈઝ કામ સવાબની નિય્યતે કરવામાં આવે અથવા મુસલમાનો તેને સવાબનું કામ જાણે તે અલ્લાહની નજીક પણ સવાબનું કામ છે. મુસલમાનો અલ્લાહના ગવાહ છે, જેના સારા હોવાની ગવાહી આપે તે સારું છે અને જેને બુરુ કહે તે બુરુ છે. ગવાહી વિશેની ઉમદા ચર્ચા મારી કિતાબ "શાને હબીબુર્રહમાન"માં જુઓ અને આ કિતાબોમાં બુઝુર્ગોના ઉર્સની ચર્ચામાં એનો ઉલ્લેખ થશે, ઈન્શાઅલ્લાહ.

**વાજિબ બિદઅત** : તે નવુ કામ જે શરીઅતની રૂએ મના ન હોય અને તેને છોડવાથી દીનમાં વાંધો આવે તેમ હોય. જેમ કે કુર્આનના એઅ્રાબ (ઝેર, ઝબર, પેશ વગેરે લગાડવું) અને દીની મદ્રસાઓ અને ઈલ્મ નહ્વ વગેરે પઢવું.

**મકરૂહ બિદઅત** : તે નવુ કામ જેનાથી કોઈ સુન્નત છૂટી જાય. જો સુન્નતે ગૈર મોઅક્કદહ્ છૂટી જાય તો "બિદઅતે મકરૂહે તન્ઝીહી" છે અને જો સુન્નતે મોઅક્કદહ્ છૂટી તો "બિદઅતે મકરૂહે તહરીમી" છે.





**હરામ બિદઅત** : તે નવું કામ જેના કરવાથી કોઈ વાજિબ છૂટી જાય એટલે કે વાજિબને મિટાવનાર હોય તો તે હરામ બિદઅત છે.

દુર્રે મુખ્તાર, અઝાનના પ્રકરણમાં છે કે અઝાન બાદ સલાતો સલામ કરવી ૭૮૧ હિ.સ.માં નીકળ્યું, પરંતું તે 'બિદઅતે હસનહ્' (સારી બિદઅત) છે. તેના હેઠળ "શામી"માં 'અઝાને જૂક"ના બારામાં છે :–

"આ એ વાતની દલીલ છે કે મકરૂહ નથી, એટલા માટે કે અર્થ મકરૂહ નથી." **એ જ પ્રમાણે અઝાનના વિશે છે જે ખુત્બાના સમયે ખતીબની સામે (ખારિજે મસ્જિદમાં) કહેવી બિદઅતે હસનહ્ છે.** જ્યારે કે મુસલમાનો તેને સારું સમજે તો તે ખુદાની નઝદીક પણ સારું છે." એનાથી જાણવા મળ્યું કે જે જાઈઝ કામનો મુસલમાનોમાં રિવાજ બની જાય તે સવાબનું કામ છે.

આવો ! અમે તમને દેખાડીએ કે ઈસ્લામની કોઈ ઈબાદત "બિદઅતે હસનહ્"થી ખાલી નથી :–

**કુર્આન** : કુર્આન શરીફના ત્રીસ પારા બનાવવા, તેમાં રુકૂઅ નક્કી કરવા, તેના પર એઅ્રાબ (ઝેર, ઝબર, પેશ) લગાડવા, તેને ખૂબ સૂરત રીતે પાકા પુઠ્ઠાનું બાઈન્ડિંગ કરાવવું, કુર્આન શરીફને બ્લોક કે કોમ્પ્યૂટર પર તૈયાર કરીને ઓફસેટ વગેરેમાં છપાવવું, **આ બધું બિદઅત છે,** જે હુઝૂરના જમાનામાં ન હતું જેના વિશે કુરૂને ષલાષામાં ચર્ચા પણ ન હતી.

**હદીષ** : ને કિતાબ સ્વરૂપે એકત્ર કરવી, હદીષની સનદો વર્ણન કરવી, સનદો પર ક્રોસ (ઉલટ તપાસ) કરવી અને

હદીષના સહીહ પ્રકારો બનાવવા કે આ સહીહ છે, આ હસન, આ ઝઈફ, આ મુઅદલ, આ મુદલ્લસ. આ પ્રકારોમાં ક્રમ આપવો કે પ્રથમ નંબર સહીહ છે, બીજો નંબર હસન, ત્રીજો નંબર ઝઈફ, વળી તેના હુકમો નક્કી કરવા કે હરામ તથા હલાલ ચીજો સહીહ હદીષથી સાબિત થશે અને ફઝાઈલમાં ઝઈફ હદીષ પણ વિ□સનીય ગણાશે. સારાંશ **આખો હદીષનો ફન (વિષય) એવી બિદઅત છે** જેનો કુરૂને ષલાષા (રસૂલ, સહાબા તથા તાબઈનના જમાના)માં કોઈ ઉલ્લેખ જ ન હતો.

**ઉસૂલે હદીષ** : આ ફન (વિષય) તદ્દન બિદઅત છે બલ્કે તેનું તો નામ પણ બિદઅત છે, તેના સર્વ કાયદા કાનૂનો બિદઅત છે.

**ફિક઼્હ** : એના પર આજકાલ દીનનો દારોમદાર છે, છતાં એ પણ શરૂથી છેવટ સુધી બિદઅત છે, જેનો કુરૂને ષલાષા (રસૂલ, સહાબા તથા તાબઈનના જમાના)માં કોઈ જ ઉલ્લેખ નથી.

**ઉસૂલે ફિક઼્હ તથા ઈલ્મે કલામ** : આ ઈલ્મ પણ તદ્દન બિદઅત છે, તેના કાયદા તથા નિયમો સર્વ બિદઅત છે.

**નમાઝ : નમાઝમાં જીભ વડે નિય્યત કરવી બિદઅત છે**, જેની સાબિતી કુરૂને ષલાષા (રસૂલ, સહાબા તથા તાબઈનના જમાના)માં નથી. રમઝાનની તરાવીહમાં ૨૦ રકાત જમાઅત સાથે હમેશાં પઢવી. હમેશગી કરવી બિદઅત છે અને ખૂદ અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضي الله عنه એ ફર્માવ્યું કે, **"આ ઘણી સારી બિદઅત છે."(જમાઅત સાથે તરાવીહ પઢવી)**

**રોઝા : રોઝો ઈફ્તાર કરતી વખતે જીભ વડે દુઆ પઢવી,**





**અલ્લાહુમ્મ લકસુમ્તુ....** અને સહેરી વખતે દુઆ પઢવી **અલ્લાહુમ્મ બિસ્સૌમિલક ગદ્દન નવય્તુ.... બિદઅત છે.**

**ઝકાત** : ઝકાતમાં વર્તમાન સિક્કાનું ચલણ અદા કરવું બિદઅત છે. કુરૂને ષલાષા (રસૂલ, સહાબા તથા તાબઈનના જમાના)માં આ ફોટાવાળા સિક્કા (નોટો) ન હતા, ન તો તેના વડે ઝકાત જેવી ઈબાદત અદા થતી હતી. **વર્તમાન સિક્કાઓ, નોટો, અનાજ વડે ફિતરા કાઢવા એ સર્વ બિદઅત છે.**

**હજ્જ** : રેલગાડીઓ, ટ્રકો, મોટરો, હવાઈ જહાજો વડે હજ્જ કરવી, મોટરોમાં અરફાત શરીફ જવું બિદઅત છે.હુઝૂરના જમાનામાં ન તો આ સવારીઓ હતી ન તો તેના થકી હજ્જ થતી હતી.

**તરીક઼ત** : તરીકતના લગભગ સર્વ મશાગિલ (કામો) અને તસવ્વુફના લગભગ સર્વ મશાગિલ બિદઅત છે. મુરાકબા, ચિલ્લા, પાસુન્નિફાસ, તસવ્વુરે શયખ, ઝિક્રના પ્રકારો આ સર્વ બિદઅત છે, જેની (હુઝૂરના જમાનામાં) ક્યાંય ભાળ નથી મળતી.

**ચાર સિલસિલા** : શરીઅત તથા તરીક઼ત બંનેના ચાર ચાર સિલસિલા એટલે કે હનફી, શાફઈ, માલિકી, હંબલી, એ જ પ્રમાણે ક઼ાદરી, ચિશ્તી, નક઼્શબંદી, સુહરવર્દી આ સર્વ સિલસિલા તદ્દન બિદઅત છે. એમાંથી કેટલાકનાં તો નામ પણ અરબી નથી, જેમ કે ચિશ્તી કે નક઼્શબંદી. કોઈ સહાબી, તાબઈ હનફી કે ક઼ાદરી થયા ન હતા.

હવે દેવબંદી જમાઅતી બતાવે કે તેઓ બિદઅતથી બચીને દીની હૈસિયતથી જીવંત કઈ રીતે રહી શકે છે ? જ્યારે ઈમાન તથા કલમામાં બિદઅતો પ્રવેશેલી છે તો બિદઅતથી ભાગીને ક્યાં જશે ?

**દુનિયવી ચીજો** : આજ કાલ દુનિયામાં એવી ચીજો ઉદ્‌ભવ પામી ચૂકી છે જેનું ખયરે કુરૂન (રસૂલ તથા સહાબાના જમાના)માં નામો નિશાન ન હતું, અને જેના વિના હવે દુનિયાવી જીવન મુશ્કેલ છે. દરેક શખ્સ તેનો ઉપયોગ કરવા લાચાર છે : રેલ્વે, મોટર, એરોપ્લેન, સ્ટિમર, ઘોડાગાડી. વળી કાગળ, કવર, તાર, ટેલીફોન, રેડિયો, લાઉડ સ્પીકર.....વગેરે આ સર્વ ચીજો અને તેનો ઉપયોગ બિદઅત છે અને તેને દરેક જમાઅતના લોકો કશાય ખચકાટ વિના વાપરે છે.

બોલો ! વહાબી દેવબંદી બિદઅતે હસનહ્ (સારી બિદઅતો) વિના દુનિયાવી જિંદગી પસાર કરી શકે છે ? હરગિઝ નહીં !

## શિર્ક શું છે ?

**''શિર્ક''** એટલે અલ્લાહ ﷻની જાતમાં તથા સિફતો (ખૂબીઓ, ગુણો)માં કોઈને શરીક બનાવવો. જાતમાં ભાગીદાર (શરીક) કરવો એટલે કે અન્ય કોઈને ઈબાદતને લાયક પૂજ્ય સમજવો.

**કોઈ સુન્ની અલ્લાહની સિફતોમાં કોઈને ભાગીદાર કરતો નથી. ન કોઈને અલ્લાહની જાતમાં શરીક કરે છે એટલે પૂજ્ય ગણે છે. પૂજવાને લાયક ઈબાદતને લાયક એક અલ્લાહને જ ગણે છે.** છતાં વહાબી, દેવબંદી વગેરે બાતિલ ફિર્કાવાળાઓ સુન્નીઓને **મુશ્રિક** કહે છે ! વાત વાતમાં તેઓ **શિર્ક ! શિર્ક !** કરે છે.

તમે તમારા માબાપની તા'ઝીમ કરો, તેમના માનમાં ઉભા થઈ જાવ તો એને તા'ઝીમ કહેવાશે, તમારી ચહીતી વ્યકિતને ચુંબન કરો, બાળકોને ચૂમી લો તો એ **મહોબ્બત** તથા **તા'ઝીમ** છે એ **શિર્ક** નથી. પછી કોઈને જીવંત, શક્તિવાળો,





અધિકારવાળો માનો તે એ રીતે કે જીવન, શકિત, સત્તા અલ્લાહના આપવાથી તેને મળી છે, તો એ શિર્ક નથી. અલ્લાહ પણ જીવંત છે, શકિતવાળો, સત્તાવાળો છે પણ તેની આ ખૂબી (સિફત) તેની જાતી છે, **કોઈની આપેલી નથી** તથા **અમાપ હમેશાંથી હમેશાં માટેની** છે. જ્યારે માણસમાં એ ખૂબીઓ **ખુદાની આપેલી** અને **મર્યાદિત સમય પૂરતી** છે. આમાં શિર્ક થતુ જ નથી.

બસ એ જ પ્રમાણે નબી વલીના ઈખ્તિયારોને સમજી લો કે અલ્લાહના આપેલા છે, મર્યાદિત સમય પૂરતા છે, તો શિર્ક ક્યાંથી થશે ? છતાં વહાબી દેવબંદી અન્ય લોકો જેમ કે માબાપ, ફોજદાર, ઓફીસર...વગેરેની તા'ઝીમમાં ઉભા થવાને શિર્ક નથી કહેતા, પોતાનાં બીબી બચ્ચાંને ચૂમવાને શિર્ક નથી કહેતા પણ નબી–વલીના માનમાં ઉભા રહેવાને, તબર્રુક તથા ગિલાફ ચૂમવાને શિર્ક કહે છે !!

## ★ કાફિરને કાફિર ન કહે તે કાફિર ! ★

કેટલાક અજાણ લોકો કહે છે કે એહલે કિબ્લા એટલે કિબ્લા તરફ નમાઝ પઢનારને કાફિર ઠરાવવું ન જોઈએ, ભલે ગમે તેવો અક઼ીદો રાખે અને ગમે તેવું કરે.

આ ખયાલ ગલત છે. સહીહ એ છે કે **જ્યારે કિબ્લા તરફ નમાઝ પઢનારમાં કોઈ કુફ્રની નિશાની જોવા મળે અથવા એનાથી કોઈ વાત કુફ્રની બહાર પડે તો તેને ''કાફિર'' કહેવામાં આવશે.**

હઝરત મુલ્લા અલી કારી عَلَیۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ ફર્માવે છે કે :–

''અહલે સુન્નતની નજીક કિ઼બ્લા તરફ નમાઝ પઢનાર

મુસ્લિમમાંથી કોઈને કાફિર ન કહેવાથી મકસદ એ છે કે **તેને કાફિર કહીશું નહીં જ્યાં સુધી તેનામાં કુફ્રની કોઈ નિશાની ન જોવા મળે અને કોઈ વાત કુફ્રની તેના થકી જાહેર ન થાય.** *(શર્હે ફિક઼્હે અકબર, ૧૮૯)*

અને હઝરત અલ્લામા ઈબ્ને આબિદીન શામી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**જરૂરિયાતે ઈસ્લામમાંથી કોઈ ચીજનો ઈન્કાર કરનાર ઈજમાઅ (તમામ ઉલ્માની સર્વસંમતિ)થી કાફિર છે ભલે ક઼િબ્લા તરફ નમાઝ પઢનાર હોય** અને આખુ જીવન ફર્માંબરદારીમાં ગુજારે. જેમ કે શરહે તહરીરે ઈમામ ઈબ્ને હુમામમાં છે. *(શામી, ભા. ૧, પેજ–૩૯૩)*

**દેવબંદી જમાઅતી કહે છે કે, ક઼ાફિરને ક઼ાફિર ન કહેવાય.** તો શું મુસલમાન કહેશો? જે હક઼ીક઼ત હોય તે સ્વીકારવી જ પડે! ગધેડાને ગધેડો જ કહેવાશે અને ઘોડાને ઘોડો જ કહેવાશે, સફેદને સફેદ જ કહેવાશે અને કાળાને કાળુ જ કહેવાશે! એ જ પ્રમાણે કાફિરને કાફિર જ કહેવાશે.

કેમ કે શરીઅતનો હુકમ છે કે, **જે કોઈ વ્યક્તિના કુફ્રને જાણી લીધા પછી તેને કાફિર ન કહે તે ખૂદ કાફિર છે!** જેમ કે ખૂદ વહાબીઓના પેશ્વા દારુલ ઉલૂમ દેવબંદના નાઝિમે તા'લીમાત મૌલાના મુતર્ઝા હસન દરભંગી કિતાબ **''અશદ્દુલ અઝાબ''**માં લખે છે કે :–

''જ્યારે એક શખ્સે સંપૂર્ણપણે એક જરૂરીયાતે દીનનો ઈન્કાર કર્યો અને તે ઈન્કાર પુરવાર થઈ ગયો તો હવે તેને કાફિર ન કહેવો ખૂદ લાપરવાહીથી કાફિર–મુર્તદ થવું છે.'' *(સવાનેહે આ'લા હઝરત–અશદદુલ અઝાબ, પાના ૯ ના હવાલાથી)*





## ક઼બ્ર પર દફ્ન બાદ અઝાન આપવી જાઈઝ છે

### ★ સુન્ની માન્યતા ★

હદીષો તથા ફિક઼્હી લખાણોથી એની સાબિતી છે. મિશ્કાત શરીફ, કિતાબુલ જનાઈઝ, પ્રકરણ ''મા યકાલ ઈન્દમન હદ઼રહુલ મૌતુ''માં છે : لَقِّنُوْا مَوْتَاكُمْ لَآاِلٰهَ اِلَّااللّٰهُ ''પોતાનાં મુડદાંઓને શીખવાડો **લા ઈલાહ ઈલ્લલ્લાહ.''**

### ★ અઝાનના અવાજથી શૈતાન ભાગે છે ★

મિશ્કાત બાબિલ અઝાનમાં છે :–

اِذَا نُوْدِیَ لِلصَّلٰوةِ اَدْبَرَالشَّيْطٰنُ لَهٗ ضِرَاطٌ حَتّٰی لَايَسْمَعُ التَّاْذِيْنَ

''જ્યારે નમાઝની અઝાન થાય છે તો શૈતાન હવા સારતો સારતો ભાગે છે એટલે સુધી કે અઝાન સાંભળતો નથી.'' અને જેવી રીતે કે મૌતના સમયે શૈતાન મૃત્યુ પામનારને બેહકાવે છે કે તું મને ખુદા કહી આપ, જેથી મૈયત તે અંતિમ પરીક્ષામાં ફેલ થઈ જાય. અલ્લાહુમ્મહ્ફઝના મિન્હૂ. જેમ કે નવાદિરુલ ઉસૂલમાં ઈમામ મુહમ્મદ ઈબ્ને અલી તિર્મિઝી ફર્માવે છે :–

اِنَّ الْمَيِّتَ اِذَا سُئِلَ مَنْ رَّبُّكَ يُرٰى لَهٗ الشَّيْطٰنُ فَيُشِيْرُ اِلٰی نَفْسِهٖ اِنِّیْ اَنَارَبُّكَ فَلِهٰذَا وَرَدَ سَوَالُ التَّثَبُّتِ لَهٗ حِيْنَ سُئِلَ

જ્યારે કે મૈયતને સવાલ થાય છે કે તારો રબ કોણ છે ? તો શૈતાન પોતાની તરફ ઈશારો કરીને કહે છે કે હું તારો રબ છું. એટલા માટે સાબિત છે કે હુઝૂર ﷺ એ ક઼બરમાં મૈયતના સવાલોના સમયે અડગ રહેવાની દુઆ ફર્માવી. હવે અઝાનની બરકતથી શૈતાન દૂર થઈ ગયો, મૈયતને અમ્ન મળી ગઈ અને મૈયતને બહેકાવનાર શૈતાન અઝાનના અવાજથી ભાગી ગયો.

અબૂ નુઐમ અને ઈબ્ને અસાકિરે અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત ફર્માવી :–

نَزَلَ اٰدَمَ بِالْهِنْدِ وَاسْتَوْحَشَ فَنَزَلَ جِبْرِيْلُ فَنَادٰى بِالْاَذَانِ

હઝરત આદમ علیہ السلام હિંદુસ્તાનમાં ઉતર્યા અને તેમને સખ્ત ગભરાહટ થઈ. પછી જિબ્રઈલ આવ્યા અને અઝાન આપી. એ જ પ્રમાણે મદારિજુન્નબુવ્વત, ભાગ–૧, પેજ–૬૨, પ્રકરણ ત્રીજામાં છે : ''અને મૈયત પણ એ સમયે સગાં વહાલાંથી છૂટીને અંધાર્યા મકાનમાં પહોંચે છે જેથી ગભરાહટમાં હોશ ગુમાવતાં ઈમ્તેહાનમાં નાકામીનો ખતરો છે. અઝાનથી દિલને ઈત્મિનાન થશે (શૈતાન ભાગી જશે) અને મય્યત યોગ્ય જવાબો આપશે.'' ચોથુ એ કે અઝાનની બરકતથી ગમ દૂર થાય છે અને દિલને ખુશી મળે છે. મુસ્નદુલ્ ફિરદૌસમાં હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે :

رَانِى النَّبِىُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ حَزِيْنًا فَقَالَ يَاابْنَ اَبِىْ طَالِبٍ اِنِّىْ اَرَاكَ حَزِيْنًا فَمُرْبَعْضَ اَهْلِكَ يُؤَذِّنْ فِىْ اُذُنِكَ فَاِنَّهٗ دَارُ الْهَمِّ

''મને હુઝૂર صلی اللہ علیہ وسلم એ ગમગીન જોયો તો ફર્માવ્યું કે, હે અબી તાલિબના પુત્ર ! શું કારણ છે કે તમે ગમગીન જણાવ છો ? તમે કોઈને હુકમ આપો કે તમારા કાનમાં અઝાન કહી દે, કેમ કે અઝાન ગમને દૂર કરનાર છે.''

બુઝુર્ગાને દીને એટલે સુધી કે ઈબ્ને હજર علیہ الرحمۃ والرضوان ફર્માવે છે કે جَرَّبْتُهٗ فَوَجَدْتُّهٗ كَذٰلِكَ كَذَا فِى الْمِرْقَاتِ મિર્કાત બાબે અઝાનના શરૂમાં છે, ''મેં એને અજમાવ્યું અને લાભકારક પામ્યું.'' મુડદાના દિલ પર આ સમયે જે સદમો છે તે અઝાનની બરકતથી દૂર થઈ જશે અને મૈયત ખુશી અનુભવશે.'' અને કબરના સવાલોના જવાબ આપવામાં આસાની થશે.





**હદીષ:** ઈમામ અહમદ તથા તિબ્રાની તથા બયહકીએ જાબિર رضی اللہ عنہ થી સઅદ ઈબ્ને મઆઝ رضی اللہ عنہ ના દફનનો પ્રસંગ વર્ણન કરતાં રિવાયત કરી :–

سَبَّحَ النَّبِىُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ثُمَّ كَبَّرَ وَكَبَّرَالنَّاسُ قَالُوْا يَارَسُوْلَ اللّٰهِ لَمَ سَبَّحْتَ قَالَ لَقَدْ تَضَايَقَ عَلٰى هٰذَاالرَّجُلُ الصَّالِحُ قَبْرُهٗ حَتّٰى فَرَّجَ اللّٰهُ تَعَالٰى عَنْهُ

''દફન પછી હુઝૂર صلی اللہ علیہ وسلم એ **સુબ્હાનલ્લાહ ! સુબ્હાનલ્લાહ !** ફર્માવ્યું પછી **અલ્લાહુ અકબર** હુઝૂરે પણ ફર્માવ્યું અને અન્ય લોકોએ પણ કહ્યું. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! તસ્બીહ તથા તકબીર શા માટે કહી ? ઈર્શાદ ફર્માવ્યો કે આ સાલેહ બંદા પર કબ્ર તંગ થઈ ગઈ હતી, અલ્લાહે કબ્રને વિશાળ કરી આપી. એની શરહમાં અલ્લામા તયબી ફર્માવે છે :–

اَىْ مَازِلْتُ مُكَبِّرًا وَتُكَبِّرُوْنَ وَاُسَبِّحُ وَتُسَبِّحُوْنَ حَتّٰى فَرَّجَهُ اللّٰهُ

''અમે (હુઝૂર) અને તમે (સહાબા) લોકો તકબીર તથા તસ્બીહ કરતા રહ્યા એટલે સુધી કે અલ્લાહે કબ્રને વિશાળ કરી આપી.'' સાતમુ એ કે અઝાનમાં હુઝૂર صلی اللہ علیہ وسلم નો ઝિક્ર છે અને સાલેહીનના ઝિક્ર વખતે રહમતનું ઉતરાણ થાય છે. ઈમામ સુફયાન ઈબ્ને ઐનિયહ્ ફર્માવે છે :–

عِنْدَ ذِكْرِالصَّالِحِيْنَ تَنْزِلُ الرَّحْمَةُ ''અને મૈયતને એ સમયે રહમતની સખ્ત જરૂરત છે.'' સારાંશ કે આપણી જીભની થોડી સરખી હરકતથી જો મૈયતને આટલા મહાન મહાન સાત ફાયદા પહોંચી જાય તો વાંધો શો છે ?

સાબિત થયું કે કબ્ર પર અઝાન આપી મૈયતને મદદ કરવી સવાબનું કામ છે. શામી બાબિ સુનને વુઝૂમાં છે اَلْاَصْلُ فِى الْاَشْيَاءِ الْاِبَاحَةِ: ''તમામ ચીજોમાં અસ્લ એ છે કે તે

મુબાહ છે." એટલે કે જેને શરીઅતે મુતહ્હરા મના ન કરે તે મુબાહ છે, અને જે મુબાહ કામ ભલાઈની નિય્યતે કરવામાં આવે તે મુસ્તહબ છે. મિશ્કાતના શરૂમાં છે : اِنَّمَاالْاَعْمَالُ بِالنِّيَّاتِ "અમલોનો દારોમદાર નિય્યત પર છે." શામી બહષે સુનને વુઝૂમાં છે :–

اَنَّ الْفَرْقَ بَيْنَ الْعَادَةِ وَالْعِبَادَةِ هُوَالنِّيَّةُ الْمُتَضَمِّنَةُ لِلْاِخْلَاص

"આદત તથા ઈબાદતમાં ફરક નિય્યતના ઈખ્લાસથી છે." એટલે કે જે કાર્ય પણ ઈખ્લાસ (નિખાલસતાપૂર્વક) કરવામાં આવે તે ઈબાદત છે અને જે કામ વિના ઈખ્લાસે હોય તે આદત છે. દુર્રે મુખ્તાર, બહષે મુસ્તહબ્બાતિલવુઝૂ માં છે :–

وَمُسْتَحَبُّهٗ هُوَمَا فَعَلَهُ النَّبِىُّ عَلَيْهِ السَّلَامُ كَرَّةً وَتَرَكَهٗ اُخْرٰى وَمَا حَبَّهُ السَّلَفُ

"મુસ્તહબ તે કામ છે જેને હુઝૂર ﷺ એ કદીક કર્યું અને કદી ન કર્યું અને એ પણ છે કે જેને આગળ થયેલા મુસલમાનો સારું જાણતા હોય. શામી બહષે દફનમાં છે :–

وَقَالَ عَلَيْهِ السَّلَامُ مَارَاٰهُ الْمُؤْمِنُوْنَ حَسَنًافَهُوَعِنْدَاللّٰهِ حَسَنٌ

"જેને મુસલમાનો સારું સમજે તે અલ્લાહની નજીક પણ સારું છે."

**★ અઝાન ક્યારે ક્યારે આપી શકાય ?! ★**

★ શયતાનનો ખટકો હોય ત્યારે અઝાન આપવી.

★ ઘણી વખત જ્યારે બીમારી ફાટી નીકળે છે ત્યારે શહેરમાં ઠેર ઠેર અઝાન આપવામાં આવે છે.

★ આગ, દુષ્કાળ, પાણીની રેલ, અતિવૃષ્ટિ, ગભરાહટ અને મુસીબતના સમયે અઝાન આપવાને ઉલમાએ દીને 'મુસ્તહબ' કહ્યું છે.





આમ અનેક જગ્યાએ **મુસીબતના સમયે અઝાન આપવાનો રિવાજ સહાબાઓથી અને સુન્નતે રસૂલથી સાબિત છે.** તો કબરમાં મય્યતના સવાલ જવાબનો સમય દુનિયાની ભયંકર મુસીબત છે તો એ સમયે અઝાન આપી મય્યતને મદદ કરવી સવાબનું કામ છે.

## દુનિયાના મશહૂર ફિર્કાઓ

(૧) ખ્વારિજ–ખારજી (૨) શીઆ (૩) એહલે કુર્આન જમાઅતે ઈસ્લામી,એહલે હદીષ, વહાબી, દેવબંદી અને કાદિયાની વગેરે આ સૌ ફિર્કા કુર્આન, હદીષ તથા સહાબાએ કિરામના અકીદાઓ વિરૂધ્ધ હોવાથી તેમની ગણના બાતિલ ફિર્કાઓમાં થઈ છે. તેમના અકીદાઓના કેટલાક દ્રષ્ટાંતો જોઈએ.

**★ શીઆ ★**

આ ફિર્કો કુર્આને કરીમને અપૂર્ણ અરક્ષિત માને છે અને કહે છે કે કુર્આનના ચાલીસ સીપારા હતા તેમાંથી દસ સીપારા ગાયબ કરી દેવામાં આવ્યા છે જેમાં અહલે બૈતની ફઝીલતોનું બયાન હતું. આ અકીદાનું ખંડન કરતી આયતે કરીમહ્ **ઈન્ના નહ્નુ નઝ્ઝલ નઝ્ઝિક્ર વઈન્ના લહુ લહાફિઝુન.**

**અર્થ** : "બેશક ! કુર્આન અમે (અલ્લાહે) ઉતાર્યું અને બેશક ! અમે (અલ્લાહ) તેની રક્ષા કરીશું" નો ઈન્કાર થાય છે. આ ઉપરાંત હઝરત અબૂબક્ર, હઝરત ઉમર અને હઝરત ઉષ્માન رَضِىَ اللّٰهُ عَنْهُمْ ની ખિલાફતનો ઈન્કાર કરે છે. જ્યારે કે આ ત્રણેવ સહાબીઓની ખિલાફત માટે સર્વ ઉમ્મતની સર્વસંમતિ (ઉમ્મતનો ઈજમાઅ) છે. આ સિવાય આ ફિર્કો ઘણા ગંદા

અકીદા ધરાવે છે. જેમ કે હૂઝૂર સૈયદુલ બશર અફઝલુલ્ બશર ﷺ કરતાં હઝરત અલી رضي الله عنه ને અફઝલ (શ્રેષ્ઠ) માનતા હતા. બલ્કે તેમની માન્યતા એ પણ હતી કે, હુઝૂર નબી કરીમ ﷺ તો દર અસલ હઝરત અલી હતા, પરંતુ જિબ્રઈલ عليه السلامની ભૂલના કારણે તે હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ પર નાઝિલ થયા હતા. ઉપરાંત આ ફિર્કાની કેટલીક શાખા છે અને તેઓના કુફ્રી ગંદા અકીદાઓ છે જેનું ખંડન અહલે સુન્નતના ઉલમાએ કર્યુ છે. તો આ ફિર્કો પણ અહલે સુન્નતથી ખારિજ થયેલો છે.

## ★ અહલે કુર્આન ★

આ ફિર્કાનો બાની અબ્દુલ્લાહ ચકળાલ્વી (મૃત્યુ : હિ.સ. ૧૩૩૪) છે. આ ફિર્કો હદીષનો સખત મુન્કિર (નકારનાર) છે, અને ઈમાન તથા અમલના તમામ મસાઈલ કાઢવા માટે કેવળ કુર્આને અઝીમને જ પૂરતુ સમજે છે. હદીષ તથા સુન્નતની વિરૂધ્ધ કુર્આની આયતોની મનઘડત તફસીરો કરે છે. આ ફિર્કો પોતાના મઝહબની તબ્લીગ તથા પ્રચારમાં ઘણો જ સાવધાન જોવા મળે છે. ૨૦ મી સદી ઈસ્વીના પ્રારંભમાં એની શરૂઆત થઈ. અફસોસની વાત છે કે અખંડ ભારતમાં આ ફિર્કાના અનુયાયી પણ પેદા થઈ ગયા છે અને ફિર્કાના સ્થાપક પ્રતિ સંબંધિત કરીને પોતાને "ચકળાલ્વી" પણ કહે છે.

**૧.** એની દષ્ટિએ મુસલમાનોમાં રિવાજ પામેલ નમાઝનો તરીકો અને તેના કલમા તથા તસ્બીહો કુફ્ર છે, એટલા માટે તેણે નમાઝ પઢવાનો નવો તરીકો ઉપજાવી કાઢયો છે.

**૨.** જે જાનવર ઝબહ કરવામાં "બિસ્મિલ્લાહિ અલ્લાહુ અકબર" પઢવામાં આવે તે જાનવર હલાલ નથી કેમ કે આ શબ્દો બેઠા જ કુર્આને અઝીમમાં મૌજૂદ નથી. તેમની દષ્ટિમાં ઝબીહાને હલાલ થવા માટે જરૂરી છે કે ઝબહ કરતી વખતે કોઈ કુર્આની આયત પઢવામાં આવે.





૩. તેમની નજીક ક્યામતમાં કોઈ નબી અથવા રસૂલને શફાઅતનો અધિકાર નથી આપવામાં આવ્યો.

૪. એનો એ અક઼ીદો છે કે મુર્દાને કોઈ બદની (શારીરિક) ઈબાદત અથવા માલી ઈબાદતનો ફાયદો નથી પહોંચતો વગેરે

## ★ જમાઅતે ઈસ્લામી ★

જે ગૈરમુકલ્લિદ (અહલે હદીષ), દેવબંદિયત, તબ્લીગી જમાઅતની જેમ સમયના બદનામ ફિર્કા વહાબિય્યતની એક શાખ અને મુહમ્મદ અબ્દુલ વહાબ નજ્દીની ચળવળની એક કડી છે. પોતાના આંત્રિક અક઼ીદાઓમાં શાને રિસાલત તથા શાને વિલાયતમાં સખત અદાવત રાખનારી, મુન્કિર જમાઅત છે. એહલે સુન્નત વ જમાઅતની સખત વિરોધી છે.

જમાઅતે ઈસ્લામીના સ્થાપક મૌલાના અબુલ ઉલા મૌદૂદી સાહબ લખે છે કે, "વહાબિયતના આક્ષેપથી બચવાની વ્યવસ્થા ન કરો, લોકોએ હકીકતમાં મુસલમાનના માટે આ બીજુ નામ તજવીજ કર્યુ છે." *(રસાઈલો મસાઈલ–૪૮૨)*

જમાઅતે ઈસ્લામીની માન્યતા છે કે કુર્આને કરીમ નજાતના માટે નથી બલ્કે હિદાયતના માટે પૂરતું છે." *(તફહીમાત, ભાગ–૧, પેજ–૩૧૨)*

"જયાં અખલાકની કક્ષા (સ્તર) પણ એટલી ઉતરતી હોય

કે નાજાઈઝ સંબંધોને કાંઈ ઐબદાર સમજવામાં ન આવતા હોય એવી જગાએ વ્યભિચાર અને શરઅન ઝિનાના આક્ષેપથી શરઈ હદ લાગુ કરવી કશાય શક વગર જુલ્મ છે." *(તફહીમાત, ભાગ–૨, પેજ–૨૮૧)*

હુઝૂરની શાનમાં ગુસ્તાખી કરતાં લખે છે કે (૧) અરબના રણનો આ અનપઢ જંગલવાસી અર્વાચીન યુગનો બાની અને તમામ દુનિયાનો લીડર છે. *(તફહીમાત, પેજ–૨૧૦)* નબીની શાનમાં આટલા ખરાબ શબ્દો તો કાફિરો પણ નથી બોલતા તે આ જમાઅતે ઈસ્લામીઓ બોલે છે.

(૨) આ કાનૂન અરબના રણ પ્રદેશના એક અનપઢ ચરવાહાએ દુનિયા સમક્ષ પેશ કર્યો છે (કિતાબે પર્દા, પેજ–૧૫૦) હુઝૂરને ચરવાહા (ભરવાડ) કહ્યા (મઆઝલ્લાહ !)

(૩) નબીઓના કબીરા ગુનાહો સાબિત કરતાં લખે છે કે નબી થતાં પહેલાં તો હઝરત મૂસા (علیہ السلام) થી પણ એક ખૂબ જ મોટો ગુનો થયો હતો કે તેમણે એક માણસને કતલ કરી દીધો. *(રસાઈલે મસાઈલ, પેજ–૩૧)*

"હઝરત યૂનુસથી ફરાઈઝની અદાયગીમાં ઉણપો થઈ અને લગભગ તેમણે બે સબર થઈને સમયથી પહેલાં પોતાનું સ્થાન છોડી દીધું." *(તફહીમુલ કુર્આન, પેજ–૨)*

નબુવ્વતના મનસબથી સરફરાઝ થતાં (૪૦) સાલ પહેલાં આપ એ વાતથી બિલકુલ બેખબર હતા કે આપ નબી બનાવવામાં આવનાર છે. *(તર્જમાને કુર્આન, ઓકટો–૧૯૭૩)*

આ કાણીયો દજજાલ વગેરે તો અફસાનાં (કહાની) છે જેની કોઈ શરઈ હૈસિયત નથી. શું સાડા તેરસો વરસના ઈતિહાસે





એ સાબિત નથી કરી દીધું કે હુઝૂરનો અંદેશો સહીહ ન હતો ? (રસાઈલો મસાઈલ, પેજ–૫૩–૫૭), લા હવ્લ વલા કુવ્વત ઈલ્લાબિલ્લાહ.... *(ઉર્દૂ માસિક આ'લા હઝરત, ઓગ. ૮૫)* હુઝૂર ﷺની આગાહીને ખોટી સાબિત કરી. *(મઆઝલ્લાહ !)*

## ★ એહલે હદીષ (ગૈર મુકલ્લિદ) ★

ગૈર મુકલ્લિદ એટલે કે કહેવાતા એહલે હદીષ તરીકે પોતાને ઓળખાવતો આ નવો ફિર્કો વહાબી–દેવબંદીઓમાંથી જ નીકળેલો અને તેની શાખ જ છે. 'તક઼વિયતુલ ઈમાન' કિતાબ જે કુફ્રીયાત અને નાપાકીઓનું એકત્રીકરણ છે તેના પર દેવબંદી જેમ ગૈર મુકલ્લિદ પણ ઈમાન રાખે છે. ઉપરાંત તકલીદે શખ્સી કે જેના પર ઉમ્મતની સર્વસંમતિ (ઈજમાઅ) થઈ ચૂકેલ છે તેને તેઓ શિર્ક કહે છે. આ કારણે તેમણે હનફીઓના ઈમામ ઈમામે આઝમ અબૂહનીફા (رضی اللہ عنہ) વગેરે ઈમામોની શાનમાં ઘણી ગુસ્તાખી કરી છે. એટલે સુધી કે પોતાની કિતાબોમાં ઈમામે આઝમને હજામથી બદતર, ઈસ્લામથી ખારિજ, મુશ્રિક કહે છે.

આ બાતિલ ફિર્કાનો અક઼ીદો છે કે, કુર્આનને ગંદકીમાં નાંખવું અને જરૂર પડતાં ઢગડાં નીચે અથવા પગો નીચે રાખવું, જેમ કે ખાણુ વિગેરે ઊંચુ હોય તો ત્યાં સુધી હાથ પહોંચાડવા એ રીતે ઉપયોગમાં લેવું જાઈઝ છે. (અલ્લાહની પનાહ !)

દાદીના નિકાહ સગા પૌત્રની સાથે જાઈઝ છે, દસ સ્ત્રીઓનો એક જ સમયે એક જ પુરુષ સાથે નિકાહ જાઈઝ છે. સુવ્વર તથા કૂતરાનું એઠુ પાક છે, પુરૂષ અને સ્ત્રીનું વિર્ય– રતુબત પાક છે. *(અલઉસુલુલ અરબાઅ–તુર્કસ્તાન)*

તેમજ રામ, કૃષ્ણ, લક્ષ્મણ વગેરેને હિંદુઓ ભગવાન કહે

છે, તેના માટે આ ફિર્ક઼ાવાળા કહે છે કે તેઓ અલ્લાહના નબી હતા. *(ઉર્ફુલજાદી)*

## ★ "વહાબી" ★

અરબસ્તાનના નજદ શહેર વિશે હુઝૂરે ધરતીકંપો અને ફિત્નાઓની ખબર આપી જે સ્થળને હુઝૂરે શયતાની જમાઅત નીકળવાનું સ્થાન ઠરાવ્યું એ જ નજદમાં બની તમીમના કુટુંબમાં સ.હિ. ૧૧૧૫ ઈ.સ. પ્રમાણે ૧૭૦૩ માં મોહમ્મદ ઈબ્ને અબ્દુલ વહાબ નજ્દી વહાબિયતનો બાની જન્મ્યો. એ જ નજદી શયખે આગળ જતાં અંગ્રજોના ઈશારા તથા સહયોગથી વહાબી ફિત્નો ફેલાવ્યો. જેના વિષે અગાઉથી જ હુઝૂરે ફર્માવ્યું હતું કે કિયામત સુધીમાં મોટા બે ફિત્ના થશે, જેનાથી ઈસ્લામી કિલ્લામાં ભૂકંપ પેદા થઈ જશે. તેમાનો એક ફિત્નો દજ્જાલનો બીજો નજદનો છે.

એ જ વહાબીઓ હુઝૂરની શાનમાં ગુસ્તાખી કરતાં લખે છે કે " મારી લાકડી મોહમ્મદથી બેહતર છે ! કારણ કે સાપ વિગેરે મારવામાં લાકડી કામ આપી શકે છે. મોહમ્મદ ફૌત(મૃત) થઈ ચૂકયા છે તેથી હવે તેમનામાં કોઈ લાભ રહયો નથી. તે તો માત્ર એક એલચી હતા ! જેઓ આ દુનિયાથી જઈ ચૂકયા છે." (ખુદાની પનાહ !)

ઈબ્ને અ. વહાબ નજ્દીએ સન ૪૦૦ હિજરીથી ૧૧૦૦ હિજરી સુધીના ૬૦૦ વર્ષ દરમ્યાન પેદા થયેલ દુનિયાના તમામ મુસલમાનો જેમાં બધા જ મોટા મોટા ઔલિયાએ કિરામ દા.ત. ગૌષે આ'ઝમ દસ્તગીર, ખ્વાજા ગરીબ નવાઝ, હઝરત સૈયદ અહમદ કબીર રિફાઈ, હઝરત નિઝામુદ્દીન ઔલિયા વિગેરે વિગેરે..... અસંખ્ય ઔલિયાએ કિરામ પણ સામેલ છે





તેમને કાફિર, મુશ્રિકનો ફતવો આપ્યો અને તેમના ખૂન, માલને હલાલ ઠરાવી દીધાં.

આ વહાબીઓ વિષે હુઝૂરે ૧૪૦૦ વર્ષ પહેલાં જે નિશાનીઓ બતાવી હતી તે નીચે મુજબ છે :–

(૧) નજ્દની ધરતી પરથી એક એવું શયતાની ટોળું નીકળશે કે જેના ફિત્નાથી ઈસ્લામી કિલ્લામાં ધરતીકંપનો જન્મ થશે. (૨) આ ટોળું બેઅદબ તથા રસૂલનું ગુસ્તાખ હશે. (૩) આ મહાન ફિત્નો બની તમીમના કબીલાથી આરંભાશે (૪) આ લોકો નમાઝ, રોઝા, જેવા જાહેરી અમલો એટલા બધા કરશે કે તેમને જોઈ મુસલમાનો પોતાના અમલોને હક઼ીર મામૂલી સમજશે. (૫) આ લોકો જ્યારે વાતો કરશે ત્યારે એવું જણાશે કે બધાથી સારી વાતો કરે છે. એટલે કે વાત વાતમાં કુર્આન, હદીષ, બયાન કરશે. (૬) કુર્આન પઢશે, કુર્આન તરફ દા'વત આપશે પરંતુ કુર્આન તેમના હલક (ગળા) ની નીચે ન ઉતરશે. (૭) તેઓ ઈસ્લામથી અને દીન તરફથી એ રીતે નીકળી જશે જેવી રીતે તીર શિકારથી નીકળી જશે. (૮) આ લોકો એટલી હદે માથુ મુડાવશે કે માથુ મુંડાવવું તેમની નિશાની બની જશે. (૯) આ લોકો બુતપરસ્તોને છોડીને ઈસ્લામીઓ, મુસલમાનોને ક઼તલ કરશે. (૧૦) તે લોકો અવિરત નીકળતા રહેશે ત્યાં સુધી કે તેમનો છેલ્લો ગિરોહ દજ્જાલ સાથે નીકળશે." (૧૧) આ લોકો એટલા બધા ખતરનાક અને બદતર કાફિર છે કે નબીએ રહમત ﷺએ તેમના માટે ઈર્શાદ ફર્માવ્યો કે, જો હું તેમને પામત તો કૌમે આદની જેમ કતલ કરી દેતો. (૧૨) આ લોકો બધી મખ્લૂક઼માં બધાથી બદ્તરીન મખ્લૂક઼ છે. (૧૩) આ લોકો મસ્જિદોમાં (કૂંડાળા) બનાવી બેસશે, જો કે એ લોકો શુધ્ધ દુનિયાદાર હશે.

તેમનો ઝિક્ર પણ દુનિયા માટે જ હશે તેથી ખુદા સાથે તેમનો કશો સંબંધ રહેશે નહીં. માટે તમે તેમની સાથે બેસશો નહીં.

હુઝૂરે બતાવેલ ઉપર મુજબની નિશાનીઓ અહલે સુન્નત વલ જમાઅત સિવાયના દરેક ફિર્કાઓને બંધ બેસતુ આવે છે જે તમે જોઈ શકો છો. જેમને હુઝૂરે બુરા કહયા હોય તેની પાછળ નમાઝ કેવી રીતે થઈ શકે તમે જ વિચારો.

આ મુજબ અન્ય ફિર્કાઓ કુર્આન હદીષ વિરૂધ્ધ અકીદાઓ ઘડવાના કારણે જહન્નમી ફિર્કા બન્યા અને તેની જે આગાહી નબી કરીમ ﷺ એ કરી હતી તેના આધારે આપણે તેમનાથી સચેત થઈ જઈને નારી (જહન્નમીઓ)થી બચવા સતત કાળજી લેવી જોઈએ. આ બાતિલ ફિર્કામાંના કેટલાક ટૂંક સમયમાં અસ્ત પામ્યા કેટલાક હજી જીવંત છે પણ હાલના સમયે હિંદુસ્તાનમાં જે નવા ગુમરાહ ફિર્કાઓ ફુલી ફાલી રહ્યા છે દા.ત. વહાબી, ઈલ્યાસી, દેવબંદી, મૌદૂદી (જમાઅતે ઈસ્લામી), ગૈર મુકલ્લિદ (અહલે હદીષ), નેચરી, કાદિયાની વગેરે આ ગુમરાહ ફિર્કા(વહાબી)ની શાખાઓ છે, બલ્કે ખારજી ફિર્કામાંથી નીકળેલા છે. જેના માટે **અલ્લામા મોહમ્મદ ઈબ્ને આબિદીન શામી**ની મશહૂર કિતાબ ''ફતાવાએ શામી'' ભાગ–૩માં છે કે, **''વહાબી અસલમાં ખારજી છે.''**

''ખારજી એવા હોય છે જેવા કે અમારા જમાનામાં મુહમ્મદ અબ્દુલ વહાબના અનુકરણીઓ (વહાબીઓ)થી જાહેર થયું. જેમણે નજ્દથી નીકળીને હરમૈન શરીફૈન (મક્કા મદીના)માં કબજો મેળવ્યો. તેઓ પોતાને જાહેરમાં હંબલી કહેતા હતા છતાં તેમનો એ અકીદો હતો કે બસ ! તેઓ જ મુસલમાન છે અને





જેઓ તેમનો વિરોધ કરે તે બધા મુશ્રિક છે. આ કારણે જ અહલે સુન્નતના કત્લને સારું અને જાઈઝ ઠરાવ્યું. અલ્લાહ તઆલાએ તેમનો ઠાઠ–વૈભવ તોડી નાખ્યો, તેમનાં શહેરોને વેરાન કરી નાખ્યાં તથા મુસલમાનોના લશ્કરોએ વહાબીઓ પર હિ. ૧૨૪૩ માં વિજય મેળવ્યો.''

જુઓ ! અલ્લામા શામીએ પણ વહાબીઓને ખારજીમાં ગણાવ્યા અને અહલે સુન્નતના લશ્કરને મુસલમાનોનું લશ્કર દર્શાવ્યું. આથી જણાયું કે, **અલ્લામા શામીની નજીક વહાબીઓ મુસલમાન નથી.**

## અહેલે સુન્નત વલ જમાઅત નજાતનો રસ્તો છે

ગુસ્તાખી ભર્યા આવા ગંદા વિચારો અલ્લાહ અને રસૂલ વિશે જે અગાઉ આપ વાંચી ગયા તે હુઝૂરના સમયમાં જે લોકોના હતા તેમને મુનાફિક કહેવામાં આવતા અને એવા કેટલાય મુનાફિકોને સહાબાઓએ કત્લ કર્યા હતા જે છેલ્લા ૨૦૦ વર્ષથી વહાબી, દેવબંદી, જમાઅતી, એહલે હદીષ, કાદયાની, એહલે કુર્આન અને જમાઅતે ઈસ્લામીના વિચારો છે. જેથી કહી શકાય કે આ લોકો આજના દોરના મુનાફિકો છે. આ લોકોના મુનાફિક અને ગુસ્તાખે રસૂલ હોવા વિશે હજારો પુરાવાઓ મૌજૂદ છે. ગુસ્તાખે રસૂલના દરેક સવાલનો જવાબ એહલે સુન્નત વલ જમાઅત પાસે કુર્આન હદીષ અને સુન્નતે રસૂલથી પુરાવા સાથે મૌજૂદ છે. જે કોઈ વ્યકિત વધુ પુરાવાઓ ઈચ્છે તો અમારો સંપર્ક કરે અથવા દુનિયાના કોઈપણ સુન્ની દારૂલ ઉલૂમનો સંપર્ક કરે. સહાબાથી હક્ક સાબિત થતી બુઝુર્ગાને દીનનો અકાઈદ ધરાવતી એહલે સુન્નત વલ જમાઅત જે ૧૪૦૦ વર્ષથી

દુનિયાને દીને હક્કનો પૈગામ આપે છે. આમ ૧૪૦૦ વર્ષથી ચાલી આવતો એહલે સુન્નત વલ જમાઅતનો અકીદો સાચો કે ૨૦૦ વર્ષથી નવા પેદા થયેલા દેવબંદી જમાઅતી વિગેરે ?!

**સત્ય પ્રિય વાંચકો !** અલ્લાહને હાજર માની ઈન્સાફથી ફેંસલો કરો અને અહલે સુન્નત વલ જમાઅતનો દામન મજબૂતીથી પકડી લો એ જ નજાતનો રસ્તો છે.

## વહાબી દેવબંદીઓથી કુર્આન સાંભળવુ પણ નાજાઈઝ

દારમી શરીફમાં છે કે, મહાન શાનવાળા તાબઈ હાફિઝુલ હદીષ, હઝરત ઈમામ ઈબ્ને સીરીં رضی اللہ عنہની મજલિસમાં બે બદ્મઝહબોએ આવીને અર્ઝ કરી કે, અમે આપની સમક્ષ એક હદીષ વર્ણન કરવા ઈચ્છીએ છીએ. આપે જવાબ આપ્યો કે હું સાંભળવા તૈયાર નથી. તે બંને જણાએ અર્ઝ કરી કે, અમે કુર્આન શરીફની કોઈ આયત પઢીએ ?! આપે ફર્માવ્યું, "ના !" તમે લોકો ક્યાં તો મારી પાસેથી ચાલ્યા જાવ, નહીં તો હું અહીંથી ઉઠું છું ! તો તે બંને જણ જતા રહ્યા. હાજરજનોમાંથી કોઈએ કહ્યું કે, હઝરત ! તેઓ કુર્આનની કોઈ આયત પઢત તો સાંભળ વામાં તમારું શું જતું હતું ? આપે ફર્માવ્યું, તેઓ કુર્આનની કોઈ આયત પઢે અને અર્થમાં ઘાલમેલ કરે પછી એ જ અર્થ મારા દિલમાં સમાઈ જાય ! (અને ખુદાની પનાહ મારો અકીદો બગડી જાય !)

હાફિઝુલ હદીષ તાબઈ ઈબ્ને સીરીન رضی اللہ عنہ જઓ પોતાનું ઈમાન ખરાબ ન થઈ જાય તે માટે કેટલી તકેદારી રાખતા હતા કે ગુમરાહોના મોઢે કુર્આનની આયત પણ સાંભળવા તૈયાર ન હતા. ઈમામ ઈબ્ને સીરીન પાસે તો આપણી કોઈ હેસિયત નથી તે છતાં આપણે ઈમાન બાબતે કેટલા બિંદાસ્ત થઈ ગયા છે કે





ગુમરાહ ફિર્કાઓવાળા સાથે નિકાહના રિશ્તા તેમજ એમની મસ્જિદોમાં નમાઝ પઢવાથી પણ પરહેઝ કરતા નથી જે લોકો એમની સાથે મેલ મિલાપ રાખે છે તેઓ જ ગુમરાહ થાય છે, જો તમારે તમારું ઈમાન બચાવવુ હોય તો ગુમરાહ ફિર્કાઓથી દૂર થવુ જ પડશે. આજના દૌરમાં ઈમાન બચાવવા માટે આ જ એક સરળ રસ્તો છે.

## નબીની ગુસ્તાખી કરનાર કાફિર છે

શિફા કાઝી અયાઝમાં છે કે ઈમામ માલિક (رضی اللہ عنہ)એ એમ કહયું કે જે શખ્સ એવું કહે કે મદીનાની માટી સારી નથી તેને કતલ કરી દેવાની જરૂર છે.

"ફતાવા આલમગીરી" માં છે કે જો નબી (صلی اللہ علیہ وسلم)ના મુબારક વાળ (બાલ)ને 'બલ્વા' કહે (મતલબ કે ઉતારી પાડવા માટે હલ્કો શબ્દ પ્રયોગ કરે તો કાફિર છે.) જે રસૂલના નાલૈન શરીફ ને (જૂતા મુબારક)ને જુતીયા કહે તે પણ કાફિર છે.

દુર્રે મુખ્તારમાં છે કે, જે કોઈ નબીની શાનમાં ગુસ્તાખીના કારણે કાફિર થયો તેની તૌબા કોઈ પણ રીતે કબૂલ નથી, વળી જે કોઈ તેના કુફ્ર કે અઝાબમાં શંકા લાવે તે ખૂદ કાફિર છે.

રસૂલની તા'ઝીમ વગર શયતાને કરેલ ઘણી જ ઈબાદતો નિરર્થક થઈ. તા'ઝીમે રસૂલ પછી અલ્લાહ તઆલાએ ઈબાદતનું ઝિક્ર કર્યુ. આનાથી સ્પષ્ટ સાબિત થયું કે, **જરૂરિયાતે દીનમાં બધાથી વધુ અને અગત્યની વસ્તુ તા'ઝીમે રસૂલ છે.**

(હે ઈમાનવાળાઓ ! નબીના અવાજ પર તમારા અવાજને ઊંચા ન કરો અને જોરથી વાતચીત ન કરો, નહીં તો તમારા અમલ બરબાદ થઈ જશે અને તમને ખબર સુધ્ધાં ન હશે.)

*(સૂરએ હુજોરાત, આ–૧)*

જયારે અલ્લાહ તઆલાને પોતાના પ્યારા મહેબૂબ ﷺની બારગાહમાં કોઈ જલીલુલ કદ્ર સહાબીનું જોરથી વાત કરવું એટલું નાપસંદ છે કે જીવનભરના નેક અમલો બર્બાદ કરી આપવાની ધમકી ફર્માવી રહયો છે, તો દેવબંદી, જમાઅતી, વહાબી વગેરે ફિર્કાવાળાઓ હુઝૂરની શાનમાં કેવી કેવી ખરાબ ગુસ્તાખીઓ કરી છે ! છતાં તમે એમને ઈમાનવાળા સમજી એમની પાછળ નમાઝ પઢો છો ?! તમને ખબર નથી કે જિંદગીમાં એક સેકન્ડ પૂરતી હુઝૂર ﷺની ગુસ્તાખી આખી જિંદગીના આમાલને ખતમ કરી નાંખે છે છતાં તેમના કુફ્રમાં તમને શંકા છે ? ખામોશ કેમ છો ? તેઓના દરેક સવાલ (દાવપેચનો) સુન્નત વલ જમાઅત પાસે કુર્આન હદીષથી પુરાવા સાથે જવાબ મૌજૂદ છે. આટલા બધા પુરાવાઓ આપ્યા પછી તો તમારી આંખો ખુલવી જ જોઈએ, તેઓ તમારી મસ્જિદો કબજે કરી રહયા છે, તમારા ભાઈઓને ગુમરાહ કરવામાં મશગૂલ છે, તમને ગુમરાહી તરફ બોલાવી રહયા છે, છતાં તમે એમને દોસ્ત સમજો છો ! દરેક સુન્નીની જવાબદારી છે કે ગુસ્તાખોથી પોતે અને પોતાનાંઓને બચાવવાં, જો આ જવાબદારીથી મ્હોં ફેરવશો તો જિંદગીભર ઈબાદતમાં મશગૂલ રહેવા છતાં જહન્નમમાં જવું પડશે.

## જેની સાથે દોસ્તી રાખશો તેના જેવો જ અંજામ થશે

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوْٓا اٰبَآءَكُمْ وَاِخْوَانَكُمْ اَوْلِيَآءَ اِنِ اسْتَحَبُّوا الْكُفْرَ عَلَى الْاِيْمَانِ ؕ وَمَنْ يَّتَوَلَّهُمْ مِّنْكُمْ فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوْنَ

"હે ઈમાનવાળાઓ ! તમારા બાપ અને ભાઈઓને દોસ્ત ન





સમજો જો તેઓ ઈમાન પર કુફ્રને પસંદ કરે અને તમારામાં જે કોઈ તેમનાથી મૈત્રી કરશે તો તે જાલિમોમાંથી છે."

**હદીષ** : (૧) આદમી પોતાના મિત્રના દીન પર હોયછે. તો તમારામાંથી પ્રત્યેક દેખભાળ કરી લે કે, તે કોની સાથે મૈત્રી રાખે છે. *(મિશ્કાત શરીફ)*

**હદીષ** : (૨) જે કોઈ બદ્દમઝહબની તાઝીમ કરે તેણે ઈસ્લામને પાડી નાખવા પર મદદ કરી. (ઈબ્ને અસાકિર)

હુઝૂર (ﷺ) એ ફર્માવ્યું, " તેમને તમારી પાસેથી દૂર કરો અને તમે તેમનાથી દૂર ભાગો. તે તમને ગુમરાહ ન કરી દે, ક્યાંક તે તમને ફિત્નામાં ન નાંખે" અને જે પોતાના નફસ કે પોતાની જાત પર ભરોસો કરે છે તો તે મહાજૂઠ પર જ વિશ્વાસ કરે છે. જો કોઈ વાત ક઼સમપૂર્વક પણ કહે (ત્યારે સમજી લો કે) બધાથી જૂઠો છે.

હદીષમાં છે કે, હુઝૂર (ﷺ) એ ફર્માવ્યું " હું ક઼સમપૂર્વક કહું છું કે જે જે કૌમથી દોસ્તી રાખે છે તેનો હશ્ર તેની સાથે થશે."

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (رضی اللہ عنہ) ફર્માવે છે કે, રૂકન અને મકામે ઈબ્રાહીમ દરમિયાન ઉભો થઈ ૭૦ (સિત્તેર) વર્ષ ઈબાદત કરે, તો પણ અલ્લાહ તેનો હશ્ર તેની જ સાથે કરશે જેનાથી તેને મહોબ્બત હશે. *(અહયાઉલ ઉલૂમ)*

સહીહ હદીષમાં ફર્માવ્યું છે કે, "જ્યારે દજ્જાલ નીકળશે (ત્યારે) અમુક લોકો તેને તમાશાની રીતે જોવા જશે (અને કહેશે) કે અમે તો અમારા દીન પર અટલ છીએ, અમને (દજ્જાલથી) શું નુકસાન થશે ?! છતાં ત્યાં જઈને તેવાં જ થઈ જશે."

ગૌષ પાક સરકારે બગદાદ رضی اللہ عنہની મશહૂર કિતાબ 'ગુન્યતુત્તાલેબીન'માં હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ رحمۃ اللہ علیہનો કૌલ નક઼લ થયો કે, જ્યારે તમે કોઈ બદ્‌મઝહબને રસ્તા પર આવતાં જુઓ, તો તમે બીજો રસ્તો પકડો !

એકવાર નબીએ રહમત صلی اللہ علیہ وسلم હઝરત સિદીક઼ે અકબર رضی اللہ عنہની સાથમાં હઝરત ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہની પાસે આવી ગયા. જોયું કે હઝરત ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہ તૌરાત (જેમાં હુઝૂરની તારીફનું બયાન હતું તે) પઢતા હતા. એ જોઈને હુઝૂર صلی اللہ علیہ وسلم જલાલમાં આવી ગયા. સિદીક઼ે અકબરે કહ્યું કે, ''હે ઉમર ! શું આપ પ્યારા રસૂલ صلی اللہ علیہ وسلمના જલાલને નથી જોઈ રહ્યા ?'' હઝરત ઉમર કાંપી ઉઠયા ! હુઝૂરે ફર્માવ્યું, ''તમારા દીનમાં શું કમી છે કે તમે અન્યની કિતાબ પઢો છો ?''

**પોતે કે બાળકોને બદ્‌મઝહબો પાસે પઢવા ન મોકલો,** નહીં તો બાળકની ગુમરાહીના જિમ્મેદાર માં બાપ થશે. કેમ કે કોલસાની ખાણમાં જનાર કપડાં કાળાં કરીને જ આવે છે અને ઈત્રવાળા પાસે જનાર ખૂશ્બુ સુંઘીને કે લઈને જ આવે છે, તે સામાન્ય વાત બુધ્ધિમાં રાખે. અને ખાસ એ કે તમારાં બાળકોને બદ્‌મઝહબના મદ્રસે મોકલવાથી તેમની સંખ્યા તથા સંસ્થાને પ્રગતિ મળશે અને તેમને આવો સહકાર કરનાર જહન્નમના અઝાબમાં પડવાનો છે. ગમે તેવા બહાનાં બતાવી બાળકોને ગુસ્તાખે રસૂલ પાસે પઢાવવું ક્યાંની ઈમાનદારી છે ? **જો તમારી આવી નાપાક હરકતથી તમારાં બાળકો ગુમરાહ થયાં તો તેઓ આખી જિંદગી જે ગુનાહ અને હુઝૂર صلی اللہ علیہ وسلمની ગુસ્તાખી કરશે તો તેના અઝાબમાં માં-બાપ પણ સરખાં**



હક્ક઼ તથા નાહક્ક઼ની પેહચાન

**જ ભાગીદાર બનશે અને પોતે મોમિન હોવા છતાં ગુમરાહ ઔલાદની સાથે જહન્નમમાં જવુ પડશે.**

હે સુન્ની નાદાન, નાસમજ મુસલમાનો ! તમે આગલા પ્રકરણ (ગુસ્તાખે રસૂલ, બદ્‌મઝહબથી દૂર રહો)માં જોઈ ગયા કે રસૂલુલ્લાહ, સહાબી, તાબેઈન, તબે તાબેઈન તેમજ ગૌષે પાકના આદેશ જોઈ લીધા કે ગુસ્તાખે રસૂલ, બદ્‌મઝહબના લોકોથી શું શું નુકસાન થઈ શકે છે. તો શું હજુ પણ તમે તમારી જીદ નહીં છોડો ? શું તમને તમારી ઔલાદના ઈમાનની ચિંતા નથી ?! આગલા પ્રકરણમાં જણાવ્યું કે **રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની શાનમાં એક સેકંડ પૂરતી ગુસ્તાખી જિંદગીમાં ફક્ત એકવાર થઈ જાય તો ક઼યામત સુધીની તમારી ઈબાદતો અને કલ્માઓ તમારા માટે બેકાર થઈ જાય છે અને આખેરતમાં ઠેકાણું ફક્ત જહન્નમ થશે. દેવબંદી, વહાબીઓ તો હુઝૂર صلی اللہ علیہ وسلمની અનેક ગુસ્તાખીઓ કરે છે** જે આ કિતાબમાં તમે પુરાવા સાથે જોઈ ગયા. અમારી જવાબદારી તમને હક્ક઼ બતાવવાની હતી જે અમે પૂરી કરી હવે રસ્તો તમારે પસંદ કરવાનો છે.



## કુર્આન શરીફ઼ના ગલત તર્જુમાનો નિર્દેશ !

કુર્આન શરીફ઼ના તર્જુમામાં પણ દેવબંદી, જમાઅતીઓના થકી અલ્લાહ અને રસૂલની શાન વિરુધ્ધ કેવા શબ્દો લખાયેલા છે તેને જોઈ લો અને સુન્ની તર્જુમા સાથે તેની સરખામણી કરીને ફૈંસલો કરો કે કોણ હક્ક઼ પર છે ?! અને કોણ ગુસ્તાખ છે.

### આયત નં. ૦૧

وَلَمَّا يَعۡلَمِ اللّٰهُ الَّذِيۡنَ جٰهَدُوۡا مِنۡكُمۡ وَيَعۡلَمَ الصّٰبِرِيۡنَ

*(સૂરએ આલે ઈમરાન, આયત–૧૪૨)* દેવબંદીઓએ આ આયતમાં અલ્લાહને બેખબર સાબિત કર્યો છે.

**★ દેવબંદી તર્જુમા ★**

- અને **હજી માલૂમ નથી કર્યા અલ્લાહે** જેઓ લડનાર છે તમારામાં. *(શાહ અબ્દુલકાદિર)*
- જો કે હજી ખુદાએ તમારામાંથી જેહાદ કરવાવાળાઓને તો સારી રીતે **માલૂમ કર્યા જ નથી.** *(ફ઼તહ મુહમ્મદ જાલંધરી)*
- અને હજી સુધી અલ્લાહે ન તો તે લોકોને **જાંચ્યા (પારખ્યા)** જેઓ તમારામાંથી જેહાદ કરવાવાળા છે." *(ડિપ્ટી નઝીર અહમદ)*
- અને હજી સુધી **તમીઝ નથી આવી** ખુદાને એનાથી કે તેઓ તમારામાંથી જેહાદ કરશે. *(શાહ વલીયુલ્લાહ)*





- જો કે હજી અલ્લાહ તઆલાએ તે લોકોને તો **જોયા નથી** જેમણે તમારામાં જેહાદ કર્યો હોય. *(થાનવી દેવબંદી)*
- અને હજી સુધી **માલૂમ નથી કર્યા** અલ્લાહે જેઓ લડનાર છે તમારામાં. *(મહમૂદુલ હસન દેવબંદી)*

**★ સુન્ની તર્જુમો ★**

**"અને હજી અલ્લાહે તમારા ગાઝીઓના ઈમ્તેહાન નથી લીધી."** *[(આ'લા હઝરત બરેલ્વી (સુન્ની)]*

### આયત નં. ૦૨

وَيَمۡكُرُوۡنَ وَيَمۡكُرُ اللّٰهُ ؕ وَاللّٰهُ خَيۡرُ الۡمٰكِرِيۡنَ

*(સૂરએ અન્ફ઼ાલ, આ. ૩૦, પા. ૯) દેવબંદીઓએ અલ્લાહને માટે કેવા કેવા ખરાબ શબ્દોનો પ્રયોગ કર્યો છે.*

**★ દેવબંદી તર્જુમા ★**

- અને તેઓ પણ ફરેબ (પ્રપંચ) કરતા હતા અને અલ્લાહ પણ **ફરેબ કરતો હતો,** અને અલ્લાહનો **ફરેબ** સૌથી બેહતર છે. *(શાહ અબ્દુલ કાદિર)*
- અને **મકર(ધોકો)** કરતા હતા તેઓ અને **મકર** કરતો હતો અલ્લાહ તઆલા અને અલ્લાહ તઆલા નેક **મકર** કરનારાઓનો છે. *(શાહ રફ઼ીઉદ્દીન)*
- અને હાલ એ કે કાફ઼િર પોતાનો દાવ કરી રહ્યા હતા અને અલ્લાહ પોતાનો **દાવ** કરી રહ્યો હતો અને અલ્લાહ સૌ દાવ કરનારાઓથી બેહતર **દાવ કરવાવાળો છે.** *(ડિપ્ટી નઝીર અહમદ)*
- અને હજી સુધી અલ્લાહે ન તો તે લોકોને **જાંચ્યા (પારખ્યા)** જેઓ તમારામાંથી જેહાદ કરવાવાળા છે." *(ડિપ્ટી નઝીર અહમદ)*

- અને એ લોકો બદ્ સેગાલી કરે છે, અને ખુદા પણ **બદ્ સેગાલી કરતો હતો,** અને ખુદા બેહતરીન **બદ્ સેગાલી કરનારો છે.** *(શાહ વલીયુલ્લાહ)*
- તેઓ પણ દાવ કરતા હતા અને અલ્લાહ પણ **દાવ કરતો હતો** અને અલ્લાહનો **દાવ સૌથી બેહતર છે.** *(મહમુદુલ હસન દેવબંદી)*
- અને તેઓ તો પોતાની તદબીર કરી રહ્યા હતા અને **અલ્લાહમિયાં પોતાની તદબીર** કરી રહ્યા હતા અને સૌથી મુસ્તહકમ (મજબૂત) તદબીરવાળા અલ્લાહ છે. *(થાનવી દેવબંદી)*

**★ સુન્ની તર્જુમો ★**

- **"અને તેઓ પોતાના જેવો મકર (પ્રપંચ) કરતા હતા અને અલ્લાહ પોતાની ખુફીયહ તદબીર (પોશીદા તદબીર) ફર્માવતો હતો. અને અલ્લાહની ખુફીયહ તદબીર સૌથી બેહતર છે."** *[(આ'લા હઝરત બરેલ્વી (સુન્ની)]*

## આયત નં. ૦૩

*(પા. ૩૦, વદુહા, આ. ૭)* **وَوَجَدَكَ ضَآلًّا فَهَدٰى**

આ આયતમાં દેવબંદીઓએ હુઝૂરની શાનમાં ગુસ્તાખી કરી છે.

**★ દેવબંદી તર્જુમા ★**

- અને પામ્યો તને **ભટકતો** પછી રાહ આપી. *(શાહ અબ્દુલ કાદિર)*
- અને પામ્યો તને **રાહ ભૂલેલો** પછી રાહ દેખાડી. *(શાહ રફીઉદ્દીન)*





- અને આપને **બેખબર પામ્યા** જેથી રસ્તો બતાવ્યો. *(અબ્દુલ માજિદ દર્યાબાદી, દેવબંદી)*
- અને પામ્યો તને **રસ્તાથી અલગ** એટલે કે **શરીઅત ન જાણનાર** તો રસ્તો દેખાડયો. *(શાહ વલીયુલ્લાહ)*
- અને તમને જોયા કે રાહે હક્ક઼ની તલાશમાં **ભટકતા ભટકતા** ફરી રહ્યા છે તો તમને દીને ઈસ્લામનો સીધો માર્ગ બતાવી દીધો. *(દેવબંદી ડિપ્ટી નઝીર અહમદ)*
- અને અલ્લાહ તઆલાએ આપને **(શરીઅતથી)** બેખબર પામ્યા જેથી આપને **(શરીઅતનો)** રસ્તો બતાવી દીધો. *(અશ્રફઅલી દેવબંદી થાનવી)*

**★ સુન્ની તર્જુમો ★**

- **"અને તમને પોતાની મહબ્બતમાં ખૂદ રફતહ (બેખૂદ પામ્યા) તો પોતાના તરફ રાહ આપી."**

–*[(આ'લા હઝરત બરેલ્વી (સુન્ની)]*

## આયત નં. ૦૪

**اِنَّا فَتَحْنَا لَكَ فَتْحًا مُّبِيْنًا ۙ لِّيَغْفِرَ لَكَ اللّٰهُ مَا تَقَدَّمَ مِنْ ذَنْۢبِكَ**

*(સૂ. ફતહ, આ. ૧, પારા–૨૬)* **وَمَا تَاَخَّرَ** આ આયતમાં દેવબંદીઓએ હુઝૂરને ગુનેગાર સાબિત કર્યા.

**★ દેવબંદી તર્જુમા ★**

- અમે ફૈસલો કરી દીધો તારા (હુઝૂર ﷺ) માટે સ્પષ્ટ ફૈસલો જેથી માફ કરે તને અલ્લાહ જે અગાઉ થયા તારા **ગુનાહ** અને જે પાછળ રહ્યા. *(શાહ અબ્દુલકાદિર)*
- તહકીક઼ ફતહ આપી અમે તને જાહેર ફતહ. જેથી કે બખ્શે

વાસ્તે તારા ખુદા જે કાંઈ થયું હતું પહેલાં **ગુનાહોથી** તારા અને જે કાંઈ પછી થયું. *(શાહ રફીઉદ્દીન)*

- ✪ બેશક ! અમે આપને એક ખુલ્લમ ખુલ્લા ફતહ આપી. જેથી અલ્લાહ આપની સૌ આગલી પાછલી **ખતાઓ** માફ કરી આપે. *(અબ્દુલ માજિદ દર્યાબાદી–દેવબંદી)*
- ✪ અય પયગંબર ! એ હુદૈબિયહ્‌ની સુલહ શું થઈ, હક઼ીક઼તમાં અમે તમારી ખુલ્લમ ખુલ્લા ફતહ કરાવી દીધી. જેથી તમે એ ફતહના શુક્રિયામાં દીને હક્ક઼ની તરક્ક઼ીના માટે ઔર અધિક કોશિશ કરો અને ખુદા તેના બદલામાં તમારા આગલા અને પાછલા **ગુનાહ માફ કરી આપે**. *(ડિપ્ટી નઝીર અહમદ–દેવબંદી)*
- ✪ તમામ મામલાને તારા હુકમમાં કર્યો અને તારા વાસ્તે શાનદાર ફતહ આપી, ફતહ એ છે કે બખ્શી દીધો અને અલ્લાહ તઆલાએ જે કાંઈ તારા આગલા **ગુનાહ** થયા અને તારા પાછલા **ગુનાહ** થયા. *(શાહ વલીયુલ્લાહ)*
- ✪ બેશક ! અમે આપને એક ખુલ્લમ ખુલ્લા ફતેહ આપી જેથી અલ્લાહ તઆલા આપની સૌ આગલી પાછલી **ખતાઓ** **(ભૂલો)** માફ ફર્માવી દે. *(અશ્રફઅલી થાનવી દેવબંદી)*

### ★ સુન્ની તર્જુમો ★

✪**"બેશક ! અમે તમારા માટે રોશન ફતહ આપી, જેથી અલ્લાહ તઆલા તમારા સબબથી ગુનાહ બખ્શે તમારાથી આગલાઓના અને તમારાથી પાછલાઓના."**

*–[(આ'લા હઝરત બરેલ્વી (સુન્ની)]*





## આયત નં. ૦૫

**فَاِنْ یَّشَاِ اللّٰہُ یَخْتِمْ عَلٰی قَلْبِکَ ؕ**

*(સૂરએ શૂરા, પા. ૨૫, આ. ૨૪)* આ આયતમાં દેવબંદીઓએ હુઝૂરને ગુમરાહીની મોહર લગાડવાનો તર્જુમો કર્યો છે.

### ★ દેવબંદી તર્જુમા ★

- ✪ જો ખુદા ધારે તો અય મુહમ્મદ ! તમારા દિલ પર **મોહર** લગાડી આપે. *(ફતહ મુહમ્મદ જાલંધરી)*
- ✪ પછી જો ચાહત અલ્લાહ, **મોહર** રાખી આપત ઉપર દિલના તારા. *(શાહ રફીઉદ્દીન)*
- ✪ પછી જો અલ્લાહ તઆલા ચાહે તો તારા દિલ પર **મોહર** કરી આપે. *(શાહ વલીયુલ્લાહ)*
- ✪ જેથી જો અલ્લાહ ચાહે, **મોહર** કરી આપે તારા દિલ પર. *(શાહ અબ્દુલ કાદિર)*
- ✪ તો જો અલ્લાહ ચાહે તો આપના દિલ પર **મોહર** લગાડી આપે. *(અબ્દુલમાજિદ દર્યાબાદી–દેવબંદી)*
- ✪ જેથી ખુદા જો ચાહે તો આપના દિલ પર **બંદ (બંધ)** લગાડી દે. (સાબિક તર્જુમો) **"દિલ પર મોહર લગાડી દે."** *(અશરફઅલી થાનવી–દેવબંદી)*

### ★ સુન્ની તર્જુમો ★

✪**"અને જો અલ્લાહ ચાહે તો તમારા દિલ પર પોતાની રહમત તથા હિફાઝતની મોહર લગાડી આપે."**

*–[(આ'લા હઝરત બરેલ્વી (સુન્ની)]*

## આયત નં. ૦૬

**وَلَئِنِ اتَّبَعۡتَ اَهۡوَآءَهُمۡ مِّنۡۢ بَعۡدِمَا جَآءَكَ مِنَ الۡعِلۡمِ ۙ اِنَّكَ اِذًا لَّمِنَ الظّٰلِمِيۡنَ** *(સૂરએ બકરહ્, આ.૧૪૫)*

આ આયતનું સંબોધન આમ આદમીઓ તરફ છે, દેવબંદીઓએ હુઝૂર તરફ કરી દીધુ.

**★ દેવબંદી તર્જુમા ★**

⍟ અને કદી ચાલ્યો તું તેમની પસંદ પર, એ ઈલ્મ પછી જે તને પહોંચ્યો, તો **તારું કોઈ નથી** અલ્લાહના હાથથી હિમાયત કરનાર ન મદદગાર. *(શાહ અબ્દુલ કાદિર)*

⍟ અને જો પૈરવી કરીશ તું ખ્વાહિશોની તેમની, પછી એ ચીજની કે આવી તારી પાસે ઈલ્મથી, નથી તારા વાસ્તે અલ્લાહથી કોઈ **દોસ્ત અને ન કોઈ મદદગાર.** *(શાહ રફીઉદ્દીન)*

⍟ અને જો તમે તે ઈલ્મ બાદ જે આપને પહોંચી ચૂક્યો છે તેમની ખ્વાહિશોની પૈરવી કરવા લાગ્યા તો આપના માટે અલ્લાહની પકડના મુકાબલામાં ન કોઈ **યાર હશે ન મદદગાર.** *(અબ્દુલ માજિદ દર્યાબાદી)*

⍟ અને અય પયગંબર ! જો તમે તે પછી કે તમારી પાસે ઈલ્મ એટલે કુર્આન આવી ચૂક્યું છે, તેમની ખ્વાહિશો પર ચાલ્યા તો પછી તમને **ખુદાના ગઝબથી બચાવનાર** ન કોઈ દોસ્ત અને ન કોઈ મદદગાર. *(ડિપ્ટી નઝીર અહમદ તથા ફતહ મુહમ્મદ જાલંધરી)*

⍟ જો પયરવી કરે તું તે લોકોની **બાતિલ ખ્વાહિશોની** ત્યાર





બાદ કે તને ઈલ્મ થઈ ગયો, (તો) તમને લાયક નથી અલ્લાહના **અઝાબથી કોઈ દોસ્ત.** *(શાહ વલીયુલ્લાહ)*

⍟ અને જો આપ પૈરવી કરવા લાગ્યા તેમના ગલત ખયાલોના ઈલ્મે કતઈ બાલોહી આવી ચૂક્યા બાદ તો આપનો કોઈ ખુદાથી **બચાવનાર ન યાર નીકળે ન મદદગાર.** *(અશ્રફ અલી થાનવી દેવબંદી)*

**★ સુન્ની તર્જુમો ★**

⍟ **"અને (હે સાંભળનાર ! કોઈ પણ હોય) જો તું તેમની ખ્વાહિશો પર ચાલ્યો, ત્યાર બાદ કે તને ઈલ્મ મળી ચૂક્યો તો અલ્લાહથી કોઈ તારો બચાવનારો હશે અને ન મદદગાર."** –*[(આ'લા હઝરત બરેલ્વી (સુન્ની)]*

## આયત નં. ૦૭

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

**★ દેવબંદી તર્જુમા ★**

⍟ **શરૂ અલ્લાહના નામથી** જે મોટો મહેરબાન નિહાયત રહમવાળો. *(શાહ અબ્દુલ કાદિર)*

⍟ **શરૂ કરું છું** હું સાથે નામ અલ્લાહ બખ્શિશ કરનાર મહેરબાનના. *(શાહ રફીઉદ્દીન)*

⍟ શરૂ અલ્લાહ નિહાયત રહમ કરનારા વારંવાર રહમ કરનારાના નામથી. *(અબ્દુલ માજિદ દર્યાબાદી)*

⍟ **શરૂ કરું છું** અલ્લાહના નામથી જે મોટા મહેરબાન રહમ કરનારા છે. *(અશ્રફઅલી થાનવી–દેવબંદી)*

★ **સુન્ની તર્જુમો** ★

✪**"અલ્લાહના નામથી શરૂ જે નિહાયત મહેરબાન રહમવાળો."**
–[(આ'લા હઝરત બરેલ્વી (સુન્ની)]

## આયત નં. ૦૮

اِنَّ الْمُنٰفِقِيْنَ يُخٰدِعُوْنَ اللّٰهَ وَهُوَ خَادِعُهُمْ

(પારા–૫, સૂ. નિસાઅ, આ. ૧૪૨) દેવબંદીઓએ આ આયતમાં અલ્લાહ માટે કેવા કેવા ખરાબ શબ્દોથી સંબોધન કર્યું છે.

★ **દેવબંદી તર્જુમા** ★

✪ મુનાફિકો દગાબાજી કરે છે અલ્લાહ સાથે અને અલ્લાહ પણ તેમને **દગો આપશે.** *(આશિક ઈલાહી મેરઠી, અબ્દુલ કાદિર તથા મૌલાના મહમૂદુલ હસન સાહબ)*

✪ અને અલ્લાહ **ફરેબ દેનાર છે** તેમને. *(શાહ રફીઉદ્દીન સાહબ)*

✪ ખુદા તેમને જ **ધોકો આપી રહ્યો છે.** *(ડિપ્ટી નઝીર અહમદ સાહબ)*

✪ અલ્લાહ તેમને જ **ધોકામાં નાખવાનો છે.** *(ફતહ મુહમ્મદ સાહબ જાલંધરી)*

✪ તે તેમને **ફરેબ આપી રહ્યો છે.** *(નવાબ તથા વહીદુઝ્ઝમાં ગૈર મુકલ્લિદ તથા મિર્ઝા હેરત ગૈર મુકલ્લિદ દહેલ્વી તથા સૈયદ ફર્માન અલી શીઆ)*

★ **સુન્ની તર્જુમો** ★

✪**"બેશક ! મુનાફિક લોકો પોતાના ગુમાનમાં અલ્લાહને ફરેબ આપવાનુ ઈચ્છે છે અને તે જ તેમને ગાફિલ કરીને મારશે."** –[(આ'લા હઝરત બરેલ્વી (સુન્ની)]





## આયત નં. ૦૯

نَسُوا اللّٰهَ فَنَسِيَهُمْ ط (પા. ૧૦, સૂ. તૌબા, આ. ૬૭)

*અહી દેવબંદીઓએ અલ્લાહને ભૂલી જવાની તોહમત લગાડી.*

★ **દેવબંદી તર્જુમા** ★

✪ એ લોકો અલ્લાહને ભૂલી ગયા અને અલ્લાહે તેમને **ભૂલાવી દીધા.** *(ફતહ મુહમ્મદ જાલંધરી, ડિપ્ટી નઝીર અહમદ દેવબંદી)*

✪ તેઓ અલ્લાહને ભૂલી ગયા, અલ્લાહ તેમને **ભૂલી ગયો.** *(શાહ અબ્દુલ કાદિર સાહબ, શાહ રફીઉદ્દીન, શૈખ મહમુદુલ હસન દેવબંદી) (ભૂલવું એ ઐબ અને અલ્લાહ ઐબથી પાક છે.)*

★ **સુન્ની તર્જુમો** ★

✪**"તેઓ અલ્લાહને છોડી બેઠા તો અલ્લાહે તેમને છોડી દીધા."** –[(આ'લા હઝરત બરેલ્વી (સુન્ની)]

★★★

**નોંધ** વાંચકો યાદ રાખે કે શાહ વલીયુલ્લાહ, શાહ રફીઉદ્દીન, શાહ અબ્દુલકાદિર વગેરેની નજીક ગૈર મુકલ્લિદની નજીક વગેરે હઝરાત રહ્યા જેના કારણે કેટલીક કિતાબો કુર્આનની તર્જુમા વગેરેમાં લખાણોને ફેરવી નાંખીને છાપવામાં તેઓ કામયાબ થયા. જેથી ઉપરોક્ત તર્જુમાઓ સર્વ વહાબી, દેવબંદીના તર્જુમા સમજવામાં આવશે. **–પ્રકાશક**

## અહલે સુન્નતના મશ્હૂર ઈમામો તથા બુઝુર્ગો

સહાબાના સમયથી આજ સુધીના દરેક દૌરમાં ઈસ્લામી જગતના સેંકડો આલિમો, તરીક઼તના સિલસિલાના મશાઈખ, ઔલિયાએ કિરામ વિગેરેએ અહલે સુન્નત વલ જમાઅતની રક્ષા માટે અમૂલ્ય કારનામુ અંજામ આપ્યું. તેઓમાંથી કેટલાકનાં નામોની યાદી રજૂ કરીએ છીએ જેથી તમે જોઈ શકો કે અહલે સુન્નત વલ જમાઅત સહાબાનો દીન છે અને સહાબાથી આજ સુધી હક્ક઼ ઉપર અડીખમ છે.

| બુઝુર્ગાને દીનનાં નામો | હિ.સ. |
|---|---|
| ખલીફાએ રાશીદ સૈયદના ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ | ૬૧ થી ૧૦૧ |
| ઈમામ મુહમ્મદ ઈબ્ને ઈદરીસ શાફઈ | ૧૫૦ થી ૨૦૪ |
| ઈમામ અશહબ ઈબ્ને અબ્દુલ અઝીઝ મિસ્રી માલિકી | ૧૪૫ થી૨૦૪ |
| ઈમામ અહમદ ઈબ્ને હંબલ | ૧૬૪ થી ૨૪૧ |
| ઈમામ અહમદ ઈબ્ને શોએબ નિસાઈ | ૨૧૫ થી ૩૦૩ |
| અલ્ મુજતહિદ અલ મુત્લક મુહમ્મદ ઈબ્ને જરીર તિબરી | ૨૨૪ થી ૩૧૦ |
| ઈમામ અબુલ હસન અલી ઈબ્ને ઈસ્માઈલ અશ્અરી | ૨૬૦ થી ૩૨૪ |
| ઈમામ કાઝી અબૂબક્ર મુહમ્મદ ઈબ્ને તૈયિબ બાકલાની | ૩૩૮ થી ૪૦૩ |
| ઈમામ અબૂ ઈસ્હાક ઈબ્રાહીમ ઈબ્ને મુહમ્મદ અસ્ફરાઈની | હિ.સ.૪૧૭ |
| હુજ્જતુલ ઈસ્લામ ઈમામ મુહમ્મદ ઈબ્ને મુહમ્મદ ગિઝાલી | ૪૫૦ થી ૫૦૫ |
| હઝરત દાતા ગંજ બખ્શ લાહોરી | ૪૦૦ થી ૪૬૫ |
| મુહીયુદ્દીન શૈખુશ્શોયૂખ સૈયેદના અબ્દુલક઼ાદિર ઈબ્નેમૂસા જીલાની | ૪૭૧ થી ૫૬૧ |
| ઈમામ ફખ્રુદ્દીન મુહમ્મદ ઈબ્ને ઉમર રાઝી | ૫૪૪ થી ૬૦૬ |





| બુઝુર્ગાને દીનનાં નામો | હિ.સ. |
|---|---|
| હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી | ૫૩૭ થી ૬૩૩ |
| હઝરત શૈખ બહાઉદ્દીન ઝકરીયા મુલ્તાની | ૫૬૬ થી૬૬૬ |
| હઝરત ફરીદુદ્દીન ગંજ શકર | ૫૭૫ થી ૬૬૪ |
| હઝરત ખ્વાઝા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી | ૫૮૧ થી૬૩૪ |
| હઝરત મખ્દૂમ અલાઉદ્દીન સાબિર કલયરી | ૫૯૨ થી ૬૯૦ |
| ઝૈનુદ્દીન અબ્દુર્રહીમ ઈબ્ને હુસૈન ઈરાકી | ૭૨૫ થી ૮૦૪ |
| હઝરત ખ્વાજા નિઝામુદ્દીન ઔલિયા | ૬૩૬ થી ૭૨૫ |
| હઝરત મખ્દૂમ જહાનિયાં જહાંગશ્ત | ૭૦૭ થી ૭૮૫ |
| હઝરત અમીર કબીર સૈયદ અલી હમદાની | ૭૧૪ થી ૭૮૬ |
| હઝરત મખ્દૂમ જહાંગીર અશ્રફ સમનાની | ૭૦૭ થી ૮૦૮ |
| જલાલુદ્દીન અબ્દુર્રહ્માન ઈબ્ને અબીબકર સુયૂતિ | ૮૪૯ થી ૯૧૧ |
| હઝરત શૈખ સલીમ ચિશ્તી | ૮૮૪ થી ૯૭૯ |
| શૈખ મુહક઼્ક઼િક઼ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી | ૯૫૭ થી ૧૦૫૨ |
| સુલ્તાન ઓરંગઝેબ આલમગીર | ૧૦૨૫ થી ૧૧૧૭ |
| હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી | ૧૧૧૪થી ૧૧૭૬ |
| હઝરત અલ્લામા અબ્દુલ અલી ફિરંગી | ૧૧૪૪ થી ૧૨૩૫ |
| હઝરત શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી | ૧૧૫૯ થી૧૨૩૯ |
| હઝરત અલ્લામા ફઝ્લે હક્ક઼ ખૈરાબાદી | ૧૨૧૨ થી૧૨૭૮ |
| હઝરત અલ્લામા ફઝ્લેરસૂલ બદાયૂની | ૧૨૧૩ થી૧૨૮૯ |
| હઝરત મૌલાના ફઝલુર્રહમાન ગંજમુરાદાબાદી | ૧૨૦૮ થી ૧૩૧૩ |
| હઝરત મૌલાના ગુલામદસ્તગીર કિસ્વરી લાહોરી | હિ.સ.૧૩૧૫ |
| હઝરત મૌલાના ગુલામક઼ાદિર ભૈરવી | હિ.સ. ૧૩૨૭ |
| હઝરત અબ્દુલક઼ાદિર બદાયૂની | ૧૨૫૩ થી ૧૩૨૯ |
| હઝરત મૌલાના ઈમામ અહમદ રઝા બરેલ્વી | ૧૨૭૨ થી ૧૩૪૦ |
| હઝરત મૌલાના વસી અહમદ મુહદ્દિષ સૂરતી | હિ.સ. ૧૩૩૪ |
| હઝરત શાહ અલી હુસૈન અશરફી મિયાં | ૧૨૬૬ થી ૧૩૫૫ |

જેઓ અહલે સુન્નત વલ જમાઅતના પોતાના જમાનાના બહાદુર સેનાપતિઓ હતા. વહાબી, દેવબંદી/જમાઅતીઓને અમારી વિનંતી છે કે ઈસ્લામની શરૂઆતથી હિ.સ. ૧૧૨૦ સુધી થઈ ગયેલ સહાબા, તાબઈ, તબેતાબઈ, ઔલિયાએ કિરામ, ઉલ્માએ કિરામ વિગેરેને હક્ક઼ માનવામાં આવે છે જેમને તમે પણ હક્ક઼ માનો છો, તેઓમાંથી એકનો પણ અક઼ીદો તમારી જેવો હતો એ સાબિત કરી શકો છો ? તમારા અકીદા મુજબ તો હુઝૂર ﷺને ગૈબનું ઈલ્મ ન હતું, હુઝૂર ﷺ હાઝિર નાઝિર નથી, હુઝૂર ﷺ આપણી જેવા છે, આપણાં મોટા ભાઈ છે, અલ્લાહ જૂઠૂ બોલી શકે છે, હુઝૂરને ૪૦ વર્ષે નબુવ્વત મળી, હુઝૂર પછી ઘણાં નબી થઈ શકે છે, હુઝૂર કરતાં ઉમ્મતી અમલમાં વધી જાય છે, યા રસૂલલ્લાહ કહેવું શિર્ક છે, નબીઓ ગુનેગાર હોય છે, ન્યાઝ નાજાઈઝ છે, અલ્લાહને અલ્લાહ મિયાં કહો છો, કાફિરને કાફિર ન કહેવું માનો છો. તમારા અક઼ીદાઓ જેમ હુઝૂર ﷺના સમયના મુનાફિક઼ોના અક઼ીદાઓ અને કામો હતાં. તમારી જેમ જ હુઝૂરની શાનમાં ગુસ્તાખીઓ કરતા હતા અને કહેતા હતા કે હુઝૂરને ગૈબની શું ખબર? હુઝૂર તો આપણી જેવા ઈન્સાન છે વિગેરે. જેથી અમો ચોક્કસપણે કહી શકીએ છીએ કે મુનાફિક઼ોનો અક઼ીદો એ જ આજના દૌરના વહાબી, દેવબંદી/જમાઅતી વિગેરેનો અકીદો છે.

## અંતિમ વિનંતિ

અંતમાં તમામ કલ્માગો ભાઈઓને તથા જેઓ પોતાને મુસલમાન કહેવડાવે છે તેમને નમ્ર વિનંતિ છે કે અલ્લાહ તથા રસૂલની શાનની વિરુધ્ધ લખીને કે બોલીને કોઈ મુસલમાન રહી





શકતું નથી, ભલે તે લાખ મુસલમાનીનો દાવો કરે. આ શરીઅતનો હુકમ છે જેના માટે કુર્આન હદીષથી સાબિતી છે. અને તમારા ઝમીર (દિલ)ને પણ ઝંઝોળીને ઈમાનદારીથી પૂછો કે **જે શબ્દો રસૂલની શાનમાં બેઅદબીના બોલવામાં આવ્યા છે એવા જ શબ્દો કોઈ તમને કહે તો તમને પણ અપમાન જણાશે કે નહીં?!** તો પછી રસૂલની શાનમાં એવું અપમાન કરનાર કઈ રીતે મુસલમાન રહી શકે છે ? ! માટે શાંત ચિત્તે નિષ્પક્ષપણે ફરી ફરી કિતાબનો અભ્યાસ કરો અને ગંભીરતાથી હક્ક઼ સમજવા કોશિશ કરો. વહાબી, દેવબંદી, ગેર મુકલ્લિદ, મૌદૂદી... વગેરે ફિર્ક઼ાવાળાઓ સાથે અમારો કોઈ અંગત ઝઘડો નથી, ન એમણે અમારી કોઈ મિલ્કતો પડાવી લીધી છે કે ન અમે એમનું કાંઈ પડાવી લીધું છે પણ અસલ ચીજ જે છે તે ઈમાનની જાન એટલે અલ્લાહ વ રસૂલની મહોબ્બત છે, તો આ લોકો અલ્લાહ વ રસૂલના સંબંધે અયોગ્ય શબ્દો વાપરીને ઈસ્લામ તથા ઈમાનથી બહાર નીકળી ચૂક્યા છે અને છતાં પોતાને નમાઝ, રોઝાના ઓઠા હેઠળ મુસલમાન દર્શાવી લોકોને ગુમરાહ કરી જહન્નમ તરફ દોરી રહ્યા છે. જેથી મુસ્લિમ ઉમ્મતની ભલાઈ કાજે આ કિતાબ પ્રસિદ્ધ કરી છે. ઉમ્મીદ છે કે તમો ઈન્સાફથી વાંચશો અને હક્ક઼ને શોધી તેના પર જામી જશો. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદ઼કામાં સૌને નેક સમજ અતા કરે અને આ કિતાબને ગંભીરતાથી વાંચી તેના પર વિચારણા કરીને મઝહબે હક્ક઼ અહલે સુન્નત વલ જમાઅત પર અડીખમ રહેવાની તૌફીક આપે. આમીન, બિજાહિન્નબી કરીમ ﷺ.

## ખાસ નોંધ

આ કિતાબમાં ગુસ્તાખે રસૂલ તેઓને જ કહેવામાં આવ્યા છે જે વહાબી દેવબંદી વિગેરેએ કરેલી ગુસ્તાખીઓને ગુસ્તાખી માનવાના બદલે સારૂ કામ સમજતા હોય, તેઓ જ ઈમાનથી ખારિજ થયેલા ગણાશે. જેવી રીતે શૈતાન લાખો વર્ષની ઈબાદત કર્યા પછી આદમ علیہ السلامની ગુસ્તાખી કરી હમેશાંનો જહન્નમી બની ગયો.

મહત્વની વાત જાણી લો કે જેનું ઈમાન નબીની ગુસ્તાખીને કારણે જશે, તેને કયામત સુધી તૌબાની હિદાયત નસીબ થતી જ નથી. તે કદી સહાબાના દીન (સુન્નિયત) પર પરત આવી શકતો જ નથી. સમાજમાં તેના લાખો દાખલાઓ છે કે જે એકવાર દેવબંદી/ જમાઅતી બને, પછી વહાબી બની જમાઅતે ઈસ્લામીમાં જાય કે એહલે હદીષમાં જાય, આમ ૭૨ જહન્નમી ફિર્કાઓમાં ફરતો રહેશે, પરંતુ અહલે સુન્નત વલ જમાઅત પર પરત આવવાની હિદાયત નસીબ ન થાય ત્યારે સમજી લેવું કે તે સંપૂર્ણ ગુસ્તાખે રસૂલ થઈ ગયો છે.

કિતાબ છાપવાનો ખર્ચ અને સમયનો ભોગ આપવાની પાછળ અમારો મુખ્ય ઉદ્દેશ એ જ છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم ની ઉમ્મતને ગુમરાહ ફિર્કાઓથી બચાવી શકાય.

સુન્નીઓને નમ્ર અરજ છે કે આ મિશનમાં સફળતા મળે તે માટે દુઆ કરશો.

કુર્આન, હદીષ તથા
બુઝુર્ગાને દીનથી સાબિત....

# હક્ક઼ તથા નાહક્ક઼ની પેહચાન


સંપાદક : ફખ્રે ગુજરાત હઝરત અલ્લામહ્
મૌલાના યૂનુસ મિસ્બાહી વાગરાવાળા



પ્રકાશક

અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા


GRWB/059/Bharuch/02 C/o. ફયઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦
ફોન : ૦૨૬૪૨–૨૮૨૭૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
Email : anjuman2006@hotmail.com

પ્રકાશન નં. : ૧૫૨ આવૃત્તિ–૧ પ્રત : ૧૦૦૦૦
૬–શાબાનુલ હિ.સ. ૧૪૨૮ ઓગસ્ટ–૨૦૦૮

ફક્ત પોસ્ટકાર્ડ લખી અથવા SMS કરી મફત મંગાવો !
મો. ૯૪૨૭૪૬૪૪૧૧, ૯૪૨૭૮૧૭૩૯૯

નૂરાની આર્ટ–દયાદરા

કુર્આન, હદીષ તથા
બુઝુર્ગાને દીનથી સાબિત....



# હક્ક઼ તથા
# નાહક્ક઼ની પેહચાન

સંપાદક : ફખ્રે ગુજરાત હઝરત અલ્લામહ્
**મૌલાના યૂનુસ મિસ્બાહી વાગરાવાળા**

**પ્રકાશક**


**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**
GRWB/059/Bharuch/02 C/o. ફય્ઝાને રઝા મંઝિલ,
મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦
ફોન : ૦૨૬૪૨–૨૮૨૭૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
Email : anjuman2006@hotmail.com

પ્રકાશન નં. : ૧૫૨ આવૃત્તિ–૩ પ્રત : ૩૦૦૦
૧૦–મુહર્રમુલ હરામ હિ.સ. ૧૪૨૯ જાન્યુ.–૨૦૦૮


ફક્ત પોસ્ટકાર્ડ લખી અથવા SMS કરી મફ્ત મંગાવો !
મો. ૯૪૨૭૪૬૪૪૧૧, ૯૪૨૭૮૧૭૩૯૯

નૂરાની આર્ટ–દયાદરા

**મદ્રસા બરકાતે ખ્વાજા-ટ્રસ્ટ સંચાલિત**

# દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ

ઠે. ચાર રસ્તા, મસ્જિદે રઝા પાસે, મુા. આમોદ, તા. આમોદ, જિ. ભરૂચ (ગુજરાત) ફોન : (૦૨૬૪૧) ૨૪૬૧૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧,

GRW Board Reg. No. 056/Bharuch/02

- આ **''દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ''** ખાતે હાલ ''એક હિફ્ઝ કલાસ'' ચાલે છે જેમાં તજવીદથી કુર્આન હિફ્ઝ કરાવવામાં આવે છે. સહીહ મખરજથી ઉમદા હાફિઝ કારી તા'લીમ આપી રહ્યા છે.
- તેમજ ''આલિમ કલાસ''નો પ્રારંભ ઉચ્ચ તા'લીમ યાફતા આલિમે દીન થકી શરૂ કરવામાં આવ્યો છે.
- હાલ મર્યાદિત તલબા જ રાખવામાં આવ્યા છે, જેમને દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજાના નીતિ નિયમોમાં સફેદ લિબાસ, અમામા શરીફ સાથે અન્ય સુન્નતોની પાબંદી, નમાઝની જમાઅતની પાબંદી સાથે ડિસિપ્લીનથી રહેવાની તાકીદ સાથે રાખવામાં આવે છે.
- ઉપરાંત મુબલ્લિગની તર્બિયત પણ દીની તા'લીમ, કિરાઅતની તા'લીમ સાથે કરવામાં આવે છે કે જેથી તે નિખાલસપણે દીન તથા સુન્નિયતની ખિદમત કરી શકે, સુન્નતોનો પ્રચાર કરી શકે.
- ખાવા, પીવા રહેવાની તેમજ દવા વગેરેની ફ્રીમાં સગવડ સાથે દારુલ ઉલૂમ ચાલે છે.

**–લિ. (પ્રમુખ) પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

(દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા, ચાર રસ્તા બસ સ્ટેન્ડ પાસે, મુા.તા. આમોદ, જિ. ભરૂચ, ફોન : ૦૨૬૪૧–૨૪૬૧૯૨ ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# ઈસ્લામિક વેલ્ફેર મિશન

GRWB/057/Bharuch/02

*C/o.* ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦. મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**પ્યારા દીની ભાઈઓ ! ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા** સુન્નીઓની એક અજોડ સંસ્થા છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના નાલૈન પાકના સદકામાં આ સંસ્થા થકી લગભગ **૨૨૭** મદ્રસા–મસ્જિદોનું પગારમાં સહકાર કરીને સંચાલન કરવામાં આવી રહ્યું છે. તેમની વિઝિટ તથા ઈમ્તેહાન લેવામાં આવે છે. ઘણા ગામોને પગાર ચૂકવીને જે બાતિલ ફિર્કાઓ કબ્જો જમાવી બેઠેલા હતા તેમને ગુમરાહિયતથી બચાવવા આપણા મિશન હેઠળ લેવામાં આવ્યા છે. અહલે સુન્નતનો પરચમ ત્યાં લહેરાવી **મસ્લકે આ'લા હઝરત**ની બોલબાલા કરવામાં આવી છે. તો આપની **લિલ્લાહ, ઝકાત, સદકા, ખૈરાત, ફિત્રા, કુર્બાનીની ખાલો, ન્યાઝની** વગેરે રકમોને ઉપરોકત સરનામે M.O., ચેક, ડ્રાફટથી અવશ્ય પહોંચાડી દુનિયા તથા આખેરતની ભલાઈ મેળવો.

## આ મિશનને કઈ રીતે સહકાર કરી શકો છો ?!

- ★ આપની શક્તિ અનુસાર કોઈ એક અથવા બે કે એથી અધિક મદ્રસાના માસિક પગારની જવાબદારી લઈને.
- ★ મસ્જિદ અથવા મદ્રસાના બાંધકામ માટે ગરીબ આબાદીઓમાં જરૂરત હોય ત્યાં મસ્જિદ–મદ્રસા બંધાવી આપીને.
- ★ મદ્રસાઓ માટે કુર્આન શરીફ, કિતાબો, પાટલીઓ તથા મસ્જિદો માટે સફ, ચટાઈ, મુસલ્લા, ટુવાલ વગેરેની સહાય કરીને.
- ★ જરૂરત હોય ત્યાં પાણી માટે બોરીંગ કરવાની જવાબદારી લઈને.વગેરે કામોમાં સહકાર આપવા માટે ઉપરોક્ત સરનામે સંપર્ક કરો.

*–લિ.* **ઈસ્લામિક વેલફેર મિશન-દયાદરા**

કુર્આન, હદીષ તથા
બુઝુર્ગાને દીનથી સાબિત....

# હક્ક઼ તથા નાહક્ક઼ની પેહચાન


સંપાદક : ફખ્રે ગુજરાત હઝરત અલ્લામહ્
**મૌલાના યૂનુસ મિસ્બાહી વાગરાવાળા**



પ્રકાશક

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. ફય્ઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦
ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
Email : anjuman2006@hotmail.com

પ્રકાશન નં. : ૧૮૨ આવૃત્તિ-૫ પ્રત : ૨૦૦૦
૧-રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૨ ફેબ્રુ.-૨૦૧૧

નૂરાની આર્ટ (દયાદરા) મો. ૯૪૨૭૪૬૪૪૧૧

કિંમત : રૂા. ૩૦/-